

સુરત

ઝવેરી મંછુભાઇ તલકચંદ

શ્રી

સંભવનાથ જૈન દહેરાસ-
રના મૂખ્યદ્વારનું એક
દૃશ્ય-

આ દહેરાસરનો અર્ધ-
શતાબ્દી મહોત્સવ
સંવત
૨૦૧૩ જેઠ શુદિ ૨ ના
શુભ દિને ઉજવાયો છે.


સંપાદક:

સોમચંદ ડી. શાહ



વર્ષ ૧૪; અંક ૪; જયેષ્ઠ ૨૦૧૩

વીર સં. ૨૪૮૩ જુન ૧૯૫૭


# કલ્યાણ

શિવમસ્તુ સર્વજગતઃ

5538

# વિષયાનુક્રમ


સત્ય પચાવવું કઠણ છે. શ્રી મોહનલાલ ધામી ૨૨૫
સત્યઘટના શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા ૨૨૯
સાધનામાર્ગની કેડી શ્રી પથિક ૨૩૫
આત્મશ્રદ્ધા પૂ૦ આ૦શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ૦ ૨૪૧
શબ્દોનો ઉપયોગ શ્રી એન. એમ. શાહ ૨૪૪
જૈનદર્શનનો કર્મવાદ શ્રી ખુબચંદ કેશવલાલ શાહ ૨૪૭
ક્રોધની અધમતા શ્રી ભવાનભાઇ પી. સંઘવી ૨૫૨
આવશ્યક વિજ્ઞપ્તિ ઉધ્ધૃત ૨૫૫
જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા શ્રી કિરણ ૨૫૭
રાજદુલારી શ્રી મોહનલાલ ચુ. ધામી ૨૬૫
દ્રવ્યાનુયોગની મહત્તા પૂ૦ પં. શ્રી ધુરંધરવિજયજી મ૦ ૨૭૨
શંકા-સમાધાન પૂ૦ આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિજી મ૦ ૨૭૫
મનન માધુરી શ્રી વિમર્શ ૨૭૭
સમાચાર સંચય સંકલિત ૨૭૯
ધાર્મિક શિક્ષણ પૂ૦ પં. શ્રી ભદ્રંકરવિજયજી મ૦ ૨૮૪
સાભાર સ્વીકાર ૨૮૭
વાર્ષિક લવાજમ વધે છે. ૨૮૮


## આગામી અંકે

યોગબિન્દુ શ્રી વિદ્દુર
મધપૂડો શ્રી મધુકર
જ્ઞાન ગોચરી શ્રી ગવેષક
સર્જન અને સમાલોચના શ્રી અભ્યાસી
અર્થગંભીર સ્તુતિઓ મુનિરાજ શ્રી જિનભદ્રવિજયજી મ૦
સમયના ક્ષીર-નીર શ્રી પ્રવાસી

સ્થળ સંકોચના કારણે આગામી અંકે સ્થાન આપીશું. સં૦



ચાણસ્મા નિવાસી બ્હેન ઇંદિરા સોમચંદ શાહ ઉ. વ. ૭ ચાલુ સાલની ચૈત્ર માસની શાશ્વતી ઓળીની વિધિ સહિત સુંદર રીતે આરાધના કરેલ. આ બાળા પાઠશાળામાં વંદિત્તા સૂત્ર ઉપરાંત અભ્યાસ કરે છે. તેના ધાર્મિક સંસ્કારો સારા છે.

---

## શ્રી વર્ધમાનતપની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને-

## ભેટ મળે છે.

**શ્રી વર્ધમાનતપ માહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક **શેઠ શ્રી જેચંદભાઈ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે. પુસ્તક ભેટ મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે તે જણાવવું જરૂરી છે, સીરનામું પુરેપુરૂં લખશો, પુસ્તક મંગાવવાનું સ્થળ.

**કલ્યાણ પ્રકાશન મંદિર-પાલીતાણા**

---

## લવાજમમાં આઠ આના વધે છે

તા. ૧૫-૬-૫૭થી 'કલ્યાણ' નું વાર્ષિક લવાજમ રૂ. ૫-૮-૦. વિશેષ વિગત માટે જુઓ પેજ ૨૮૮

વર્ષ ૧૪ : અંક ૪ : જુન : ૧૯૫૭

# કલ્યાણ

## સત્ય પચાવવું કઠણ છે.

વૈદ્ય મોહનલાલ ચુ. ધામી

સત્ય કહેવું સરલ નથી, છતાં કોઇ કોઇ શક્તિવંત માણસો સત્ય કહેતાં અચકાતા નથી.

પરંતુ સત્ય પચાવવું, સાંભળવું અને સાંભળીને અક્રોધ રહેવું એ તો ભારે દુષ્કર છે.

સંસારમાં કાળે કાળે ઘણી વસ્તુઓનાં મૂલ્યાંકનો ફરતાં રહે છે, પરંતુ તત્ત્વનાં મૂલ્યાંકન અચળ જ હોય છે. સત્ય એક પરમ તત્ત્વ છે....એના મૂલ્યાંકનમાં કદી પરિવર્તન થયું નથી.

આવા સ્થિર મૂલ્યાંકનવાળા તત્ત્વરૂપી સત્યને જો જગત પચાવી જાણે તો અનેક ઉલ્કાપાતો શમી જાય. બધી પૂજા સહેલી છે, પણ સત્યની પૂજા ભારે આકરી છે.

સત્ત્વશીલ આત્માઓ સિવાય સત્યને કોઇ પચાવી શકતું નથી.

સત્યને પચાવવાની નબળાઇ માનવજાતમાં આજે છે એમ નથી, જ્યારથી સત્યરૂપ તત્ત્વ જ્ઞાનિઓએ જોયું છે, ત્યારથી માનવજાતમાં એ નબળાઇ પણ ચાલતી આવી છે.

આમાં એમ બને કે જ્યારે જનતા ધર્માશ્રિત હોય ત્યારે સત્યને પચાવનારા આત્માઓ પણ વધારે હોય અને જ્યારે જનતા અધર્માશ્રિત હોય ત્યારે સત્યને પચાવનારા આત્માઓ ઘણા ઓછા દેખાય.

આજે જનતા અધર્માશ્રિત બની રહી છે એટલે સત્યની માત્ર મૌખિક પૂજા થતી હોય છે અથવા સત્યના નામે અસત્યને જ પચાવવાનું હોય છે.

કદાચ કોઇ હિંમતવાન માણસ સત્ય વાત કહે તો તેને સાંભળનારાઓ કે પચાવનારાઓ મળતા નથી; બલ્કે સત્યવક્તા પર ભય ઉભો થતો રહે છે.

ઈતિહાસમાં આ અંગેનું એક સુંદર દૃષ્ટાંત છે. દિલ્હીના તખતપર ઔરંગઝેબ નામનો શહેનશાહ બેઠો હતો. એ શહેનશાહના રાજદરબારમાં ભૂષણ નામના એક મહાકવિ પણ હતા, બીજા કવિઓ પણ હતા.

રાજસભામાં કવિઓ અનેક પ્રકારની પ્રશંસાભર્યાં કાવ્યો ગાતા હતા. એ કાવ્યોમાં ઔરંગઝેબની રિયાસતનાં વખાણ થતાં, એનાં બળ અને બુદ્ધિનાં પણ ગુણગાન થતાં.

એક દિવસ ઔરંગઝેબે રાજસભાના કવિઓ સમક્ષ હસતા હસતા કહ્યું: "આપનાં કાવ્યો ઘણા સુંદર હોય છે, મનને આનંદ આપનારાં પણ હોય છે, પરંતુ હું તો સત્ય સાંભળવા ઇચ્છું છું."

કવિઓ એકબીજાના ચહેરા સામે જોઇ રહ્યા.—

ઔરંગઝેબે ફરીવાર કહ્યું: "શું સત્ય કહેનાર કોઇ કવિ છે જ નહિં?"

ઔરંગઝેબનો તાપ તો ઘણો જ હતો; એટલે કોણ જવાબ દેવાનું સાહસ કરે?

થોડી પળો મૌનમાં ચાલી ગઇ. ઔરંગઝેબે ફરીવાર પ્રશ્નસૂચક નજરે બધા સામે જોયું.

મહાકવિ ભૂષણ તો બળવાળા હતા. તે ઉભા થઇ ગયા અને બોલ્યા: "શાહેઆલમ, સત્ય કહેનાર તો મળશે પણ એને પચાવવું ભારે કઠણ છે."

"મને શું એટલો નબળો ધાર્યો છે? હું સત્ય સાંભળવા તૈયાર છું." ઔરંગઝેબે મિજાજથી કહ્યું.

"તો હું સંભળાવવા તૈયાર છું." મહાકવિ ભૂષણ બોલ્યા.

"સંભળાવો."

"જહાંપનાહ, એ માટે એક મહિનાનો સમય માગું છું." મહાકવિએ કહ્યું.

"ભલે...." ઔરંગઝેબે મુદ્દત આપી.

મહાકવિ ભૂષણે બીજેજ દિવસે પોતાના પરિવારને અન્ય હિંદુ રાજ્યમાં માલ મિલકત સાથે મોકલી આપ્યો, અને પોતે પણ છટકવાની તૈયારી કરી રાખી.

એક મહિનો પુરો થયો. ઔરંગઝેબે કહ્યું: "મહાકવિ, આજ મહિનો પુરો થઇ ગયો છે."

"હા જહાંપનાહ, હું ભૂલ્યો નથી....સંભળાવવા માટે તૈયાર જ છું." મહાકવિ ભૂષણે કહ્યું.

"સંભળાવો...."

તરત મહાકવિ ભૂષણે ઉભા થઈ લલકાર કર્યો:—

કિબલેકી ઠૌર બાપ બાદશાહ શાહજહાં. તાકો કૈદ કિયો માનો મકકે આગ લાઇ હૈ,
બડેભાઇ દારા વાકો પકરી કૈ કૈદ કિયો, રંચક રહમ આપ ઉરમેં ન આઇ હૈ;
ખાઈકે કસમ તેં મુરાદકો મનાઈ લિયો, ફેર ઉન સાથ અતિ કીન્હી તેં ઠગાઈ હૈ,
ભૂષણ ભનંત સાચ સુન હો ઔરંગઝેબ, એસેહી અનીતિ કરી પાતશાહી પાઇ હૈ.
તસવીલે હાથ ઉઠિ પ્રાત કરે બંદગીસો, મન કે કપટ સબેં સંભારત જપ કે,
આગરેમેં લાય દારા ચૌકમેં ચુનાય લીનો, છત્રહી છિનાઈ લીનો બુઢે માર બપકે;
સૂજા બિચલાય કૈદ કરિકે મુરાદ મારે, એસેહી અનેક હને ગોત્ર નિજ ચપકે,

ભુખન ભનંત અબ શાહ ભયે સાચે જૈસે, સૌ સૌ ચૂહા ખાઇકે બિલાઇ બૈઠે તપકે.

કાવ્યની આ બે કડી સાંભળતાં જ ઔરંગઝેબનો મિજાજ સાતમા આસમાને ચડી ગયો. તે તરત રોષભર્યા સ્વરે બોલી ઉઠયો, "ભૂષણ....બસ કર.... કોણ છે હાજર.... આ ગુણચોર કવિનું મસ્તક ધડથી જુદું કરી નાખો."

ભૂષણે તો આ કલ્પના કરી જ હતી. તે તરત રાજસભા બહાર નીકળી ગયો અને ત્યાં તૈયાર રાખેલી ઘોડીપર બેસીને રવાના થઈ ગયો.

સત્ય કહેવું કઠણ છે, છતાં હિંમતવાન માણસો કહી નાખે છે. પરંતુ સત્ય સાંભળવું અતિ કઠણ છે અને એને હૃદયમાં ઉતારવું તો એથીયે દુષ્કર છે.

ઔરંગઝેબના સમયમાં પણ આ સ્થિતિ હતી....તો આજ તો આપણા દેશની સ્થિતિ ઘણીજ વિચિત્ર છે. સત્ય સાંભળીને પચાવી શકનારા માણસો ભાગ્યે જ દેખાય છે!

જ્યારે સત્ય પચાવવાનું જનતામાં બળ આવશે, ત્યારે જ સ્વરાજ એક ભવ્ય સુરાજ્યમાં પલટી શકાશે. સત્ય પચાવનારી આપણી હોજરી નિર્મળ બનશે ત્યારે જ આપણા કલહો અળગા થશે અને આપણો પ્રાણ જે દિવસે સત્યનો આગ્રહી બનશે તે દિવસે વાદ, પક્ષ કે વિતંડાની કોઈ ભૂતાવળો રહેશે નહિં.

સત્ય પચાવવું કઠણ છે. અને એ વગર સુખ મળવું પણ દુર્લભ છે.

---


દરેક લાઇબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવું સસ્તુ અને સાંસ્કારિક સાહિત્ય.

## રૂ. પાંચમાં ૮૦૦ પાનાનું વાંચન

આપના બાળક-બાળિકાઓના હાથમાં 'કલ્યાણ' માસિકની ફાઇલો ફરતી કરવાથી હોંસથી પોતાના સમયનો સદુપયોગ કરશે.

દરેક ફાઈલમાં સિધ્ધહસ્ત લેખકોની કલમથી લખાએલી અનેક ધાર્મિક કથા-વાર્તાઓ, શંકા સમાધાન, જ્ઞાનગોચરી, મધપૂડો, સમયનાં ક્ષીર-નીર વગેરે વિભાગોદ્વારા અવનવું રસપ્રદ સાહિત્ય પીરસવામાં આવ્યું છે, હાથમાં લીધા પછી નીચે મૂકવાનું મન નહિ થાય.

'કલ્યાણ' ને આજે શરૂ થયાને ચૌદ વર્ષ થયાં છે. તેમાં પહેલા ત્રણ વર્ષની ફાઇલો સીલીકમાં નથી, બાકીની જુજ'નકલો છે. દરેક બાઇન્ડીંગ કરેલી ફાઈલના રૂ. પાંચ. ખર્ચ અલગ.

આ જા+ખ વાંચી તુરત જ ફાઇલો મંગાવી લેવાની ભલામણ છે, પાછળથી અધિક કિંમતે પણ ફાઇલો મળવી મુશ્કેલ બનશે.

**કલ્યાણ પ્રકાશન મંદિર-પાલીતાણા.** (સૌરાષ્ટ્ર)

# આપણી આસપાસ બનેલી અદ્‌ભુત છતાં સત્ય ઘટના

## પોપટના ભવમાં યાત્રા કરી, જેના પ્રભાવે માનવભવ પ્રાપ્ત થયો:

**તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિજીની યાત્રાનો પ્રભાવ કેટ-કેટલો મહિમાવંતો છે, તેનું પ્રત્યક્ષ પ્રમાણ એ છે કે, પૂર્વભવમાં પોપટરૂપ એક આત્માએ સિદ્ધગિરિજીની યાત્રાથી માનવભવને પ્રાપ્ત કરેલ છે. આજે તે માનવવ્યક્તિ વિદ્યમાન છે. બાલ્યકાળમાં તે વ્યક્તિને જાતિસ્મરણ જ્ઞાનના પ્રભાવે પોતાના પૂર્વભવનું સ્મરણ થયું હતું. જાતિસ્મરણજ્ઞાન એ ધારણા નામના મતિજ્ઞાનનો એક પ્રકાર છે, તેમાં એમ પણ બને કે, 'અમુક કાલે ભૂતકાળની ઘટના યાદ આવે, બાદ ભૂલાઇ જાય, તેમ એ પણ બને કે, અમુક વર્ષો પહેલાની વાત યાદ આવે, અમુક ભવો પહેલાની વાત યાદ આવે અને પછીના વર્ષોની કે ભવની વાત સ્મૃતિમાં ન પણ રહે ! ક્ષયોપશમની વિચિત્રતા આમાં કારણરૂપ છે.'**

**જેઓ આજે ન્હાના બાળકો શું જાણે ? આમ કહીને બાલ્યકાળમાં પૂર્વભવના સંસ્કારોના કારણે જે આત્માઓ ધર્મારાધના કરવા ઉજમાળ બને છે, તેઓની આરાધનાની હાંસી કરી રહ્યા છે, તેવાઓને આ હકીકત બોધપાઠ આપી જાય છે. પ્રસ્તુત ઘટના 'પ્રબુદ્ધ જીવન' માં તેના તંત્રી શ્રી પરમાનંદ કાપડીયાએ પ્રસિદ્ધ કરી છે, તે તેઓની નોંધસાથે સાભાર અહિં રજૂ થાય છે. આત્મા, પુનર્જન્મ તથા કર્મનાં તત્ત્વજ્ઞાનને જેઓ માનવા તૈયાર નથી કે સમજવા ઈચ્છતા નથી, તેઓને આમાંથી ઘણું ઘણું જાણવાનું મળે છે, તેઓ સરળતાથી આ હકીકતને વિચારે ! આત્મા તથા પુનર્જન્મના જ્ઞાનને માનનાર કે ન માનનાર સર્વકોઈ આ વાંચે તથા વિચારે !**

*

### પ્રાસ્તાવિક

નીચે પૂર્વ જીવનના સ્મરણને રજુ કરતી એક વિરલ છતાં રોચક ઘટના આપવામાં આવી છે. આ ઘટનાની વિગતો મારી પાસે લગભગ ૪૦ વર્ષથી પડેલી હતી. આજે રત્નાગિરિમાં આપ્પાસાહેબ પટવર્ધનના નામથી એક વિશિષ્ટ કોટિના રચનાત્મક કાર્યકર તરીકે જેઓ સુપ્રસિદ્ધ છે, તે ભાઈ સીતારામ પટવર્ધન અને હું એલ્ફીન્સ્ટન કોલેજમાં સાથે ભણતા હતા.અમારા બન્નેનો અભ્યાસ પૂરો થયા બાદ ૧૯૧૭ ની આસપાસમાં કે ૧૯૧૮ ની શરૂઆતમાં તેઓ ભાવનગર મારે ત્યાં આવેલા અને થોડા દિવસ મારી સાથે રહેલા. એ અમારા સહવાસ દરમિયાન બીજા અનેક પ્રશ્નો સાથે પુનર્ભવના સિદ્ધાન્તની પણ ચર્ચા નીકળેલી અને તેના અનુસંધાનમાં નીચે આપેલી ઘટનાની કેટલીક વિગતો મને ધ્યાનમાં હતી તે મેં તેમને જણાવેલી. આ સંબંધમાં પ્રમાણભૂત માહીતી મેળવવાના હેતુથી નીચેની ઘટનામાં જેમનો ઉલ્લેખ છે તે ભાઇ સિદ્ધરાજના વડિલ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાને તેમણે પત્ર લખ્યો. શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા મૂળ જયપુરનિવાસી. એ દિવસોમાં પણ જયપુરમાં જ વાસ કરતા હતા. તેઓ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના પિતા સમાન લેખાતા હતા. આગ્રા યુનીવર્સીટીના તેઓ પ્રથમ ગ્રેજ્યુએટ હતા અને ત્યાર બાદ એમ. એ. ની પરીક્ષા પણ તેમણે પહેલા નંબરે પસાર કરી હતી. તેમનું હજુ ચાર પાંચ વર્ષ પહેલાં જ લગભગ ૮૦ વર્ષની ઉમ્મરે અવસાન થયું છે. તેમણે તા. ૨૭-૩-૧૯૧૯ ના રોજ ભાઇ પટવર્ધન ઉપર લખી મોકલેલી વિગતોની એક નકલ મારી પાસે વર્ષોથી પડી હતી. તેમના એ લખાણને ભાઇ સિદ્ધરાજની અનુમતીપૂર્વક કોઇ કોઈ સ્થળે ટુંકાવીને નીચે આપવામાં આવેલ છે. એ ઘટનામાં જે ભાઇ સિદ્ધરાજ ઢઢ્ઢાનો ઉલ્લેખ છે તેઓ એમ. એ. એલ. એલ બી. છે. તેઓ કેટલાંક વર્ષો સુધી કોંગ્રેસના જુના જાણીતા કાર્યકર હતા; આઝાદી બાદના રાજસ્થાનના નવા પ્રથમ પ્રધાનમંડળમાં તેઓ એક પ્રધાન હતા. આજે સર્વોદય સેવા સંઘના તેઓ એક મંત્રી છે અને ભૂદાન પ્રવૃત્તિના એક પ્રમુખ સંચાલક છે. અહિં એ જણાવવું જરૂરી છે કે તેમના જે પૂર્વજન્મના સ્મરણની વિગતો નીચે આપવામાં આવી છે તેનું સ્મરણ બાળવયના એ ત્રણ કે ચાર વર્ષ સુધી એટલે કે શત્રુંજયની યાત્રા કરી આવ્યા બાદ બહુ થોડા સમય સુધી જીવન્ત રહેલું. ત્યાર બાદ તે લુપ્ત થયું તે આજે પણ તદ્દન લુપ્ત

જ છે. 'મારા માટે વડિલો આમ કહેતા હતા' એથી વિશેષ કોઇ સ્મરણ આજે તેમના ચિત્ત ઉપર અંકિત નથી.

પ્રસ્તુત લેખમાં 'જાતિસ્મરણજ્ઞાન' એવો શબ્દ આવે છે. તે જૈન પરિભાષાનો શબ્દ છે. તે શબ્દથી પૂર્વભવનું સ્મરણ સૂચિત છે.

મૂળ લખાણ અંગ્રેજીમાં હતું તેનો શ્રી મેનાબહેન નરોત્તમદાસે અનુવાદ કરી આપ્યો છે. જે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

### પ્રસ્તુત પત્ર

જયપુર સીટી, તા. ૨૭-૩-૧૯૧૮

**પ્રિય મિત્ર પટવર્ધન,**

મારા ભાઇના પૌત્રના પૂર્વભવના સ્મરણ વિષે ઘણે ઠેકાણેથી ઠીકઠીક પૂછપરછ થાય છે, પણ હું હંમેશા જવાબ આપવાથી દૂર રહ્યો છું. પરંતુ તમે દૈવી ચમત્કાર વિષયક અભ્યાસાર્થે આ વિષે જાણવા માગો છો એટલે જે વાસ્તવિક હકીકત છે તે હું તમને જણાવું છું.

પોતાના પૌત્રને ઘેર એક બાળક આવે, અને તેનું મોઢું જોયા પછી પોતે મરે એવી મારા માતાજીના અંતરમાં ઊંડી ઇચ્છા રહ્યા કરતી. તે આશા ફળીભૂત થવાની છે એવી જ્યારે તેમને ખબર પડી ત્યારે તેઓ ખૂબ આનંદમાં આવી ગયા. એક વખતે પર્યુષણના દિવસ હતા અને રાત્રે કુટુંબના નાનાં મોટાં સૌ એકત્ર થઇને બેઠાં હતાં, ત્યારે માતાજીએ બધાને પૂછ્યું કે "જો આ વખતે... વહુને પુત્ર જન્મે તો આપણે તેનું શું નામ પાડશું?" મારી એક દસ વર્ષની પુત્રી હસતાં હસતાં બોલી ઉઠી કે "આપણે હમણાં જ શ્રી સિદ્ધાચલજીની યાત્રા કરી આવ્યા છીએ, માટે જો પુત્ર જન્મશે તો આપણે તેનું નામ સિદ્ધાચળ તીર્થને અનુસરતું પડશું." સૌએ એ વાત સ્વીકારી લીધી. લગભગ સને ૧૯૦૮ ની સાલની આ વાત છે.

અમારા કુટુંબમાં સામાન્ય રીતે પુરૂષવર્ગના નામની પાછળ "ચંદ્ર" શબ્દ લગાડાય છે. મારા માતાજીનું નામ "રાજકુંવર" હતું. "ચંદ" શબ્દને બદલે મારા માતાજીના નામ ઉપરથી નામને અંતે "રાજકુમાર" શબ્દ મૂકવાની મેં સૂચના મૂકી. મારી માતાએ તે સ્વીકારી, અને આ પ્રમાણે તે બાળકના જન્મ પહેલાં જ તેનું નામ "સિદ્ધરાજ કુમાર" નિશ્ચિત થઇ ચૂક્યું.

આ બાળકનો જન્મ ઇ. સ. ૧૯૦૯ ના માર્ચ મહીનામાં થયો. બાળક દશેક દિવસનું હશે ત્યારે મેં તેને રમાડવા ખોળામાં લીધું, પણ થોડીવારમાં તે એકદમ રડવા લાગ્યું. મેં ઘણા પ્રયત્નો કર્યા અને પછી તો એકએક વ્યક્તિએ પણ પુષ્કળ પ્રયત્ન કર્યા, છતાં બાળક કોઇ રીતે રડતું છાનું રહ્યું નહિ. અમે બધા હવે શું કરવું તેની ફિકરમાં પડયાં. મારી માતાને થયું કે કંઇક ગાઉં અને તે કદાચ છાનું રહે તો પ્રયત્ન કરી જોઉં. તેને હાલરડાં ગીત આવડતા નહોતાં. તેથી **"सिद्धाचल गिरि क्यों न भये हम मोर..."** એ સિદ્ધાચળનું સ્તવન એમણે ગાવાનું શરૂ કર્યું અને બધાની અજાયબી વચ્ચે બાળક તરત શાંત થઇને ધ્યાનથી સ્તવન સાંભળવા લાગ્યું. સ્તવન ગાવાની આ અસર જોઇને અમને ઘણી નવાઇ લાગી. ત્યારથી જ્યારે પણ તે બચ્ચું રડે કે અમે તે સ્તવન ગાતાં અને તે ચૂપ થઇ જતું.

૧૯૧૧ માં તે બે વર્ષનો થયો ત્યારે અમે મુંબઇનું પરું દાદરમાં રહેતા હતા. ત્યાં મારા ભાઇની સાથે તે પણ દરરોજ પૂજા કરવા જતો. મારા ભાઇ સામાયિક કરે ત્યારે તે પણ સામાયિક કરવા બેસતો. સામાયિકની વિધિ, ચૈત્યવંદન, અને નવઅંગ પૂજાના દુહા તે સમયે તે શીખી ગયો હતો.

થોડા વખત પછી અમે ક્વીન્સ રોડ રહેવા ગયા. ત્યાં નજીકમાં કોઇ દેરાસર નહોતું. ચોપાટી ઉપર એક ઘરદેરાસર હતું. ત્યાં દર્શન કર્યા વિના તે દાતણ કરતો નહોતો. એક વખતે ઘરમાંથી બધાં તેને સાથે લઇને વાલકેશ્વરના અમીચંદબાબુના દહેરે દર્શન કરવા ગયાં. ત્યાં મૂળનાયકજીને જોઇ તે બોલી ઉઠયો "આદીશ્વર ભગવાનની મૂર્તિ આના કરતાં મોટી છે." તેની કાકીએ પૂછ્યું "કયા આદીશ્વર ભગવાન?" "સિદ્ધાચળજીના આદીશ્વર ભગવાન." તેણે કહ્યું. કાકીએ આશ્ચર્ય પામીને પૂછ્યું, "તેં કયાં સિદ્ધાચળજીના આદીશ્વર

ભગવાનને જોયા છે?" બાળક કહે "હા, મેં જોયા છે અને પૂજા પણ કરી છે." કાકી કહે તું જૂઠું કેમ બોલે છે? તારા જન્મ પછી આપણે સિદ્ધાચળજી ગયા છીએ જ કયાં કે તું પૂજા કરે?" "મેં આદીશ્વર ભગવાનને પૂજ્યા છે અને અદ્‌ભુતનાથને પણ પૂજ્યા છે." એમ બાળકે કહ્યું. "કયારે પૂજ્યા છે?" એવા પ્રશ્નના ઉત્તરમાં તેણે કહ્યું, "મારા પૂર્વભવમાં." કાકીએ પૂછયું "પૂર્વભવમાં તું કોણ હતો?" બાળક બોલ્યો "હું પોપટ હતો." તેની કાકીએ આગળ વધારે પ્રશ્નો પૂછયા નહિં. તેને લાગ્યું કે-સંભવ છે કે-હવે વધારે પ્રશ્નોના જવાબમાં તે ગમે તેમ જૂઠું સાચું બોલે; અને તેઓ ઘેર આવ્યા.

સાંજે જ્યારે પુરૂષો ઘેર આવ્યા ત્યારે સવારના બનેલી બધી વાત અમારી આગળ કરવામાં આવી. અમે જ્યારે તેને પૂછયું ત્યારે ફરીને તેણે એના એ જ જવાબો આપ્યા. આ સમયે તેની ઉમર ત્રણ વર્ષની હતી અને ત્યારથી પોતાને સિદ્ધાચળજી લઇ જવા તે હંમેશા આગ્રહ કરવા લાગ્યો. નવ મહિના પછી મારી તબીયતના કારણે અમારૂં વઢવાણ કેમ્પ જવાનું થયું. ટ્રેઈનમાં પાલઘર આગળની ટેકરીઓ બતાવી સિદ્ધરાજને મેં કહ્યું "જો, આ સિદ્ધાચળજી છે." ત્યારે તે તરત જ બોલ્યો "ના, આ સિદ્ધાચળજી નથી.' વઢવાણ કેંપમાં લીંબડી ઉતારામાં અમે બે મહિના રહ્યા. ત્યાંથી તે દરરોજ દર્શન કરવા જતો. કોઈ પણ બાળક કરતાં જુદી જ રીતે દર્શન અને સ્તુતિ કરતો જોઇ લોકો તેના તરફ આકર્ષાતા. વ્યાખ્યાનમાં પણ દોઢ કલાક સુધી એક સરખો મુનિ મહારાજને સાંભળતો. લોકો તેને તે કોણ છે અને કયાં જવાનો છે એમ પૂછતા ત્યારે તે કહેતો 'હું સિદ્ધાચળજી જવાનો છું." કોઈ વધારે પૂછપરછ કરતું તો પોતાના પૂર્વભવની વાત પણ કરતો. આમ વાત ચારે બાજુ ફેલાવા લાગી, દૂર દૂરથી સ્ત્રીઓ અને પુરૂષો તેને જોવા આવવા લાગ્યા. કંઇ નહિં તો લગભગ દશેક હજાર માણસ તેને જોવા આવ્યું હશે. વહેલી સવારથી તે રાતના નવ વાગ્યા સુધી લોકો આવતા અને જાતજાતના પ્રશ્નો તેને પૂછતા. છોકરો આ બધા ત્રાસથી પરેશાન થઇ ગયો અને ત્રણ ચાર દિવસ તેને તાવ પણ આવી ગયો. કેટલીયે સ્ત્રીઓ પચીસ ત્રીસ માઇલ દૂરથી ઉપવાસ કરી પગે ચાલીને તેને જોવા આવતી, અને આવીને એકદમ તેના પગમાં પડતી. આ બધું મને ગમતું નહિં, પણ હું લાચાર હતો. તેઓ મને સાંભળતા નહિં. તેઓ પોતાના પૂર્વભવ કે ભાવિ જન્મ અંગે બાળકને પ્રશ્નો પૂછવા લાગી જતાં. અલબત્ત, બાળક આ બાબતમાં કશો જ જવાબ આપી શકતો નહિં.

એક વખતે સ્થાનકવાસી સંપ્રદાયના પાંચેક સાધ્વીજી આવ્યાં. તેમણે બાળકને પોતે પૂર્વભવમાં શું કર્યું હતું તે પૂછયું. બાળકે કહ્યું "મેં કેસર અને ફુલથી આદીશ્વર ભગવાનની પૂજા કરી હતી." "એ પ્રમાણે ફુલ તોડવા અને ભગવાનને ચઢાવવા તેમાં પાપ નથી?" તેઓએ પૂછયું. "આવો પ્રશ્ન પૂછવો તે ખોટું છે. તમે જુઓ છો ને કે પૂજા કરવાથી તો હું પક્ષીમાંથી મનુષ્યભવમાં આવ્યો છું?" સાધ્વીજી આ સાંભળીને પ્રસન્ન થયા.

મોરબીના એક મેજીસ્ટ્રેટ, જેઓ મોરબી રેલ્વેના અધિકારપદે હતા તેમણે તેને મુંઝવી નાંખનાર પ્રશ્નો પૂછીને આકરી કસોટી કરી. પરંતુ પાલીતાણા બીલકુલ નજરે જોવા ન છતાં, તેણે પક્ષીજીવનમાં શું શું કર્યું હતું તેના એવા સચોટ જવાબ આપ્યા કે, કોઇને પણ ખાત્રી થાય કે પૂર્વભવના સ્મરણ વિના આ બધું કહેવું અશકય છે. તેમની વચ્ચે નીચે મુજબ પ્રશ્નોત્તરી થઈ:—

મેજીસ્ટ્રેટ : "પૂર્વભવમાં તું કોણ હતો?"
બાળક : "હું પોપટ હતો?"
મેજી૰ : "તે પહેલાંના ભવમાં તું કોણ હતો?"
બાળક : "તેની મને ખબર નથી."
મેજી૰ : "પોપટના ભવમાં તું કયાં રહેતો હતો?"
બાળક : "સિદ્ધવડ ઉપર."
મેજી૰ : "સિદ્ધવડ કયાં છે?"
બાળક : "સિદ્ધાચળજીની બીજી બાજુએ."
મેજી૰ : "સિદ્ધાચળજી ઉપર શું છે?"
બાળક : "ઘણા દેરાસરો, આદીશ્વર ભગવાન અને અદ્‌ભુતનાથ."
મેજી૰ : "પહાડ ફરતી કંઈ દિવાલ છે? અને

છે તો તેને કેટલા દરવાજા છે ?"

બાળક: "હા, દેરાસરોની ફરતી ચારે બાજુ દિવાલ છે અને ત્રણ દરવાજા છે."

મેજ૦: "તું કયા દરવાજેથી અંદર ગયો હતો ?"

બાળક: "પાછળના દરવાજેથી."

આ પ્રમાણે અનેક વ્યક્તિઓ તરફથી તેને વિવિધ પ્રશ્નો પૂછવામાં આવતા અને તે તેના બરાબર જવાબ આપતો.

૧૯૧૨ ના જાન્યુઆરીમાં અમે વઢવાણથી પાલીતાણા ગયા. સોંહોર સ્ટેશનેથી ગાડી આગળ જતાં થોડા સમય બાદ સિદ્ધાચળનો પહાડ તેની નજરે પડયો અને તે એકદમ ખુશીમાં આવી જઇને બોલી ઉઠયો. "જુઓ, આ પહાડ ઉપર આદીશ્વર ભગવાન છે."

અમે બપોરના વખતે પાલીતાણા પહોંચ્યા, પણ તે છોકરો તો તે ને તે વખતે પહાડ ઉપર જવાની ઉતાવળ કરી રહ્યો હતો. છેવટે અમે સાંજે તલાટીએ દર્શન કરવા ગયાં. તેણે ત્યાં પ્રાર્થના કરી અને પછી પગલાં આગળ એક નાકાથી બીજા નાકા સુધી જમીન ઉપર આમથી તેમ પંદરેક વખત ખૂબ આળોટયો. જાણે કે તે બધી જમીનને વહાલથી ભેટતો ન હોય તેમ. તેને તે વખતે તે ઉપર ચઢવા માગતો હતો પણ અમે સમજાવીને રોકયો. ઉપર જવાની તેને એટલી અધીરાઇ હતી કે ચાર વાગ્યામાં તે અમારી સાથે જ ઉઠયો અને અમે તલાટી પહોંચ્યા. મેં તેને અમારી સાથે ડોળીમાં બેસવા કહ્યું, પણ તેણે ના પાડી પુછયું: કાકાજી ! અહિંથી ઉપરનો રસ્તો કેટલા માઈલનો હશે ?" મેં કહ્યું "આશરે ત્રણેક માઇલ." તે કહે "ત્રણ માઈલ નહીં, ત્રણ દાદરા છે. હું પગે ચાલીને ચઢી જઈશ અને તમારે પણ પગે ચાલવું જોઇએ." આમ કહીને મારા ભાઇની આંગળી પકડીને તેણે ઉત્સાહભેર તેણે ચઢવા માંડયું. બાળકને તેડી લઈ જનાર મજુરો મારા ભાઇને હેરાન કરવા લાગ્યા અને કહેવા લાગ્યા, "શેઠ ! આવો લોભ શું કરો છો ? આટલાં નાના બચ્ચાને પગે ચઢાવો છો !" જ્યારે મહેણાંની હદ આવી ગઈ ત્યારે મારા ભાઇએ કહ્યું "તમારામાંથી જેની પાસે આ છોકરો આવે તે તેને તેડીને ઉપર જાય તેને હું તે માગશે તેટલા પૈસા આપીશ." કેટલાકોએ સિદ્ધરાજ પાસે જવાની હિંમત કરી. તરતજ તેણે તેમને દૂર કાઢયા, અને અને પોતાને રોકવા માટે ખીજાવા લાગ્યો. ઉપર પહોંચવા માટે જાણે તે ગાંડો થયો હોય તેમ ઉંચી નીચી જમીન જોયા વિના, ચાલતો નહિ પણ દોડતો હોય તેવી રીતે કયાંયે એક બે મીનીટ પણ થાક ખાવાને માટે ખોટી થયા વિના તે સીધો ઉપર પહોંચી ગયો.

ઉપર અમે પહેલાં પાંચ ચૈત્યવંદન અને પ્રદક્ષિણા કર્યાં. મુખ્ય મંદિરમાં પેસતાં જ એકદમ બોલી ઉઠયો "આ જ આદીશ્વર ભગવાન છે." પછી તે મૂર્તિની સામે એક ધ્યાનથી દર્શન કરતો એક સરખી નજર ઠેરવીને અર્ધો કલાક સુધી ઊભો રહ્યો. તેની આસપાસ કોણ આવે જાય છે તેનું તેને ભાન નહોતું, કે નહોતું ભાન દેરાસરની ગીડદી કે ગડબડ ઘોંઘાટનું. બીજા સાધુઓ અને શ્રાવકો તેને આ રીતે દર્શન કરતો જોઇને અજાયબ થતા હતા. તે પછી મેં તેને પુછયું "કેમ ! હવે તને સંતોષ થયો ?" તેણે કહ્યું "હા, પણ હવે પૂજા કરીએ." બહાર નીકળતાં તેણે કહ્યું કે "મેં આદીશ્વર ભગવાન, નવા આદીશ્વર, અને રાયણપગલાંની પૂજા કરી હતી. સીમંધરસ્વામી તથા પુંડરીકજીના દહેરામાં હું ગયો નહોતો. જરા આગળ ચાલતાં એક પૂજારીને જોઇને તેણે કહ્યું "આ પૂજારીએ મુખ્ય મંદિરમાં મરૂદેવી માતાના બે આરસના હાથી છે જેની ઉપર મરૂદેવા માતા આરૂઢ થયેલા છે તેમાંથી નાના હાથી ઉપર વાટકી મૂકેલી હતી તેમાંથી મારા બે પંજાવડે વાટેલું કેશર લઈને મેં ભગવાનની પૂજા કરી હતી. "મેં લગભગ દશેક વખત પાલીતાણાની યાત્રા કરી હશે, પણ મરૂદેવી માતા જેની ઉપર આરૂઢ થયેલા છે તે આ નાનો હાથી કોઇ દિવસ મારા લક્ષમાં આવ્યોજ નહોતો.

બધી પહેલી પૂજાઓ અમે સૌથી વધારે (ઉછામણી) બોલીને કરી. તેથી સિદ્ધરાજ ખૂબ ખુશ થયો. ખાસ કરીને જે ફુલો તથા હારો ભગવાનને ચઢાવવા માટે તેને આપ્યા હતા તેથી, સાડા બાર વાગે આ બધી વિધિમાંથી પરવર્યા. અમે નીચે ઉતરવાની તૈયારીમાં હતા ત્યારે સિદ્ધરાજને ચકાસી જોવા માટે ત્યાં થોડા

નારતો કરી લેવા કહ્યું, જો કે મારી પાસે કાંઈ નારતો હતો નહિં, તેમજ પહાડ ઉપર કોઇ ખાતું પણ ન હતું. તેણે આશ્ચર્યથી મારી સામે જોયું અને પુછ્યું "શું તમને ભૂખ લાગી છે?" મેં હા પાડી ત્યારે તે બોલ્યો "કાકાજી! આદીશ્વર દાદાની પૂજા કરવા મળી તો યે હજી તમે ભૂખ્યા છો? મને તો બીજી-વાર દાદાની પૂજા કરવા મળી તેથીજ મારૂં પેટ ભરાઈ ગયું છે." આટલું બધું ચાલવાનું તેમાં પાછો ભૂખ્યો એટલે તે કદાચ માંદો પડી જશે એમ ધારીને ઉતરતી વખતે મારી ડોળીમાં બેસી જવા માટે મેં તેને કહ્યું, પણ તેણે ના જ પાડી. અને વધારે દબાણ કરતાં તે રડી પડયો અને અંતે પગે જ નીચે ઉતર્યો. એકત્રીસ દિવસ સુધી આમ એક સરખી તેણે પગે યાત્રા કરી.

વઢવાણની જેમ અહિં પાલીતાણામાં પણ ઘણા ગૃહસ્થો આવતા અને અનેકવિધ પ્રશ્નો પૂછતાં. આમાં શેઠ ગિરધરભાઇ આણુંદજી કાપડિયા અને અમરચંદ ઘેલાભાઈ મુખ્ય હતા. મુનિ કર્પુરવિજયજી મહારાજે તેને પ્રશ્નો પૂછ્યા પછી એવા નિર્ણય ઉપર આવ્યા કે-બાળક દશ દિવસનું હતું ત્યારે માજીએ જે સિદ્ધા-ચળનું સ્તવન સંભળાવ્યું, તેનાથી તેને જાતિસ્મરણનું જ્ઞાન થયું હતું. પણ તે વખતે તે ભાષા દ્વારા દર્શાવી શકે તેમ નહોતું. પણ મુંબઈમાં આદીશ્વર દાદાને મળતી જ મૂર્તિ વાલકેશ્વરના દેરાસરમાં જોઇ ત્યારે તેને તે સ્મૃતિ ફરી તાજી થઈ આવી, જે તે વખતે તેણે સ્પષ્ટપણે વ્યક્ત કરી.

મુનિ મોહનવિજયજીએ પણ બહુ જીણવટથી તેની પરીક્ષા કરી. એમણે નીચે પ્રમાણેના પ્રશ્નો પૂછ્યા:–

મુનિ : "તું પૂર્વભવમાં કોણ હતો?"

બાળક: "પોપટ"

મુનિ : "તેની પૂર્વભવમાં તું કોણ હતો.?"

બાળક: "તેની મને ખબર નથી."

મુનિ : "પોપટના ભવમાં બીજું કોઈ તારી સાથે હતું?"

બાળક: "હા, એક ભાઈ હતો."

મુનિ : "તે તારો ભાઇ કયાં છે?

બાળક: "તે મને ખબર નથી."

મુનિ : "તેં કેવી રીતે અને કોની પૂજા કરી હતી?"

બાળક: "મેં આદીશ્વરદાદાની કેશર અને ફુલથી પૂજા કરી હતી."

મુનિ : "આ બંને વસ્તુઓ તેં કેવી રીતે મેળવી હતી?"

બાળક: "મરૂદેવી માતાના નાના હાથી ઉપર કેશરની વાટકી પડી હતી. તેમાંથી મેં મારા પંજા વડે કેશર લીધું હતું અને સીધવડમાં મારા માળાની બાજુના બગીચામાંથી મેં ચંમેલીના ફૂલ લીધા હતાં.

મુનિ : "તેં પંજાવડે કેશર અને ફુલ કેમ લીધાં અને ચાંચવડે કેમ ન લીધાં?"

બાળક: "ચાંચથી પકડું તો એઠું થાય અને આશાતના થાય."

મુનિ : જાત્રાળુઓની આટલી બધી ગિરદી વચ્ચે તું કેવી રીતે અંદર જઇ શકતો?

બાળક: "જ્યારે ગિરદી ઓછી થતી ત્યારે બપો-રના સમયે હું જતો હતો."

મુનિ : "ત્યારે દરવાજો તો બંધ હોય, તો તું કેવી રીતે અંદર ગયો.?

બાળક : "દરવાજાના સળીયાઓની વચ્ચેથી હું ગયેલો."

: મુનિ "મૃત્યુ વખતે તારા મનમાં શું હતું?"

બાળક : "મેં આદીશ્વર ભગવાનને પૂજ્યા હતા તેના સંતોષનો ઊંડો અનુભવ હતો."

મુનિ : "તું પાલીતાણામાં સિદ્ધવડ ઉપર રહેતો હતો. અને આ ઢઢ્ઢાજીનું કુટુંબ તો મારવાડમાં સેંકડો માઇલ દુર રહે છે તેના કુટુંબમાં તેં જન્મ કેવી રીતે લીધો?"

બાળક : તેઓએ મને બોલાવ્યો હતો અને હું હું ત્યાં ગયો."

તેનો આ છેલ્લો જવાબ સાંભળી અમે બધા આશ્ચર્યમાં પડયા. અમે તેને કેવી રીતે બોલાવ્યો હતો? "જ્યારે કાકાજી, દાદાજી અને માજી સિદ્ધવડ દર્શન કરવા આવ્યા હતા ત્યારે હું દેરીના ઘુમટ ઉપર બેઠો હતો. માજીને હું ગમી ગયો અને મારી સામું જોઈને પૂછ્યું. "પોપટ! તું મારી પાસે આવીશ?" અને મેં ડોકું ધુણાવીને હા પાડી હતી."

આ સાંભળીને અમે માજીને સાથે લઇને પાલીતાણા કયારે ગયા હતા તે યાદ કરવામાં પડયા. કેમકે માજી તો આ સમયે ગુજરી ગયાં હતાં. અમને યાદ આવ્યું કે અમદાવાદની કોન્ફરન્સ પછી અમે ત્યાંથી પાલીતાણા ગયા ત્યારે માજી સાથે હતા અને અમે છ ગાઉની પ્રદક્ષિણામાં સિદ્ધવડ દર્શન કરવા ગયા હતા, ત્યારે ઘુમ્મટ ઉપર ઉપર એક પોપટ હતો ખરો, કેમકે માજીએ એ વખતે કહેલું ખરૂં "જુઓ, આ પોપટ કેવો સરસ છે?" અને સંભવ છે કે તેઓએ તેને બોલાવ્યો હોય.

મહારાજ સાહેબના પ્રશ્નો આગળ ચાલ્યા.

મુનિ: "માજીએ બોલાવ્યા પછી તું કેટલું જીવ્યો?"

બાળક: "લગભગ બાર મહિના."

મુનિ: "માજીએ તને બોલાવ્યો હતો તે તને મૃત્યુ વખતે યાદ હતું?"

બાળક: હા."

અમે માજી સાથેની પાલીતાણાની યાત્રા, પછીનું એક વર્ષ, તેની ગર્ભાવસ્થા, અને અને આ પ્રશ્નોત્તર વખતની તેની ઉમર, તે બધા વર્ષની ગણત્રી કરી તો બરાબર અમદાવાદ કોન્ફરન્સની સાલ મળી રહી. આ લાંબી પ્રશ્નોત્તરી પછી મુનિ મોહનવિજયજીને સંતોષ થયો અને મુનિ શ્રી કર્પુરવિજયજી મહારાજના અભિપ્રાય સાથે તેઓ સમ્મત થયા કે બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું છે.

અત્યારે તે છોકરાની નવ વર્ષની ઉમર છે. ઉપરના બનાવ પછી તે બીજી એક વાર પાલીતાણા જઇ આવ્યો છે, પણ તે વખતે હું તેની સાથે નહોતો. તે બાળકની બાબતમાં મેં જે કંઇ જોયું અને જાણ્યું છે તેનો આ ટુંક હેવાલ છે. તમારે તેને જાહેરમાં મૂકવો હોય તો મૂકી શકો છો.

ગુલાબચંદજી ઢઢ્ઢા.

### તંત્રી નોંધ

સાધારણ રીતે ચમત્કારિક ઘટનાઓને પ્રસિદ્ધિ કે પ્રતિષ્ઠા આપવામાં પ્રબુદ્ધ જીવનને કોઇ ખાસ રસ નથી; કારણ કે આવી ઘટનાઓની વિગતો ઘણીવાર પ્રમાણભૂત હોતી નથી અને બીજું આવી ઘટનાઓનું વર્ણન માનવી મનને વાસ્તવિક જીવનથી ઘણું ખરૂં ઉન્મુખ બનાવે છે અને વહેમ તથા અંધશ્રદ્ધા તરફ ખેંચી જાય છે. આમ છતાં પૂર્વ જીવનનાં સ્મરણ સાથે જોડાયલી એવી એક વિરલ ઘટનાની કેટલીક વિગતોથી ભરેલો એક પત્ર ઉપર પ્રગટ કરવામાં આવ્યો છે, આ ઘટનાની વિશેષતા એ છે કે–તે ઘટનાની મુખ્ય મુખ્ય વિગતો સંપૂર્ણ અંશમાં શ્રધ્ધેય છે. આ આ ઉપરાંત તે પ્રગટ કરવા પાછળ બીજી પણ એક દૃષ્ટિ છે. એક કાળ એવો હતો કે–આત્માનું અસ્તિત્વ, તેનું ભવભ્રમણ, ઈશ્વરનું કર્તૃત્વ અને આત્માનો અન્તિમ મોક્ષ–આ બધું ગૃહિત કરીને આપણે આવી સહજ કલ્પનામાં ન આવે તેવી ઘટનાઓનો વિચાર કરતા હતા. આજે આ પાયાનાં મન્તવ્યોની તર્ક અને બુદ્ધિ વડે ચકાસણી થઇ રહી છે. દરેક ઘટનાને વૈજ્ઞાનિક દૃષ્ટિએ નિહાળવી, તપાસવી, અને નિર્ણીત કરવી એ વૃત્તિ આપણા સમગ્ર ચિન્તનને પ્રેરી રહી છે, માનસશાસ્ત્રની દૃષ્ટિએ માનવીના ચિત્ર–વિચિત્ર અનુભવોનું આજે વિશ્લેષણ કરવામાં આવે છે અને પહેલાં કદિ આપણી કલ્પનામાં પણ ન આવેલ હોય એવા તર્કો આજે કરવામાં આવે છે અને અવનવા સિદ્ધાન્તો તારવવામાં આવે છે, આ રીતે ચિન્તન કરતા અને સંશોધન કરતા વર્ગને વિચાર અને સંશોધનની એક નવી સામગ્રી પૂરી પાડવાના હેતુથી ઉપરની ઘટનાને પ્રસિદ્ધિ આપવાને હું પ્રેરાયો છું. જેઓ પૂર્વજન્મ અને પુનર્ભવમાં માને છે અને જેઓ જીવની કોઇ કોઇ પણ એક યોનિમાંથી મૃત્યુ બાદ અન્ય કોઈ ઉંચી યા નીચી યોનિમાં ગતિ સંભવે છે એમ સ્વીકરે છે તેમને ઉપર આવેલી ઘટના સહજ અને સ્વાભાવિક લાગવા સંભવ છે. પણ જેઓ ઐહિક જીવનના વિસર્જન સાથે સમગ્ર જીવનનો અંત આવે છે એમ માને છે અથવા તો આત્માના ભવભ્રમણને સ્વીકારવા છતાં પોપટની યોનિમાંથી એકાએક મનુષ્ય યોનિમાં આવું અસ્વાભાવિક ગત્યન્તર જેમની બુદ્ધિ સ્વીકારવાની ના પાડે છે તેમને ઉપરની ઘટના જે રીતે રજુ કરવામાં આવી છે અને તે પાછળ જે પ્રકારના પુનર્ભવનું સૂચન રહેલું છે તે સહજ સ્વીકાર્ય અને તેમ નથી. તો પછી આ ઘટનાનું નિદાન શી રીતે કરવું એ કોયડો તેમની સામે ઉકેલ માટે રજુ થાય છે.

# સાધનામાર્ગની કેડી

**શ્રી પથિક.**

**'કલ્યાણ'ના વાચકો માટે આ અંકથી આ નવો વિભાગ શરૂ થાય છે. જીવનને ઉન્નત બનાવનાર, આત્માનાં ઉર્ધ્વગમનમાં પ્રેરક, ચિંતન, મનનપ્રધાન લખાણ શ્રી પથિક પોતાની ઓજસ્વી છતાં સરલ શૈલીમાં અહિં નિયમિત આપશે. શ્રી પથિક અભ્યાસી તથા સરલ, સ્વચ્છ શૈલીમાં સચોટપણે શ્રેયમાર્ગના પાથેયરૂપ વિચારધારાને રજુ કરવાનું સામર્થ્ય ધરાવે છે. આ વિભાગમાં અધ્યાત્મપ્રધાન મંગલ વિચારપ્રવાહો વહેતા રહેશે. સર્વ કોઇને આ વિભાગ અવશ્ય ગમી જશે એ નિઃશંક છે.**

## "કેડી"

કોમલગઢથી મુછાળા મહાવીરજી જતા મ્હને "કેડી"નું મહત્ત્વ સમજાયું હતું.

અમે આઠ જણા હતા. કોમલગઢના જીર્ણ મંદિરો જોઇ ડુંગરના વિકટ ઉતરાણના માર્ગે પાછા ફરતા હતા. અંધારૂં થતું ગયું. અમે રસ્તો ભૂલ્યા.

આ નિર્જન જંગલ, આ પશુ–પક્ષીઓના ચિત્ર–વિચિત્ર અવાજ, આ ગીચ ઝાડી—જો "કેડી" ન જડે તો આજની રાત અહિં જંગલમાં કાઢવી પડે. કોમલગઢના ડુંગરોમાંથી વાઘનો અવાજ સંભળાતો હતો.

અમે ચાલતા હતા પરંતુ કયાં ય "માર્ગ" ન્હોતો. વધતા જતા અંધારામાં અમારી સર્વેની દૃષ્ટિ "કેડી" શોધી રહી હતી.

મહામૂશ્કેલીએ "કેડી" મળી ત્યારે અમારા આનંદનો પાર ન્હોતો.

અહિં મને "કેડી"નું મહત્ત્વ સમજાયું.

મોક્ષની સાધના પૂર્ણપણે દર્શાવનારો શ્રી જિનશાસનનો રાજમાર્ગ છે. આ રાજમાર્ગને જે પામ્યા છે તેમને ધન્ય છે. આ માર્ગને પામવાની જેમની મથામણ છે તેમને ધન્ય છે.

અનુભવીઓના અનુભવ, આરાધકોની આરાધના, સાધકોના પ્રયોગો તથા જીજ્ઞાસુઓની પ્રશ્નપરંપરા, વાતચિત, ચર્ચા, પત્રવિનિમય, અભ્યાસનોંધ અને સાધનાનોંધ વગેરેના આધારે અહિં રજુ થશે. જો એકાદ વાંચકને પ્રેરણા પ્રાપ્ત થશે તો લેખક પોતાનો પ્રયત્ન સાર્થક ગણશે.

## મૌનની સાધના

### Experiments in silence

**પ્રિય ભાઇ શ્રી, સુમન !**

તમારો પત્ર મલ્યો છે. તમારા કેટલાક પ્રશ્નો મહત્ત્વના છે.

જેને આત્મહિત માટે સાધના કરવી છે તેને તો મૌન ઘણું સહાયક થશે જ. વ્યવહારજીવનમાં પણ મૌનના લાભ ઓછા નથી. જેમણે જાણે અજાણે મૌનનો આશ્રય લીધો છે તેમને અવશ્ય સફળતા વરી છે.

"મૌન" શું છે ?

"મૌન"થી શું લાભ થાય છે ?

કઇ રીતે "મૌન" સ્વાભાવિક બને ?

વાણીનું "મૌન" શી રીતે "મનનું મૌન" પ્રગટાવે ?

"મનનું મૌન" કઇ કઇ આંતર શક્તિઓ જગાડે છે ? TO tap Inner energy centres.

**વાણી દ્વારા થતો શક્તિવ્યયઃ**

માનસશાસ્ત્રીઓ psychologists કહે છે કે કેટલીક વ્યક્તિઓ મોઢેથી બોલે નહિ ત્યાં સુધી વિચાર કરી શકતી નથી. આવી વ્યક્તિઓ જ્યારે વિચાર કરતી હોય છે ત્યારે કંઇક ગણુ-ગણુતી હોય છે. કયારેક જેનામાં વિચારશક્તિ ઓછી હોય છે તેને વિશેષ બોલવાની જરૂર પડે છે.

જો આપણે આપણી વાણીનું સમજણુ-પૂર્વક પૃથક્કરણુ analyses કરીશું તો સ્પષ્ટ સમજાશે કે ઘણી શક્તિનો નિરર્થક વ્યય Energy wastage થઇ રહ્યો છે.

કાયાની પ્રવૃત્તિમાં વપરાતી શક્તિ કરતા વાણીની પ્રવૃત્તિ Speech actirvity માં વપરાતી શક્તિ વધુ સૂક્ષ્મ છે. આ સૂક્ષ્મ શક્તિનો વિના-કારણુ થતો વ્યય જો આપણે અટકાવીએ તો તેનું સૂક્ષ્મ માનસિક શક્તિમાં રૂપાંતર conversion into mental energy કરી શકાય. જ્યારે બને ત્યારે duration of time અને જેટલું બને તેટલું Strength of intensity મૌન પાળનારમાં વિચારની એકાગ્રતા Concentration of thought તથા આંતરશાંતિ inner peace ધીમે ધીમે પ્રગટશે.

**મન, વચન અને કાયાની પ્રવૃત્તિનું મૂળ:**

ભાઇ, શું આપણુને એ વિચાર આવે છે કે આપણી મન, વચન, કાયાની કોઈપણુ પ્રવૃત્તિનું મૂળ કારણુ શું છે?

કાયાનું હલન–ચલન શા માટે છે?

શાથી આપણે બોલ્યા વગર રહી શકતા નથી?

આપણી અંદર કઇ વૃત્તિઓ કેવી રીતે, શું કામ કરી રહી છે કે જેથી મનયોગ, વચન-યોગ, કાયયોગ ઈચ્છાએ કે અનિચ્છાએ ચાલ્યા જ કરે?

મન, વચન અને કાયાની પ્રવૃત્તિ દ્વારા આપણે આપણુને વ્યક્ત કરીએ છીએ. We express ourselves through the activities of mind, speech and body. શું આ પ્રવૃત્તિઓ સંયમપૂર્વકની બની શકે?

શું આ પ્રવૃત્તિઓનો સર્વથા અભાવ શકય છે?

મનયોગ, વચનયોગ, કાયયોગ, અશુભ-માંથી શુભ શી રીતે બને?

તેનો સંપૂર્ણ નિરોધ શી રીતે થાય?

સંપૂર્ણ નિરોધ માટેની પધ્ધતિ Process શું છે? આ પ્રવૃત્તિઓને આપણે સ્વપર–હિત-કારક શી રીતે બનાવી શકીએ?

## રાગદ્વેષથી રંગાએલી વાણી:

## Speech colored with emotions

આપણે આપણી અંદર એવી કઇ સમજણુ Understanding ઉગાડવી જોઈએ જેથી આ પધ્ધતિ Process સરળ બને? આ માટે બાહ્યથી Externaly શું થઈ શકે? જીવનમાં શું ફેર-ફારો કરવા જોઇએ Fundamental changes in living કે જેથી મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિના અંકુરો સ્વાભાવિક બને?

ભાઇ, આવી વિચારણા જો સૂક્ષ્મ પણે થશે તો મૌનની સાધનામાં નવો પ્રકાશ પડશે. આવી વિચારણા પછી થતું મૌન સાધકને ઘણું લાભકારક છે.

જ્યાં સુધી આપણામાં ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ વગેરેનું વિશેષ બળ છે ત્યાં સુધી આપણી વાણીમાં કપટ, તિરસ્કાર, કટુતા, અસ-ત્ય વગેરે આવવા સંભવિત છે. આવા કયા ભાવો, કેટલા પ્રમાણમાં in what intensity

આપણી વાણીમાં આવે છે તે જાણવા જેટલા શું આપણે જાગૃત છીએ? Are we aware how far our speech is colored with good or evil emotions?

શું આપણે બોલીએ છીએ ત્યારે માત્ર વસ્તુસ્વરૂપના યથાર્થપણાને વ્યક્ત કરવા માટે બોલીએ છીએ? રાગદ્વેષથી રંગાએલું વચન શું સત્ય બની શકે? તો પછી નિરર્થક શબ્દવ્યય હોય ત્યાં શક્તિ ગૂમાવવા કરતા મૌન શું ખોટુ?

જે માનવીઓ મહાન બન્યા છે તેમણે વાણીનો સંયમ ઘણો જાળવ્યો છે.

### દુર્ભાવોનું વિષવર્તુળ :
### Vicious circle

ભાઇ, રાગદ્વેષયુક્ત વાણીના વધુ ઉપયોગથી આપણે આપણી અંદર થતા વિચારોને વધુ દૂષિત કરીએ છીએ. અસત્ય વાણીનું સેવન માનસયંત્રો પર કાટ ચડાવે છે. તેથી આપણે વિચારની શૂધ્ધતામાં જવાની તાકાદ ગૂમાવીએ છીએ. નિરર્થક વાણી માનસ શક્તિ Mental Energy નો વ્યર્થ વ્યય કરે છે, તેથી આપણે વિચારની સૂક્ષ્મતામાં જવાને અશક્ત બનીએ છીએ. કયારે ય ન ભૂલશો કે–પ્રત્યેક મહાન વિચારકે જાણે અજાણે મૌનનો આશ્રય અવશ્ય લીધો છે, તેથી જ વિચારની શુધ્ધતામાં Purity of thought અને વિચારની સૂક્ષ્મતામાં Subtlety of thought માં જવાય છે. શ્રી તીર્થંકર ભગવંતો પણ કેવલજ્ઞાન થાય ત્યાં સુધી મૌન સેવે છે.

### મૌનનું સાધન :
### Practise of silence

મૌનનું સાધન મહાન છે. મૌન સર્વને સહાયક છે, કવિઓ અને કલાકારો તથા રાજનીતિજ્ઞો અને વૈજ્ઞાનિકોને જો મૌનથી લાભ છે તો અધ્યાત્મમાર્ગના પથિકનું મૌન એક અનિવાર્ય સાધન અવશ્ય બનશે.

આપણી મૌનની માત્ર વાતોથી કંઇ નહિ વળે. મૌનના લાભ મેળવવા માટે નિત્ય નિયમિતપણે મૌનનો અભ્યાસ અગત્યનો છે. Not mere talks, but practise, practise, and practise.

### વાણીની જવાબદારી:
### Responsibility of speech

ભાઇ, આપણી વાણીના અસંયમ સામે પ્રાથમિક પ્રયોગ બાહ્ય મૌનનો છે. બાહ્ય મૌન External silence કેળવાયા પછી પ્રયત્નપૂર્વક વાણીનો સંયમ Awareness in speech ભાષાસમિતિનો ઉપયોગ Practise સરળ બનશે.

બોલવાની અનિવાર્ય જરૂરીઆત વિના એક પણ શબ્દ બોલવો તે નિરર્થક છે અને વ્યર્થ શબ્દવ્યયથી અત્યંત કિંમતી શક્તિનો ક્ષય થાય છે આ વાત સૌથી પ્રથમ આપણને સમજાવી જોઇએ.

આપણે ધન વ્યર્થ ઉડાવતા નથી. વાણી દ્વારા વપરાતી શક્તિ સુવર્ણ, હીરા, માણેક અને યુરેનિયમથી વધુ કિંમતી છે. શબ્દોની ઉડાઉગીરીથી ઉભી થતી જવાબદારીનું આપણને ભાન નથી.

વ્યર્થ શબ્દોચ્ચારથી માનસવિદ્યુત Mental electricity ને શું હાની છે?

જાણે અજાણે બોલાયેલા આપણા પ્રત્યેક શબ્દ માટે આપણે કેટલા જવાબદાર છીએ?

શબ્દો Spoken word ની વાતાવરણમાં શું શું સ્થૂલ સૂક્ષ્મ અસરો Gross and

subtle effects છે ?

આપણા શબ્દો કઇ રીતે આપણા બંધન અને મુક્તિનું કારણ બને છે ?— આ અને આવા અનેક પ્રશ્નો કયારેક વિચારીશું. આજે માત્ર એટલું જ કહું છું કે–વાણીની જવાબદારી Responsibility of speech આપણે સમજીએ.

ભાઇ, ધનની કરકસરનો પાઠ આપણામાંના ઘણા શીખ્યા છે. વાણીની કરકસરનો પાઠ કયારે શીખીશું ? જેમ વ્યવહાર જીવનમાં ધનની કરકસરનો પાઠ ઉપયોગી ગણાય છે તેથી વિશેષ ઉપયોગી અધ્યાત્મ જીવનમાં વાણીની કરકસર છે.

## યુરેનિયમથી વધુ કિંમતિ અને અણુબોમ્બથી વધુ ઘાતક :

કયારેક આપણે જરૂરિયાત વિના ઘણું નિરર્થક બોલીએ છીએ. કયારેક આપણી ભાષામાં રાગદ્વેષની ભારોભાર અસર હોય છે. કયારેક આપણા આંતર દુર્ભાવોને છુપાવવા માટે આપણે વાણીનો ઉપયોગ કરીએ છીએ.

માનવીની ભાષા Human speech અન્ય પ્રાણીઓની ભાષાથી ઘણી વિકસિત છે. વાણીમાં વપરાતી શક્તિ રેડિયમ, યુરેનિયમથી ઘણી કિંમતી છે, વાણીનું સાધન જો યોગ્ય ઉપયોગ થાય તો માનવીને તેના વિકાસમાં ઘણું સહાયક છે. જો દુરુપયોગ કરવામાં આવે તો વાણીનું સાધન અધઃપતન કરનારૂં નીવડે. અણુબોમ્બથી વધુ ઘાતક બને.

**વિચાર વિનિમય** Telepathy

વાણીના સાધનનો સદુપયોગ થઇ શકે તે માટે પણ મૌન આવશ્યક છે. નિરર્થક બોલવા પણું આપણને બહિર્મુખ બનાવે છે. જ્યારે મૌનની સાધના આંતર્મુખ બનાવે છે. મૌનનો પ્રયોગ વિચાર પ્રત્યે પ્રેરે છે. મૌનથી શક્તિનો સંગ્રહ થાય છે.

ભાઈ, મૌનના સફળ પ્રયોગોથી એ કલા કેળવાશે કે જેથી ઓછામાં ઓછા શબ્દો દ્વારા આપણે જે કહેવું હોય તે યથાર્થપણે વ્યકત કરી શકીએ. મૌનની સાધનાને અંતે બિલ્કુલ શબ્દો વિના ભાવ વ્યક્ત કરવા મૂશ્કેલ નથી. જેમણે વિચારવિનિમય Telepathy ના સફળ પ્રયોગો જીવનમાં કર્યા છે તેઓ જાણે છે કે મૌનની સાધના કેટલી સહાયક છે !

જેમણે આધ્યાત્મિક આનંદ પ્રગટાવવો છે, જેમણે માનસિક શકિતઓ કેળવવી છે, જેમણે સાત્વિક ચિત્તપ્રસન્નતા માણવી છે, જેમણે વ્યાપાર કે વ્યવહારમાં વિજ્ઞાન કે કલામાં સફળ થવું છે આ સર્વ માટે મૌનની સાધના ઉપયોગી છે.

## મૌનની સાધના:

Experiments in silence.

ભાઇ, નિત્ય નિયમિત પણે થોડો ચોક્કસ સમય મૌન કેળવવાનો પ્રયત્ન કરજો. મૌન ધીમે ધીમે સ્વાભાવિક બનવું જોઈએ. દબાણપૂર્વકના મૌન silence by suppression ને વિચાર માટેના મૌન silence for thought માં પલોટવા પ્રયત્ન કરજો.

તમારી જાતનું વારંવાર નિરીક્ષણ કરજો Observe your self કે કયારે, કેમ, શા માટે, બોલવાની વૃત્તિ થાય છે ? આપણી વાણી રાગદ્વેષના ક્રોધ, માન, માયા, લોભના કેવા કેટલા રંગો colors થી રંગાએલી છે.

શરૂઆતના મૌનમાં વાણીના સંયમ માટેના વિચારો કરવા ઉપયોગી છે. મૌનનો ઉપયોગ વ્યર્થ કલ્પનાતરંગો કરવા માટે નથી. મૌનનો

ઉપયોગ સદ્‌વિચારમાં જવા માટે છે.

કેટલીક વ્યકિતઓ પોતાને જે કંઈ કહેવાનું છે તે સરળતાથી કહી શકતી નથી. શબ્દોનું ભંડોલ તેમની પાસે ઓછું હોય છે. ભાવોને શબ્દોમાં વ્યકત કરવાની તેમની શકિત નબળી હોય છે. મૌનની સાધના આ શકિતને કેળવે છે.

કેટલીક વ્યકિતઓ યથાર્થપણે વિચાર કરી શકતી નથી. વિચારની શુધ્ધતામાં કે સૂક્ષ્મતામાં જઇ શકતી નથી. જેને વિચારની કલા કેળવવી છે તેને માટે મૌનની સાધના સુંદર છે.

ભાઈ, જ્યારે પણ અનુકૂળતા મળે ત્યારે મૌન જાળવવા પ્રયત્નો કરજો.

સમ્યક્ પ્રકારનું મૌન સાધનામાર્ગની એક કેડી છે.

—સ્નેહાધીન 'પથિક'ના પ્રણામ

## ❀ કેડીની રજકણ ❀

**અણુબોમ્બ અને આધ્યાત્મિક બોમ્બ**
Atom bomb and spiritual bomb

........ જેમ અણુ બોમ્બ બનાવવાનું વ્યવસ્થિત વિજ્ઞાન છે. અણુ સંબંધી જ્ઞાનને તમે અણુવિજ્ઞાન Nuclear physics કહો છો તેમ આધ્યાત્મિક બોમ્બ spiritual bomb તૈયાર કરવાનું-આત્મ દ્રવ્યની સંપૂર્ણ શુધ્ધિ પ્રગટાવવાનું-આધ્યાત્મિક જીવન ઘડવાનો માર્ગ દર્શાવનારું પરિપૂર્ણ શાસ્ત્ર Perfect science પણ છે. જેનું નામ અધ્યાત્મ શાસ્ત્ર છે.

જેમ અણુ વિજ્ઞાન Nuclear physics ના પારિભાષિક શબ્દો Technical terms શીખી જવા માત્રથી-તે સંબંધી પુસ્તકો વાંચવા માત્રથી-અણુવિજ્ઞાનની વાતો કરવા માત્રથી અણુબોમ્બ બનતો નથી તેમ અધ્યાત્મની કોરી વાતો કરવાથી કે માત્ર પુસ્તકોના વાંચનથી કે શબ્દોની ચર્ચાઓથી આત્મપ્રકાશ પ્રગટતો નથી.

પ્રિય ભાઇ, આફ્રિકાના એક અજ્ઞાન જંગલીને તમે કહેશો કે અણુમાં આટલી જબ્બર શક્તિ રહેલી છે તો શું તે માનશે? એટમ બોમ્બની વાત પચાસ વર્ષ પહેલાં કદાચ આપણને પણ અરેબિયન નાઇટસની "અલાદ્દીન તથા જાદુઇ ફાનસ" જેવી પરીકથાની કલ્પના લાગત, પરંતુ આજે અણુશકિતનું વ્યવહાર સત્ય પુરવાર થયું છે.

ભાઇ, આત્મપ્રકાશ કવિની કલ્પના નથી. એક નક્કર વૈજ્ઞાનિક સત્ય છે. શું તમે મ્હને થોડા કલાકની ચર્ચાથી કે થોડા પત્રોથી અણુવિજ્ઞાન, પાકશાસ્ત્ર કે તરવાની કલા શીખવી શકો? જો એ શકય નથી તો આત્મવિજ્ઞાન વિનાપ્રયત્ને શીખવું કેમ શકય બને!

માત્ર પુસ્તકોનાં વાંચનથી કે કોરી ચર્ચાઓથી આધ્યાત્મિક બોમ્બ તૈયાર નહિ થાય. આધ્યાત્મિક બોમ્બ તૈયાર કરવા માટે સાધના-આરાધના spritual experiments કરવા પડશે.

જેમ અણુમાંથી શકિત પ્રગટાવવાનું To release atomic energy કપરું છે તેમ પૌદ્‌ગલિક ભાવોના વિષચક્રમાંથી મુકત થઇ આત્મશકિત પ્રગટાવવાનું To release spiritual energy પણ કપરું—વિશેષ કપરું છે.

❀

न भवति धर्मः श्रोतुः
सर्वस्यैकान्ततो हितश्रवणात् ।

श्रुवतोऽनुग्रहबुद्धया
वक्तुस्त्वेकान्ततो भवति ॥

હિત વચનો સાંભળવાથી દરેક સાંભળનારાઓને એકાંતે "ધર્મ થાય જ" એમ નથી. પરંતુ ઉપકારબુદ્ધિથી સંભળાવનાર વકતાને તો એકાંતે ધર્મ થાય છે.

પૂ૦ શ્રી ઉમાસ્વાતિ વાચક.

★

**જીવનનો આરસ:**

આ આરસના બેડોળ ટૂકડામાંથી ફૂલ-ઝાડની ડિઝાઇન કોરવી કે પશુપક્ષીની આકૃતિ? એક વિલાસમૂર્તિ નારીદેહ ઘડવો કે પ્રશમ-રસ–નિમગ્ન દેવપ્રતિમા? આ આરસના ટૂકડામાંથી શું સર્જન કરવું તેનો આધાર શિલ્પી પર છે.

પરંતુ મ્હને જે જીવન પ્રાપ્ત થયું છે, તેમાં ચારિત્રના પ્રકાશથી ઉજ્જવળ આધ્યાત્મિક સ્વરૂપને પ્રગટાવવાનું કાર્ય મ્હારા પોતાના હાથમાં છે.

**પ્રારંભ કરો:**

Now or never

શું કોઇ સત્કાર્ય કરવાની તમારી ઇચ્છા છે?

શું કોઇ શુભ ભાવના જીવનમાં તમારે દૃઢ કરવી છે?

તમે કંઈ વ્રત નિયમ શરૂ કરવા માગો છો?

શું વાંચન, શ્રવણ, અભ્યાસ કરવાની તમારી મરજી છે?

જો એમ હોય તો આ ક્ષણનો હમણાં જ ઉપયોગ કરો. સન્માર્ગે આગળ વધવા માટે તમે જે કંઇ કરી શકો અગર જે કંઈ કરવાનો તમને સ્હેજ પણ ખ્યાલ હોય તેનો હમણાં જ પ્રારંભ કરો. Now or never.

## —: પરદેશના ગ્રાહક બંધુઓને :—

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોષ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| શ્રી દામોદર આશકરણ | પોષ્ટ બોક્ષ નં. ૬૪૯ | દારેસલામ |
| શ્રી તારાચંદ ડી. શાહ | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | નૈરોબી |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | મોમ્બાસા |
| શ્રી રતિલાલ ઓત્તમચંદ સંઘવી | પોષ્ટ બોક્ષ નં. ૪૪૮ | જંગબાર |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | કીસુમુ |
| શ્રી મેઘજીભાઇ રૂપશી એન્ડ કુાં. | પોષ્ટ બોક્ષ નં. ૭ | ન્યેરી |
| શ્રી દેવશીભાઈ જીવરાજ | પોષ્ટ બોક્ષ નં. ૯૬ | થીકા |
| શ્રી મૂલચંદ એલ. મહેતા | પોષ્ટ બોક્ષ નં. ૧૨૭ | મોગાડીસ્કીઓ |

**'કલ્યાણ' માસિક વાર્ષિક લવાજમ પરદેશ માટે રૂા. ૬—૦—૦ પોસ્ટેજ સહિત**

# સુખનો શ્રેષ્ઠ ઉપાય:—આત્મશ્રદ્ધા.

પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ૦

એક વ્યાપારી ઘરેથી દુકાને આવે છે અને દુકાન ખોલીને બેસે છે. થડા પર બેઠેલો વ્યાપારી ભલે દુકાને કલાકોના કલાક બેસે–વ્યાપાર કરે. માત્ર વટાવે–વેચે સારામાં સારૂં કમાય. પણ સાંજ પડતાં એને ભાન આવે કે, 'હું તો ઘરેથી આવ્યો છું. અહીં કમાયેલું ઘરમાં લઈને જવાનું છે અને ઘરે ગયા પછી જ મ્હારી ખાવાની ભૂખ ભાંગશે.' દુકાન કમાવા માટે છે. પણ ઘર તે ઘર જ, એને ભૂલેજ નહીં. ઘરમાં મિલ્કત છે. વધેલી મિલ્કત ઘરમાં મુકવાની છે. સ્વ–પત્ની, પુત્રાદિ કુટુંબ ઘરે છોડીને આવ્યો છું. દુકાને તાળું લગાવીને ઘરે જાય છે. ખાય છે. પીવે છે. આનંદ લુંટે છે. અને પાછો ચિંતા કરે છે કે, 'દુકાનેથી ઘેર આવ્યો છું. દુકાનનો માલ કોઇ ઉપાડી તો નહીં જાય? કોઇ ડાકુ દુકાન ફાડે અને માલ લુંટી જાય તો મારે ગોળના પાણીએ ન્હાવા જેવું થાય?' દુકાને જાય ત્યારે ઘરની ચિંતા અને ઘેર આવે ત્યારે દુકાનની ચિંતા વ્યાપારીને છોડતી નથી. આ સઘળુંય ચિંતા–મૂલક હોવા છતાંય વ્યાપારી ઘરથી દુકાને આવતાં અને દુકાનેથી ઘરમાં આવતાં એટલું તો સમજે છે કે;–'ઘરથી દુકાને અને દુકાનથી ઘેર આવનાર વ્યક્તિ હું જુદો છું.' આવી રીતે આત્મા પર શ્રદ્ધા થતાં, શરીરમાં રહે છે પણ પ્રતિક્ષણ સમજે છે કે, શરીર એ હું નથી અને હું એ શરીર નથી. એક પથિક આવ્યો છે. શરીરની કોટડીમાં રહ્યો છે. બાહ્ય–સંગોની ઉપાધિઓ માત્ર વ્યામોહની વિષમ બેડીયોજ છે. જો આત્મ–તત્ત્વ મનાય શ્રધાય તો પછી દુન્યવી પરિસ્થિતિ એને ભાન–ભૂલા કે ઘેલો તો નજ બનાવે! સંપત્તિ કે વિપત્તિ હર્ષ કે શોક, દુઃખ કે સુખ આ આ વિકારો શરીરમાં થયેલાં ગુમડાં જેવા જ નકામાં જ્ઞાત થઇ જ જાય. માટીના કે લાકડાનાં પુતળા જેવો જ પરિવાર સ્વાર્થાંધ દેખાય! લક્ષ્મીના અઢળક ઢગલાઓ માટીના–રેતના ઢગલા જ મનાય! મહેલો, મિલ્કતો પણ નાશવંત અને પરભાવો જ આલેખાય!

આત્મ–શ્રદ્ધા જન્મ્યા પછી પરમાત્માની શ્રદ્ધા આપોઆપ જ જન્મી જ જાય! આત્માને ઓળખનાર, આત્મ–તત્ત્વને વિવેચનાર, આત્મ–તત્ત્વ જેવી પરોક્ષ ચીજના માહાત્મ્યને ગાનાર એક સામર્થ્યવંત આત્મ–દૃષ્ટા, ઉપદેષ્ટા કોઈ મહાન્ વ્યક્તિ અનંત–તેજાધામ સરખી હોવી જ જોઈએ. આવી આપો–આપ તર્ક–વિતર્કથી બુધ્ધિ પેદા જ થઈ જાય. ખોદકામ કરતાં એક હીરાની નાનીશી કણી હાથમાં આવતાં અહીં હીરાની ખાણ જ હોવી જોઇએ. આવી કલ્પના દઢ–મૂલ બની જાય છે. પછી એ ખોદ–કામ કરવામાંય વિશેષ પુરુષાર્થ, ઝીણવટ, ચીવટ અને સાવધાની રહે છે જ. આત્મ–તત્ત્વ છે અને હું આત્મા છું એ એક સંકલ્પ મોક્ષ–માર્ગનો સીધો ભોમીયો બની જાય જ છે.

આત્માને પવિત્ર બનાવવાના વિશિષ્ટ સાધનો કયા છે? આત્મા પરમાત્મત્વ કેવાં ક્રિયાનુષ્ઠાનોથી મેળવી શકે? એની શોધન–વૃત્તિ અને એનો ધારા–વાહી રસ જન્મી જ જાય છે. મૂર્છાવાળા માનવને મૂર્છા જેમ ટળતી જાય; ચેતના જાગતી જાય તેમ તેમ પોતે કોણ છે? કયાં છે? મૂર્છા પછી પોતાની પાસે શું શું હતું અને શું શું ગુમાયું છે? તેમ જ કપડાં વગેરે સમાલવામાં પરોવાઇ જાય છે. મૂર્છા–વિલય થતાં જ આ ચેતના–બુધ્ધિ જન્મે

છે. આ બુદ્ધિ જ એની પ્રેરક–સાધક બની જાય છે. જડ–સંગોની ઝકડમાં ચેતન મૂર્છા ખાઇને સ્વભાન ભૂલેલો છે. ધીમે ધીમે મોહ–ચેષ્ટાઓ ઓછી થાય. વિષયોની વિષ–મૂલીઓની ઝેરી હવા ઓછી ખાય તેમજ મારા–તારાની સાંકળથી છુટકારો લેવાય તો આત્મા સ્વ–આત્મ–તત્ત્વને સમજે–માને–શ્રદ્ધેય કરે જ. પછી જુઓ એના જીવન–પુષ્પની સુવાસ કેવી મીઠી–મધુરી મહેકે છે.

ચેતનની અનાદિની વ્યામોહ–જન્ય મૂર્છા ઉતરે તેમ તેમ પોતે પણ વિચારે કે, હું કયાંથી આવ્યો છું ! તૂર્ત જ જવાબ મલશે કે, પરલોકની કોઈ સારી–માઠી ગતિમાંથી દેહ છોડીને એકલવાયો–અશરણ બનીને અહીં માનવ-ગતિના જન્મને પામ્યો છું. આ પ્રત્યુત્તર આપો-આપ આવી જાય છે.

આત્મ–તત્ત્વ માનનારાને મૂર્છાના અભાવમાં બીજો પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે, અહીં આ જન્મમાં આવ્યો ત્યારે શું લાવ્યો હતો ? એકલો જ આવ્યો અને ખાલી હાથે જ આવ્યો. માત્ર શુભાશુભ કર્માધીન અહીં સંયોગો અનુકૂળ સાંપડતાજ ગયા ! કયાં છે ? હાલ હું આ માનવ–દેહધારી પંચેન્દ્રિય જીવાત્મા છું. જે સ્થળમાં છે તે સ્થળ સ્થિર છે કે અસ્થિર ? ત્યાંજ નિર્ણય થશે કે જ્યારથી અહીં આવ્યો ત્યારથી આજ સુધીમાં હું રોજબરોજ અલ્પાયુષ્યવંત બનું છું. કિંમતી જીંદગીની સુપળો પલાયન થઈ જાય છે. ગયેલી એક પણ પળ પાછી તો કયાંથી જ આવે ? સર્વ સ્વાર્પણથી ય પણ એક સમય પાછો તો ન જ મળી શકે ! આવી આ જીવનની અસ્થિર લીલા છે. આ જીંદગી જો ગઇ તો પછી આ જીંદગી કેટલીયે જીંદગી બાદ મેળવી શકાય ? એ તો કપરૂં કાર્ય છે.

આ જીંદગી–જીવન શા માટે સર્જાયું છે ! આ જીવનનું ધ્યેય શું ? ઉદ્દેશ નથી ઘડયો તો પણ રાત–દિવસ સતત ચિંતા, સંકલ્પો, પ્રયત્નો આદરે છે. એ કયા સુખના માટે ? આ સઘળુંય જાણવાની એક કિંમતી પ્રેરણા મળી જાય છે. જીવનોદ્દેશ વિલાસો, શણગારો, ક્ષણિક સુખો નથી, પણ સર્વનો પરિત્યાગ જ છે. અને આત્મ-સંગી બની અભ્યંતરાત્માની વિકાસ–પ્રવૃત્તિઓ ધોધમાર ચાલુ થઇ જાય જ.

આત્મા છે, એમ સમજાયું. પછી પરમાત્માની એક નક્કર શ્રદ્ધા બેસી જાય પછી પરમાત્માની આજ્ઞાઓ પ્રતિ રુચિ, પ્રિતિ, પ્રતીતિ જાગશે. અને એ પરમાત્માના આદેશો સત્ય રૂપે જણાશે પછી એક પણ ઈશ્વરાદેશ ઉલ્લંઘન થશે ત્યાં જીવમાં અસીમ પરિતાપ ચિંતા જન્મી જશે. જેમ આગને હાથ લગાડતાં જેટલો ડર–ભય– બીક લાગે છે. તેથી ય અધિક ભય ઈશ્વરાદેશ લોપથી પેદા થઇ જશે જ.

જન્મેલા નાના શિશુને આ મારી માતા છે. મારી રક્ષક છે. મને પાલન કરનારી છે. આ એક વિશ્વાસ બેસતાં એ બાળકને માતા કોઈ પણ સમયે ભોજન પીરસે છે. ખાવાનો ખોરાક આપે છે. અને એ બાળક ટેસ્ટથી લ્હેજતથી બચ બચ કરતો ખાવા મંડી જાય છે. પણ ત્યાં એને કદીય શંકા નથી જાગતી કે, આ ભોજનમાં વિષ તો નહીં ભેળવ્યું હોય ! અથવા આ ભોજન ભોજ્ય છે કે કેમ ?' સાચેજ માતા પર બાળકને એવી ચોક્કસ શ્રદ્ધા જામે છે. બાળક માતા પર અચલ વિશ્વાસુ હોય છે. એટલે માતા જેમ કહે તેમ કરવા તૈયાર હોય છે જ. માનવને આહાર પર શરીર ટકાવવાની એક ચાવી જેવો વિશ્વાસ બેસી જાય છે. તૃષા લાગતાં પાણી પીવા પર જેવી શ્રદ્ધેયતા પેદા

થાય છે. તેવી પ્રતીતિ જો આત્મવિષયમાં કે આત્મવિકાસના સાધનો પર બેસી જાય તો પછી જેમ શરીર ઉપર એક માખી બેસે ને તુર્તજ ઉડાડવા તૈયાર થઇ જઇએ છીએ; તેમ આત્માને જ્યાં મલિન થવાનો સમય આવે, કુવિકલ્પોની હારમાલા શરૂ થાય ત્યારે, કે કોઇનાય પર દ્વેષ જાગતાં એનું નિકંદન કાઢવાની દુર્ભાવના જાગે ત્યારે, એ પાપાનલથી દૂર ભાગવાની કે એ પાપાનલને ઉપશમાવવાની શમ-જલની સેવના થઇ જાય જ.

દયા કરવી જ જોઇએ પણ કોના પર! જેઓ આત્માની દયા સમજ્યા છે તેઓ જ પર-દયા કરવા તૈયાર થાય છે. આત્મદયાની દિશા પણ નથી સુઝી, આત્મ-દયાના ભેદને પણ નથી જાણ્યો તો પછી પર-દયાની વાતો એ તો એક જાતની ઓઘસંજ્ઞા છે. આત્માની-ભાવ-પ્રાણની જરા ય દરકાર ન હોય તો પછી પર-દયાની વાતો ન જ કરવી ખપે. પણ આપો આપ જ પરની પીડા જોઇને તમે દયાર્દ્ર બનશો. શકય-પ્રયાસથી તેની વ્યથા વિલય કરવા તન-તોડ પ્રયાસ આદરશો.

આત્મા જેવો મારો છે એવો જ અન્યનો છે. કીડીથી કુંજર સુધીના જીવોને, કીડીથી તે ઇંદ્ર સુધીના જીવોને સુખ ખપે છે. તો આત્માને માનનારો કદીય કોઇને ય દુઃખ તો નહીં જ આપે. આત્માને માનવો એ તો આર્ય દેશના સ્વાભાવિક સંસ્કારો છે. પણ આત્માને માન્યા પછી એની મૂલ-દશા સ્વરૂપ વિકસાવાનો માર્ગ સચ્ચાઈ ભર્યો હાથમાં આવતાં વાર નથી લાગતી. ફકત નાસ્તિકો સિવાય તમામ આર્યાવર્તીઓ આત્મા છે એમ તો માને જ છે. વળી જડ-જ્ઞાનીઓ જડ-અધ્યાત્મિઓ આત્માને માને છે પણ કોઇ જાતની ક્રિયા કરવા-કરાવવા તેઓ વિરોધ ઉભો કરે છે. તેઓ જણાવે છે કે, આત્મા અમૂર્ત છે. સ્વરૂપને ચૂકતો નથી. સદા નિર્મલ અને નિત્ય છે. શરીરની ક્રિયા શરીર કરે છે. અને આત્માની જ્ઞાનદશા-અધ્યાત્મ-દશા આત્મામાં છે. તે નાશ નથી થતી. અહિંસા, સંયમ, તપ, જપ વગેરે શુષ્ક જ્ઞાનીઓ, શુષ્ક અધ્યાત્મીઓ માનતા નથી. તો નાસ્તિકો અને આવા શુષ્ક-અધ્યાત્મવાદીઓમાં આચરણોનો તફાવત ઓછો હોય છે. આત્માને માનનારો વર્તમાનમાંય સદાચરણો અને ઉચ્ચાનુષ્ઠાનો-ઉચ્ચક્રિયાઓ અને ઉગ્ર તપ-જપ કરવામાં તન્મય હોય તો જ આત્મા વિકાસ-પૂર્ણદશા અનુભવી શકે છે.

શ્રધ્ધા એવી મક્કમ બનાવો કે, જેમ વિષ પ્રાણ-હર છે, તો કદીય ભક્ષણની આકાંક્ષા પણ જાગતી નથી. અરે સ્પર્શ થઈ જાય તોય હાથ-શુધ્ધિ કરવાની આવશ્યકતા ઉભી થાય છે આવી હેય-જ્ઞેય અને ઉપાદેયની વિવેક બુધ્ધિ આત્મામાં જાગે. ત્યાગ કરવા જેવાનો ત્યાગ, ગ્રહણ કરવા જેવાનો સ્વીકાર, અને જાણવા જેવું જ્ઞાન મેળવવું આ શ્રદ્ધાલુ આત્મા ચૂકે જ કેમ!

'सद्दहंतो लहइ मुक्खं न संदेहो' જીવ, અજીવ આદિ તત્ત્વોની શ્રધ્ધા કરતો જીવ સંસાર-કેદથી જુદો પડે છે. અને મોક્ષને ક્રમશઃ મેળવે છે. એ શંકા વગરની વાત છે. તો વિકાસની કેડી-મુક્તિનું દ્વાર-ધર્મનો ધોરી રાજમાર્ગ, આત્મ-જ્ઞાનની કુંચી, ખજાનાની તીજોરી જો કોઇ હોય તો જીવના શ્વાસ જેવી એકમેક શુદ્ધ તત્ત્વોની શ્રદ્ધા જ છે. શરીર પર તમામ ભૂષણોનો શણગાર સજ્યો હોય પણ એક અધોભાગનું વસ્ત્ર ન હોય તો એ શણગારો પણ અશોભા રૂપ કહેવાય છે. તેમ ક્રિયા-

# શબ્દોનો ઉપયોગ

શ્રી એન. એમ. શાહ.

"તમે જે શબ્દો" બોલો છો તે વિચારીને બોલો છો? હા, આ વર્તમાન કાળ એ શબ્દોનો જમાનો છે, An age of words: શબ્દો" બોલવાની પણ કળા છે, અને એ તમને ન આવડે, તો ચારે બાજુથી તમારા પ્રત્યે "ઈર્ષા" અને નાહકના આક્રમણ થવાના જ. આપણા રોજબરોજના જીવનમાં આવા ગેરસમજના ઘણા દાખલાઓ બન્યા કરે છે, જેમાં તમે નિર્દોષ હોવા છતાં, શબ્દોની ભૂલ-ચૂકના કારણે આક્રમણનો ભોગ થઇ પડો છો.

અંગ્રેજીમાં એક કહેવત છે You must think before you Jump; કુદતા પહેલાં વિચાર કરો. The word init self is god- શબ્દ એ બ્રહ્મ છે, એનો ઉપયોગ કરતાં વિચાર કરો.

અમુક વ્યક્તિ ઝગડાખોર છે, અમુક ચોર છે, અમુક ગુંડો છે, બદમાશ છે, અમુક ગમાર છે, એમ કહેવાનો ખરી રીતે, તમને અધિકાર નથી કારણ કે એ "ચોર" છે, એ સાચું હોવા છતાં, એ એના જીવનના એક ભાગને જ રજુ કરે છે. એનામાં પણ સુંદર ગુણો, દયા, દાન, પવિત્રતા વગેરે રહ્યા છે, અને માનવી માત્રે આ લક્ષમાં રાખીને પછી જ એની તુલના કરવી. વળી પોતાના દોષો સામે જૂવે તો પણ ખ્યાલમાં આવે. એટલે જ મિથ્યા ઝગડાના પ્રસંગો ઉપસ્થિત થાય, એવા કાર્યોમાં વાણીનો ઉપયોગ ન કરવો જોઇએ.

વાણીના સદુપયોગ વિષે એક વાત આવી છે. એક સાધુ મહાત્મા ઊભા હતા, એમની પાસેથી ગભરાતા ગભરાતા હરણાઓ દોડયા આવ્યા, અને ગયા, પાછળ શિકારી પણ તીર કામઠું લઈને આવ્યો. એણે સાધુને પૂછ્યું "મહારાજ, અહીંથી ભાગતા હરણાઓને જોયા?" હવે સાધુ શું જવાબ આપે? એટલે મૌન રહ્યા, તેથી શિકારી સમજ્યો કે "સાધુ" જાણતા નથી, એમ સમજી જતો રહ્યો.

આપણાં જીવનમાં ઘણીવાર આવું બને છે કે જ્યારે આપણે કાંઇક "જાણીએ" છીએ, પણ એ બોલી નાખીએ, તો "ઝગડા" ઉપસ્થિત થવાનો ભય રહે છે, ત્યારે "મૌન" ગ્રહણ કરવાની જરૂર છે. 'મૌન" માનવીને તારે છે, એમાં તથ્ય છે.

રોજબરોજના નાના નાના ઝગડાઓમાં એક આ જ વૃત્તિ-ગેરસમજ કામ કરી રહી છે. "એણે મને ગાળો કેમ દીધી?" 'એણે મારૂં નામ શા માટે દીધું?" જાણે પોતાનું નામ અમર રહેવાનું હોય! તથાગત બુદ્ધની પાસે બે માણસો તકરાર કરતા આવી પહોંચ્યા. એકે કહ્યું "આણે મને કુતરા જેવો કહ્યો?" બીજાએ કહ્યું "આણે મને બિલાડા જેવો કહ્યો? તો હવે તે તેમ જ થશે ને?" ત્યારે તથાગતે ગંભીર થઇને કહ્યું; "ભાઇ જેની જેવી બુદ્ધિ તેવો તે થશે."

---

સંયમ, તપ, જપ, પૂજા, પાઠ, સ્વાધ્યાય, શુશ્રૂષા, આરાધના આ સઘળુંય કરતા હોય પણ વીતરાગની આજ્ઞાઓ પર વિશ્વાસ ન હોય તો યોગનિષ્ઠ આનંદઘનજી મહાત્મા કથે છે કે, 'ઇણુવિધ બહુત દફે કર લીનો'-સમ્યક્ત્વ-સુશ્રધ્ધા ન હોય અને સઘળુંય અનેક વખતે કરાય તો પણ કંઇજ સફલતા થતી નથી. એકડા વિહુણા મીડાં જેવી શ્રદ્ધા વગરની ક્રિયા છે. તો એકડો ઘુંટો આત્મશ્રધ્ધાનો.

આ નાનકડા દૃષ્ટાંતમાં કટાક્ષ અને ઉત્તર બન્ને રહેલા છે.

શબ્દોની દુનિયામાં જીવવા માટે શબ્દોનો ઉચિત ઉપયોગ સમજવો જરૂરી છે.

Words are Iike arrous that touch the heart શબ્દો તો તીખાં બાણ છે, એ હૃદયને ધારી ચોટ કરે છે. આ માટે એક કલ્પિત દૃષ્ટાંત છે. એક માણસને અને એક સિંહને ખૂબ ભાઈબંધી હતી. બન્ને સાથે હરતા, અને ફરતા. એક દિવસ માણસે સિંહને ગાળ દીધી. પણ ભાઈબંધ હોવાથી એ કાંઈ બોલ્યો નહિ. એક દિવસ એણે પેલા માણસને કહ્યું; "તું મને પગે કુહાડી મારને?" માણસે તેમ કર્યું. થોડા દિવસ ગયા પછી પેલા સિંહે કહ્યું "અરે મૂર્ખ માનવી, જો તેં કુહાડીનો ઘા માર્યો તે તો રૂઝાઈ ગયો, પણ શબ્દોનો ઘા હજુ નથી મટયો, માટે જા હવે તારી અને મારી ભાઈબંધી ખતમ!'

શબ્દોના ઘા કદી રૂઝાતા નથી, એટલે એક પણ કટુ વેણ કાઢતા પહેલાં વિચાર કરજો.

'"એક મહાન કળા" નામના લેખમાં વિચારણીય લખ્યું છે કે, "વાણી એ બુધ્ધિ અને સંસ્કારની આરસી છે. વાણી પરથી જ મનુષ્યની કિંમત આંકી શકાય છે. સુંદર અને અસરકારક વાણી એ એક મહાન કળા છે. સંત મહાત્માઓ અને સાહિત્યસ્વામીઓની વાણીમાં કળાની ઝલક અવશ્ય જોવામાં આવે છે. એ વાણીની તાકાત કલમમાં ઉતરે છે. વાણી જોરદાર બનાવવા વિવેકપૂર્વક સત્યનો આશરો લેવો જોઈએ. સત્યના શબ્દ પ્રયોગમાં રામબાણ જેવી અનેરી તાકાત છે. એ પ્રયોગ કદી નિષ્ફળ નથી જતો. એને શ્રવણ કરનાર આનંદસિંધુમાં મગ્ન થઈ જાય છે. સરળતા એ એનું ભૂષણ છે,"

## સર્વ દુઃખોનું મૂળ

આ નભમાં તરતો અનંત પ્રકાશ અને ઉષ્માનો પ્રવાહ જોયો? એ સૂર્ય અમૂલ્ય ઉપદેશ પાઠવે છે— 'બીજાને પ્રકાશનું પ્રદાન કરવા માટે સમર્પણનો આનંદ અનુભવે છે. માટે જ તેનો પ્રકાશ વળતરની કલ્પનાના અભાવમાંથી જન્મે છે. પ્રકૃતિના લગભગ બધા જ તત્ત્વોએ જાણે આ મહાન સિદ્ધાંત સ્વીકાર્યો છે. પણ અરે! આ દુન્યવી સંસાર જે પોતાના જીવનતંતુનો આધાર આજ પ્રકૃતિના તત્ત્વો પર રાખે છે, તે ભાગ્યે જ ત્યાગ અને બલિદાન માટે આ પ્રકૃતિના મહાન તત્ત્વો પાસેથી પ્રેરણા મેળવે છે; અને આ મહાન ભોગ અને બલિદાનના સિધ્ધાંતનો ઉપદેશ-શો?

જ્યારે પ્રકૃતિ હરદમ આપણે માટે જ ત્યાગ-બલિદાનથી વહી રહે ત્યારે સંસારના માનવી પ્રતિક્ષણ વળતર-બદલો-સોદા અને સ્વાર્થમાં જ રમે ત્યારે આપણે કેટલા હલકા પડી જઈએ છીએ. ત્યાગ-બલિદાનના આ મહાન સિધ્ધાંતને નકારવાથી તે પ્રતિ આંખમિંચામણાં કરવાથી દુઃખની ઉત્પત્તિ છે. અહિં જ સંસારની કટુતા અને સર્વ સંવેદનાઓનું મૂળ છે.

શ્રી નિપુણ તાસવાલા.

( પ્રો. ઘનશ્યામ જોષીના સૌજન્યથી )

# ❁ જૈનદર્શનનો કર્મવાદ ❁

## વિપાક હેતુએ કર્મપ્રકૃતિઓનું વર્ગીકરણ.

—માસ્તર ખુબચંદ કેશવલાલ—સિરોહી (રાજસ્થાન)

પુદ્ગલ પરમાણુ અને સ્કંધોના સંઘાત, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન વગેરે અનંત પરિણામો હોય છે, તે દરેક પરિણામોમાં ઘણી વિચિત્રતાઓ છે. સર્વ અવાંતર પરિણામોના મૂળતત્ત્વરૂપ એક અગુરૂલઘુ નામનો વ્યાપક પરિણામ પણ હોય છે. તેનું નામ અગુરૂલઘુ પર્યાય પરિણામ કહેવાય છે. જીવોનું શરીર પુદ્ગલ પરમાણુઓનું બને છે. જેથી જીવે ગ્રહણ કરેલ શરીરાદિના સ્કંધોમાં પણ આ અગુરૂલઘુ પર્યાય પરિણામ થાય છે. શરીરના સ્કંધોમાં આ પરિણામ પ્રત્યેક જીવનની જુદી જુદી પરિસ્થિતિ અને સંયોગો પ્રમાણે વિચિત્ર વિચિત્ર જાતનો હોય છે. અને એ વિચિત્રતામાં કર્મ જ કારણ છે. કયા જીવના શરીરમાં કઈ જાતના અગુરૂલઘુ પર્યાયનો કઈ જાતનો પરિણામ થાય તેને અગુરૂલઘુ નામકર્મ જીવવાર નક્કી કરી આપે છે. એટલે શરીરમાં ઉત્પન્ન થતા અગુરૂલઘુ પ્રયોગ પરિણામનું નિયામક તે અગુરૂલઘુ નામકર્મ છે, જીવોનું સંપૂર્ણ શરીર લોઢા જેવું ભારે ન થાય, તેમ રૂ જેવું હલકું ન થાય એવી અગુરૂલઘુ પર્યાયવાળી તે શરીરની રચના આ કર્મથી થાય છે. સ્પર્શ નામકર્મમાં ગુરુ અને લઘુ એ બે સ્પર્શ કહ્યા છે તે શરીરના અમુક અમુક અવયવમાંજ પોતાની શક્તિ બતાવે છે. તે એનો વિપાક આખા શરીરાશ્રિત નથી. જ્યારે આ અગુરૂલઘુ નામકર્મનો વિપાક સંપૂર્ણ શરીરાશ્રિત છે.

શરીરની રચનામાં એક એવો પણ પરિણામ પ્રગટ થાય છે કે તે પરિણામવાળા શરીરધારી ઓજસ્વી-પ્રતાપી આત્મા પોતાના દર્શન માત્રથી તેમજ વાણીની પટુતા વડે મોટી સભામાં જવા છતાં પણ તે સભાના સભ્યોને ક્ષોભ પેદા કરે, સામા પક્ષની પ્રતિભાને દબાવી દે છે. બુદ્ધિશાળીઓને પણ આંજી નાખે, સામાને આકર્ષી લે, અને સામેની વ્યક્તિ ગમે તેટલી બળવાન હોય તો પણ આ પરિણામવાળા શરીરધારી આત્માથી દબાઇ જાય છે. પ્રત્યેક જીવની પરિસ્થિતિ પ્રમાણે ઓછાવત્તા પ્રમાણમાં આ પરિણામ દ્વારા આત્મામાં ઉત્પન્ન થતી શક્તિ તે પરાઘાત શક્તિ કહેવાય છે, અને તે શક્તિ ઉત્પન્ન કરનાર જે કર્મ તે પરાઘાત નામકર્મ છે, સામેની વ્યક્તિ કરતાં પોતાનામાં પરાઘાત શક્તિ વિશેષ પ્રમાણમાં હોવાના અંગે કેટલાક ઉત્સૂત્ર પ્રરૂપકો-નિહ્નવો-મિથ્યાવાદિઓની પણ અસત્ પ્રરૂપણાની અસર અનેક આત્માઓ પર તુરત પડી જાય છે. અને તેથી તેવાઓના અનુયાયી વર્ગની સંખ્યા વિશેષપણે વૃદ્ધિ પામવાથી કેટલાક ભદ્રિક આત્માઓના હૃદયમાં આશ્ચર્ય પેદા થાય છે. આવા પ્રરૂપકોની પ્રરૂપણા અસત્ હોય તો અનુયાયી વર્ગ કેમ વૃદ્ધિ પામે એવી મિથ્યા શંકા આ પરાઘાત નામકર્મનું સ્વરૂપ સમજનારના હૃદયમાં કદાપિ ઉપસ્થિત થતી નથી.

પરાઘાત કર્મ રૂપ પુણ્ય પ્રકૃતિના યોગે આજે અસત્ પ્રરૂપકો ભલે ફાવી જતા હોય પરંતુ તે પુણ્ય ખલાસ થઇ ગયા બાદ મિથ્યા પ્રરૂપણા કરવાથી બંધાએલ ઘોર કર્મની વિટંબનાઓ તો તેમને અવશ્ય ભોગવવી પડશે. આ પરાઘાત શક્તિથી વિપરીત ઉપઘાત નામે એક એવો પરિણામ કેટલાક પ્રાણિઓના શરીરમાં ઉત્પન્ન થાય છે. કેટલાંક પ્રાણિઓના શરીરમાં જરૂરી અંગોપાંગ સિવાય વધુ પડતાં અંગોપાંગો આપણે જોઇએ છીએ, જેમકે શરીરની અંદર વધેલ પ્રતિજિહ્વા એટલે જીભ ઉપર થયેલી બીજી જીભ, ગલવૃંદક એટલે રસોળી, ચોરદાંત એટલે દાંતની પાસે ધારવાળા નીકળેલા બીજા દાંત, હાથપગોમાં છઠ્ઠી આંગળી એ વગેરે શરીરમાં કાયમી હરકત કરનારાં આવાં વિચિત્ર જાતનાં અંગોપાંગ રૂપ ઉપઘાતજનક પ્રયોગ પરિણામની ઉત્પત્તિ થવાથી જીવ પોતાના જ અવયવો વડે હણાય છે, દુઃખી થાય છે. કારણ કે ઉપરોક્ત પ્રતિજિહ્વા વગેરે જીવને ઉપઘાત કરનારજ થાય છે. આવા ઉપઘાતજનક પ્રયોગ પરિણામ ઉત્પન્ન કરનારૂં કર્મ તે ઉપઘાત નામકર્મ છે.

વળી અમુક જીવોના શરીરમાં "આતપ" નામે એક એવો પરિણામ ઉત્પન્ન થાય છે કે–તેને આપણે સ્પર્શ કરીએ તો ઠંડુ લાગે, પરંતુ તેમાંથી બહાર પડતા કિરણો દૂર દૂર ગરમ લાગે, અને બીજી વસ્તુને

પણ ગરમ કરી દે. જેનો સ્પર્શ ગરમ હોય તેનો પ્રકાશ તો ગરમ હોય (અગ્નિની માફક) તે સ્વાભાવિક છે, પણ આ આતપ નામે પરિણામમાં તો ખૂબી એ છે કે–તે પરિણામ પામેલા શરીરનો સ્પર્શ શીત અને પ્રકાશ ઉષ્ણ છે. આવો પરિણામ જગતના બીજા કોઈ પ્રાણિઓના શરીરમાં નહિ હોતાં માત્ર સૂર્યના વિમાનની નીચે રહેલા બાદર પૃથ્વીકાયના જીવોને જ હોય છે. સૂર્યનું બિંબ જે આપણે જોઇએ છીએ તે એક જાતની પાર્થિવ રચના છે. જેમ સોનું, લોઢું વગેરે, અને તેમાં સૂર્યનામની દેવજાતિ રહે છે. પરંતુ એ પાર્થિવ બિંબમાં પૃથ્વીકાય જીવો ઉત્પન્ન થાય છે. અર્થાત્ એ બિંબ અસંખ્ય પાર્થિવ જીવોના શરીરોના સમૂહરૂપ હોય છે. તેમાં મૂળ સ્થાને ગરમી નથી પણ દૂર દૂર વધારે ને વધારે ગરમી હોય છે, જો કે આ એક વિચિત્ર શોધ છે પણ તે ખાસ જાણવા જેવી છે. સૂર્યનો તાપ આપણને ઉષ્ણ લાગે છે પણ શાસ્ત્રકારો આપણને સમજાવે છે કે–સૂર્ય પોતે એટલો ગરમ નથી. આવો આતપ પરિણામ જીવોના શરીરમાં ઉત્પન્ન કરનાર કર્મ તે આતપ નામકર્મ ઓળખાય છે.

હવે આપણે કેટલાંક પ્રાણિઓનાં શરીરો ચમકતાં જોઇએ છે. તે ચળકાટ ગરમી પેદા નહિ કરતાં ઠંડક પેદા કરે છે. આવા ઉદ્યોત–કાંતિ–પ્રભા નામના પ્રયોગ પરિણામનું પ્રેરક તે ઉદ્યોત નામકર્મ છે. આવો શીત પ્રકાશ રૂપ ઉદ્યોત (ચળકાટ) લબ્ધિવંત મુનિ મહાત્માઓના તથા દેવતાના ઉત્તર વૈક્રિય શરીરમાં, ચંદ્ર–ગ્રહ–નક્ષત્ર અને તારાના વિમાનની નીચે રહેલા પૃથ્વી કાયના શરીરમાં તેમજ કેટલીક વનસ્પતિ વગેરેમાં પણ હોય છે. આ ઉદ્યોતનો સ્પર્શ અને પ્રકાશ બન્ને શીત હોય છે. ખજૂઆ (ચૌરિંદ્રિય જીવ), મણિ, રત્નાદિકમાં પણ આવા પ્રકારનો ઉદ્યોત હોય છે.

શરીરમાં અમુક અવયવો સ્થિર જોઇએ અને અમુક અવયવો અસ્થિર પણ જોઇએ. આખું શરીર સ્થિર કે આખું શરીર અસ્થિર હોય તો પણ કામ કરી શકે નહિ. અથવા તો જે અવયવો સ્થિર જોઇએ તે અસ્થિર હોય અને જે અસ્થિર જોઇએ તે સ્થિર હોય તો પણ કામ કરી શકે નહિ. જેમ અંગોપાંગની રચના શરીરના અમુક સ્થાનને લક્ષીને જ થાય છે, તેમ અવયવોની સ્થિરતા અને અસ્થિરતા પણ તે તે અવયવોને અનુલક્ષીને જ થાય છે. જેમ વાળવાં હોય તેમ વળે તેવાં અવયવો અસ્થિર કહેવાય છે, અને જેમાં સ્થિરતા–નક્કરપણું હોય તે સ્થિર કહેવાય છે. હાડકાં–દાંત વગેરે સ્થિરજ જોઇએ, અને હાથ, પગ, આંખ, જીહ્વા વગેરે અસ્થિર જોઇએ. અવયવોમાં આવો સ્થિરતા અને અસ્થિરતા રૂપ પરિણામ ઉત્પન્ન કરનાર તે અનુક્રમે સ્થિરનામકર્મ અને અસ્થિર નામકર્મ છે.

અંગોપાંગની રચનારૂપ પરિણામનું નિયામક અંગોપાંગ નામકર્મ આગળ દર્શાવ્યું છે. પરંતુ તે અંગોપાંગમાં કેટલાંક અવયવો જેવાં કે હાથ, મસ્તક વગેરે મનુષ્યાદિકના શરીરના નાભિથી ઉપલા ભાગનાં અવયવો શુભ ગણાય છે. અને પગ વગેરે શરીરના નીચેના ભાગનાં અવયવો અશુભ ગણાય છે. જે અવયવોનો સ્પર્શ અને દૃશ્ય અન્યને રુચિકર લાગે તે અવયવો શુભ છે, અને અન્યને અરૂચિકર લાગે તે અશુભ છે, કોઈને પગ અડકે છે તો અરુચિકર લાગે અને મસ્તક કે હાથ અડકે છે તે રૂચિકર લાગે છે. વડીલ કે પૂજ્ય ગણાતી વ્યક્તિનો સત્કાર શુભ ગણાતાં અવયવોના સ્પર્શ કરવા વડે જ ગણાય છે. તેમના ચરણમાં શિર ઝુકાવાય, બે હાથ જોડવા વડે નમસ્કાર કરાય તે સત્કારપાત્ર ગણાય છે. આ પ્રમાણે રુચિ અને અરુચિપણું પેદા કરવાના હિસાબે જ તે અવયવોમાં શુભાશુભપણું છે. કેટલીક વખત મોહની ઉત્કટતાને લીધે અન્યનાં અશુભ કહેવાતા અંગોનો સ્પર્શ પણ કેટલાકને ગમે છે તો તેમાં શુભતા ન ગણતાં સ્પર્શ અનુભવનાર વ્યક્તિની મોહની ઉત્કટતા જ સમજવી.

સંત પુરુષોનો ચરણસ્પર્શ તે ભક્તિના લીધે સમજવો. અહિં તો વસ્તુસ્થિતિનો વિચાર થાય છે. માટે મોહની ઉત્કટતાને લીધે કે ભક્તિને લીધે થતા સ્પર્શથી ઉપર મુજબ કહેલા શુભાશુભપણાના લક્ષણમાં દોષ સમજવો નહિ. અવયવોમાં આ પ્રમાણે શુભાશુભપણાના પ્રેરક તે અનુક્રમે શુભ અને અશુભ નામકર્મ છે. આ બન્ને કર્મો તે અવયવોને સારાં નરસાં ગણાવે છે. આમાં કંઈ પણ પુદ્ગલનું પરિણમન નથી.

પરંતુ અંગોપાંગ નામકર્મદ્વારા પરિણત અંગોપાંગોમાં શુભાશુભપણું ગણાતું હોવાથી અંગોપાંગ નામકર્મની માફક આ બન્ને (શુભ–અશુભ નામકર્મ) કર્મ પ્રકૃતિઓને પણ પુદ્ગલવિપાકી કહેવાય છે.

દરેક જીવ ઉત્પત્તિ સ્થાને ઉત્પન્ન થતાંની સાથે જ શરીર નામકર્મના ઉદયે સ્વશરીરયોગ્ય શરીર વર્ગણાનાં પુદ્ગલોનું ગ્રહણ અને ઉપર જણાવેલ અન્ય પુદ્ગલ-વિપાકી કર્મ પ્રકૃતિઓ વડે પરિણમન કરવા દ્વારા પોતપોતાનું સ્વતંત્ર એક શરીર તૈયાર કરે છે. આવી રીતે જે કર્મના ઉદયે એક એક જીવને ભિન્ન ભિન્ન શરીર પ્રાપ્ત થાય તે કર્મને પ્રત્યેક નામકર્મ કહેવાય છે. પરંતુ પ્રત્યેક નામકર્મથી વિપરીત એક સાધારણ નામકર્મ નામે એવું કર્મ છે કે તે કર્મ દ્વારા અનંતા જીવો વચ્ચે માત્ર એક જ શરીરની નિષ્પત્તિ થાય છે.

આ સાધારણ નામકર્મના ઉદયવાળા અનંતા જીવો તથાપ્રકારના કર્મોદયના સામર્થ્યથી એક સાથેજ ઉત્પત્તિસ્થાનને પ્રાપ્ત થાય છે અને એક સાથે જ તેઓના શરીરની નિષ્પત્તિ થાય છે. આ શરીરમાં ઉત્પન્ન થતા જીવોમાં એકનો જે આહાર તે તે શરી-રમાં ઉત્પન્ન થયેલા બીજા અનંતાનો, અને અનં-તાનો જે આહાર તે વિવક્ષિત એક જીવનો હોય છે.

શરીરને લગતી સઘળી ક્રિયા જે એક જીવની તે અનંતાની અને અનંતાની જે ક્રિયા તે એક જીવની એ પ્રમાણે સમાન જ હોય છે. આહાર, શ્વાસોચ્છ્વાસ યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ એ વગેરે શરીરને લગતી ક્રિયા અંગે પણ એ પ્રમાણે જ સમજવું. આમાં એક એ સમજવું જરૂરી છે કે–આ જીવોમાં શરીરને લગતી સઘળી ક્રિયા સમાન હોય છે. પરંતુ કર્મનો બંધ, ઉદય, આયુનું પ્રમાણ એ કંઈ સઘળા સાથે ઉત્પન્ન થયેલાંને સરખા જ હોય છે એમ નથી. સરખાએ હોય અને ઓછાવત્તા પણ હોય છે. એટલે સાધારણ નામકર્મ તો એક શરીરમાં અનંતા જીવોને રહેવાની ફરજ પાડે છે. અનંતાજીવો વચ્ચે આ હિસાબે એક શરીર હોઇ શકે બાકી એક જીવને માટે ઘણાં શરીર હોય તેવું કદાપિ બનતું નથી. કોઇ કોઇ વખત પેપરો દ્વારા બે શરીર સાથે જોડાઈ જન્મ પામેલ બાળકોનું આપણે સાંભળીયે છીએ, તેમાં સંપૂર્ણપણે બે શરીર હોતા નથી. અમુક અવયવો જ ડબલ હોય છે, પણ તે તો ઉપઘાત, વિકાર કહેવાય છે. આવા અવયવોની નિષ્પત્તિ તો પ્રથમ કહેવાઇ ગયેલા ઉપઘાત નામકર્મના યોગે જ થાય છે.

મનુષ્ય, દેવ, નારક, તિર્યંચપંચેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇંદ્રિય, ચૌરિન્દ્રિય, પૃથ્વી, અપ, તેઉ, વાઉ, પ્રત્યેક વનસ્પતિ એ સર્વે જીવો પ્રત્યેક નામકર્મના ઉદયે પ્રત્યેક શરીર જીવો છે. અને સૂક્ષ્મનિગોદ અથવા બાદરનિગોદ (બટાકા શકરીયા વગેરે કંદમૂળ) ના જીવો સાધારણ નામકર્મના ઉદયે સાધારણ શરીર હોય છે.

હવે અહીં સ્હેજે વિચાર ઉદ્ભવે છે કે–એક શરીરમાં અનન્ત જીવોનો સમાવેશ શી રીતે થઇ શકે? તેનું સમાધાન એ છે કે–એક પદાર્થમાં બીજા પદા-ર્થને રહેવાની બે રીત સ્પષ્ટ દેખાય છે (૧) અપ્રવેશ રીતિ અને (૨) પ્રવેશ રીતિ. એક પદાર્થ અન્ય પદાર્થને કેવળ સ્પર્શ કરીને ભિન્નપણે રહે તે અપ્રવેશ રીતિ. જેમ એક મોટી ડબ્બીમાં તેનાથી નાની ડબ્બી રાખી હોય તે મોટી ડબ્બીને કેવળ સ્પર્શ કરીને ભિન્નપણે રહે છે તે અપ્રવેશ રીતિ છે.

એક પદાર્થ અન્ય પદાથમાં માત્ર સ્પર્શીને ભિન્ન-પણે ન રહેતાં સંક્રમીને રહે તે પ્રવેશ રીતિ અથવા સંક્રાન્ત રીતિ કહેવાય છે. જેમ લોખંડના ગોળામાં અગ્નિ, એક દીપકના તેજમાં બીજા દીપકનું તેજ, ઇત્યાદિનું અવગાહન તે પ્રવેશ રીતિ અથવા સંક્રાન્ત રીતિ કહેવાય છે. ક્ષેત્રમાં ક્ષેત્રી એટલે આકાશમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનો અવગાહ સંક્રાન્તાવગાહ છે.

પુદ્ગલમાં પુદ્ગલનો અવગાહ સંક્રાન્ત (પ્રવેશરીતિ) અને અસંક્રાન્ત (અપ્રવેશરીતિ) એમ બન્ને પ્રકારનો હોય છે. અસંક્રાન્ત (અપ્રવેશરીત) તો મોટી ડબ્બીમાં નાની ડબ્બી રહી શકે એ દૃષ્ટાંતથી સમજી શકાય તેવી વસ્તુ છે. અને સંક્રાન્ત અવગાહના અંગે એક દીપકના તેજમાં બીજા દીપકનું તેજ પ્રવેશતું આપણે પ્રત્યક્ષ જોઈએ છે.

પુદ્ગલોમાં પુદ્ગલો પરસ્પર સર્વાંશે પ્રવેશ કરીને

રહી શકે છે એ વસ્તુ અતિ સ્પષ્ટપણે સમજાવતાં શાસ્ત્રકારો કહે છે કે- એક પરમાણુમાં બીજો પરમાણુ, તેમાં ત્રીજો પરમાણુ, તેમાં જ ચોથો, પાંચમો, સંખ્યાત, યાવત્, અનંત પરમાણુઓ તે એક વિવક્ષિત પરમાણુમાં પ્રવેશ કરી શકે છે. અને તેથી જ અનન્ત પ્રદેશી સ્કંધોની પણ એક આકાશ પ્રદેશ જેટલી અવગાહના સિદ્ધ થઇ શકે છે. શ્રી લોકપ્રકાશ તથા શ્રી ભગવતી સૂત્રના ૧૩ મા શતકના ચોથા ઉદ્દેશાની વૃત્તિમાં સ્પષ્ટ જણાવે છે કે-ઔષધિના સામર્થ્યથી એક કર્ષ (તોલા) પારામાં ૧૦૦ કર્ષ (તોલા) સોનું પ્રવેશ કરે છે છતાં તે એક કર્ષ પારો વજનમાં વધતો નથી. વળી ઔષધિના સામર્થ્યથી ૧૦૦ કર્ષ સોનું અને એક કર્ષ પારો બન્ને જુદાં પણ પડી શકે છે. આ પ્રમાણે રૂપી પદાર્થો પણ એક બીજામાં પ્રવેશ કરીને રહી શકે છે તો નિગોદ અથવા બટાકા વગેરે કંદમૂળમાં અરૂપી એવા અનંતા જીવો પોતપોતાની જુદી અવગાહના નહિ રોકતાં એકજ અવગાહમાં સર્વે પરસ્પર એકબીજામાં સંક્રમીને (પ્રવેશ કરીને) રહી શકે તેમાં કંઈ આશ્ચર્ય નથી. કારણ કે દ્રવ્યોના પરિણામ-સ્વભાવ વિચિત્ર હોય છે.

હવે પુદ્ગલમાં પુદ્ગલનો અવગાહ તો સંક્રાન્ત અને અસંક્રાંત એમ બન્ને પ્રકારનો હોય છે, પરંતુ પુદ્ગલમાં આત્માનો અર્થાત્ શરીરમાં આત્માનો અને એક જીવમાં બીજા જીવોનો અવગાહ તો સંક્રાન્ત જ હોય છે. અને તેથી જ શરીરમાં રહેલો આત્મા કયાંય ભિન્ન દેખાતો નથી.

નિગોદ-શરીરમાં એક જીવ સંક્રાન્ત અવગાહે એટલે પરસ્પર તાદાત્મ્યપણે રહેલો હોય છે. તેમ બીજો જીવ પણ તેમાં સંક્રમીને રહેલો હોય છે. તેવી રીતે ત્રીજો જીવ, તેવી જ રીતે ચોથો જીવ એમ યાવત્ સંખ્યાત જીવ, અસંખ્યાત જીવ અને અનન્ત જીવો પણ પરસ્પર એકબીજામાં પ્રવેશ કરી સંક્રમીને રહે છે, જેથી એક શરીરમાં જુદે-જુદે સ્થાને અથવા જુદો જુદો અવગાહ રોકીને રહેલા હોય એમ નથી. પરંતુ સર્વે જીવો એક જ શરીરમાં સરખી અવગાહનાએ પરસ્પર પ્રવેશ કરીને રહેલા હોય છે દેદીપ્યમાન એક એક દીપકના પ્રકાશ વડે જેમ ઓરડાનો મધ્ય ભાગ પૂરાય છે તેમ તેમ ઓરડામાં બીજા સેંકડો દીપકનો પ્રકાશ પણ સમાઈ જાય છે. તે દૃષ્ટાન્તથી એક શરીરમાં અનન્ત જીવોની પરસ્પર પ્રવેશ કરીને રહેવાની હકીકત અતિ સરલપણે સમજી શકાય છે. આવું અનંત જીવો વચ્ચે તૈયાર થયેલું એક શરીર તે સાધારણ (સહિયારૂં) શરીર કહેવાય છે. અને તે અનંતા જીવોના સાધારણ નામકર્મના ઉદયે આવા સાધારણ (સહિયારા) શરીરની પ્રાપ્તિ તે અનંતા જીવો વચ્ચે થાય છે. આ સાધારણ શરીરધારી જીવોને નિગોદ,- અનંતકાય કે સાધારણ વનસ્પતિકાય કહેવાય છે,

માત્ર એકજ શરીરની રચનામાં અનંતા જીવોની પુદ્ગલ વિપાકી કર્મ પ્રકૃતિઓ કામ કરતી હોઇ કહેવું પડશે કે અનંતકાયનું શરીર એ અનંતા ભાગીદારની એક પેઢી જેવું છે, દુનિયાની બીજી ભાગીદારી કરતાં આ ભાગીદારી અતિ આશ્ચર્યકારી છે. જે શરીરમાં એક ભાગીદાર રહેતો હોય તે જ શરીરમાં બીજા ભાગીદારોએ પણ રહેવું જોઇએ. શ્વાસ પણ બધાએ સાથે જ લેવો, આહાર પણ બધાએ સાથે લેવો, એકલાથી ન શ્વાસ લેવાય કે ન આહાર લેવાય. આહાર, શરીર, ઇન્દ્રિયો, શ્વાસોચ્છવાસ આ સઘળામાં અનંતા જીવોની ભાગીદારી. એવી ભાગીદારી અનંતા જીવો વચ્ચે એક શરીર બનાવી અનંતકાયમાં આત્મા સ્વીકારે છે. એવી ભાગીદારી પાંચ પચીસ વર્ષોની નહિ પરંતુ અનંતકાળની રહે છે. એ ભાગીદારીમાંથી થતો છુટકારો પુરૂષાર્થથી કે બળથી નહિ થતાં ભવિતવ્યતાના યોગે જ થાય છે આવું ભાગીદારીનું સ્થાન તો ફક્ત સર્વજ્ઞ ભગવંતોએ જ પોતાના કેવલજ્ઞાનથી જોઇ જગતના પ્રાણિઓને તેવી ભયંકર ભાગીદારીમાંથી બચી જવા દર્શાવ્યું છે.

# ક્રોધની અધમતા અને ક્ષમાની મહત્તા.

શ્રી ભવાનભાઇ પ્રાગજી સંઘવી

क्रोधाद् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो, बुद्धिनाशात् प्रणश्यति ॥

ક્રોધનું ઉદ્‌ભવસ્થાન દ્વેષ છે. દ્વેષીલો માણસ ઘણાં જીવને થકવી દે છે, કારણ કે, દ્વેષમાંથી ક્રોધ પ્રગટે છે ત્યારે તે અભિમાની બને છે. અને જ્યારે એની લગામ વાસના પકડે છે ત્યારે તે ગાંડો થઇને નાચવા લાગે છે.

આપણે કદી પણ એવા માણસનું બૂરૂં કર્યું ન હોય તેમ જ ઇચ્છયું પણ ન હોય છતાં પણ એવા દ્વેષી માણસો તો એમ સમજતા હોય છે કે, 'એ અમારા પર ઝેર ઠાલવે છે. ભલેને પછી સામી વ્યક્તિ પ્રેમામૃત રેલાવતી હોય; છતાં દૃષ્ટિમાં જ વિકૃતિ થઇ રહી હોય ત્યાં શું થાય? મુખ્યત્વે જાતિય સ્વભાવે પ્રમાણે પ્રકૃતિ, વિકૃતિ જન્મે છે.

ક્રોધ ચાર પ્રકારનો છે, પર્વત અને પૃથ્વીમાં પડેલી રેખાસમાન, રેતીમાં પડેલી રેખાસમાન અને પાણીમાં પડેલી રેખાસમાન.

પર્વત અને પૃથ્વીમાં રેખા સમાન ક્રોધવાળા જીવો નરક, તિર્યંચ ગતિઓમાં વિવિધ દુઃખોને અનુભવતા ઘણા કાળ સુધી ક્લેશ પામે છે. રેતીમાં પડેલી રેખાસમાન ક્રોધવાળો મનુષ્ય ગતિનો ભાગી થાય. અને પાણીમાં પડેલી રેખાસમાન ક્રોધવાળો દેવ ગતિને પામે છે. પણ જેઓ ક્રોધ રહિત હોય છે, એ તો નિર્વાણને યોગ્ય છે. માટે વિષ અને અગ્નિ જ્વાળા જેવા ક્રોધનો, હિતાર્થીએ તો દૂરથી જ ત્યાગ કરવો. ક્રોધ જે ચાર પ્રકારના કહ્યા છે તેમાં પત્થર ઉપર જે રેખા પડેલ છે તે ન સાંધી શકાય તેવી હોય છે, એ રીતે પ્રતિકૂળ શબ્દાદિ અને વસ્તુઓના પ્રસંગથી, પ્રિયવસ્તુના વિયોગથી અથવા મનગમતી વસ્તુઓ નહિ મળવાથી, પ્રિય વસ્તુની પ્રાપ્તિમાં વિઘ્ન કરનાર પ્રાણી ઉપર વ્યક્તિને જે ક્રોધ થાય છે, તે એક જન્મ પર્યંત અથવા ઘણાં જન્માન્તરો સુધી તેમનો તેમ ચાલુ રહે તો તે પર્વતમાં પડેલ રેખા સમાન છે, એ જ પ્રમાણે વાયુ અને તડકાથી શોષાયેલી પૃથ્વીમાં ચિકાશનો નાશ થતાં જે રેખા ઉત્પન્ન થાય છે, તે બાર માસ સુધી તેમની તેમ રહે છે, અને જ્યારે પાણી ભરાય ત્યારે સરખી થાય છે, એ પ્રમાણે જેને ઉત્પન્ન થયેલો ક્રોધ પોતાની બુધ્ધિથી ક્ષમાદિ ગુણોનું ચિન્તન કરતાં અથવા બીજો કોઇ જ્ઞાની મનુષ્ય ક્રોધના દોષો કહેતો હોય તે સાંભળીને માસ-સંવત્સર જેટલા કાળે કરીને શાંતિ થાય તે પૃથ્વીમાં પડેલી રેખા સમાન ગણવી.

રેતીમાં દંડ વગેરે ખેંચવાથી જે રેખા ઉત્પન્ન થાય છે તે પવન વડે પ્રેરાઇને થોડા કાલમાં સરખી થઈ જાય છે. આ પ્રમાણે મનુષ્યને કોઇ કારણથી રોષાગ્નિ પેદા થયો હોય તે ચાર મહિને તો છેવટે પશ્ચાત્તાપ વડે સીંચાતો તે રોષાગ્નિ ઓલાઇ જાય છે, તે રેતીમાં પડેલી રેખા સમાન છે, પાણીમાં હાથની આંગળી અથવા દંડ હલાવવામાં આવતાં જે રેખા થાય છે, તે ઉત્પન્ન થતાંની સાથે જ સરખી થઇ જાય છે, એ પ્રમાણે જ્ઞાનીને કંઈ કારણ મળતાં રોષ પેદા થાય, પણ પાણીના પરપોટાની જેમ તે ક્ષણે જ વિલય પામે છેવટે એક પક્ષ રહે, તે પાણીમા પડેલી રેખા સમાન છે.

બીજા ઉપર રોષ પામેલો જે મનુષ્ય પોતાનાં હૃદયમાં અમર્ષ ધારણ કરે છે, પણ તેને સફળ

કરતો નથી. તે તો ક્રોધાગ્નિથી દાઝતો વિવર્ણ મુખવર્ણવાળો અને કર્કશ દેખાવવાળો બનીને નિરર્થક તપે છે, ક્રોધ પામેલો જે મનુષ્ય બીજાને પીડા કરવા ઇચ્છે છે, તે પહેલાં તો તે પોતાનું જ શરીર રોષ રૂપી અગ્નિની જ્વાળા વડે પ્રદીપ્ત કરે છે; પછી કારણ અનુસાર બીજાને તે દુઃખ પેદા કરે અથવા ન કરે. જેમ અજ્ઞાનના દોષથી પોતાની આંગળી સળગાવીને બીજાને સળગાવવાની, ઇચ્છાવાળો મનુષ્ય પોતાને તો પ્રથમ દઝાડે જ છે. પછી બીજાને દઝાડે અથવા ન દઝાડે. એ પ્રમાણે ક્રોધશીલ મનુષ્યની બાબતમાં જાણવું.

અસમર્થ એવો ખૂબ રોષ પામીને આક્રોશ કરે તે અવિનીત, અને જેણે ગુરુકુલનું સેવન કર્યું નથી એવો નિંદનીય થાય છે. આવો માણસ રાજદરબારમાં જાય તો અર્થહાનિ અથવા શરીરહાનિ પામે અને પરલોકમાં (હલકા) મનુષ્ય અને તિર્યંચના ભવને પામે પછી કર્કશ, નિષ્ઠુર, અને કડવી વાણીરૂપ વચન-દોષથી રોષવશ થયેલો મનુષ્ય શસ્ત્ર અથવા દંડાદિથી કોઇ પર પ્રહાર કરતો તેના જેવા બળવાન વડે હણાતો કષ્ટદાયક શરીરવિનાશને અનુભવે છે. ચિત્તની કલુષિત અવસ્થા તથા દયાહીનતાને કારણે ઉપાર્જિત કરેલા પાપકર્મના દારૂણ ફળરૂપે વિવશ એવો તે દુર્ગતિમાં જઇને અનેક પ્રકારના છેદન ભેદનાદિ દુઃખો ભોગવે છે.

નિરપરાધીને પોતાના સમર્થપણાના અભિમાનથી આક્રોશ, વધ, બંધનવડે પીડતો એવો ઇર્ષાગ્નિથી બળતો ક્રૂર, નિર્દય, પાપાચારી મનુષ્ય નહીં જોવા લાયક અને ત્યાગ કરવા લાયક છે. એટલે કે સર્વત્ર નિંદનીય થાય છે. પરલોકમાં પણ તે નિમિત્તે આક્રોશ, ત્રાસ અને તાડન પીડન વડે સેંકડો વ્યાધિઓ વડે પીડાતો નરક, તિર્યંચ યોનિઓમાં દુઃખ મરણને અનુભવતો ઘણાં લાંબા કાળે જ્યારે અશુભ ક્ષીણ થાય છે, ત્યારે જ તે સુખ પામે છે. માટે ક્રોધનો દૂરથી જ ત્યાગ કરી ક્ષમાવૃત્તિ પ્રગટાવો.

એટલે જ નિર્બળ પુરૂષોનું બળ ક્ષમા જ છે, અને એ જ ક્ષમા બળવાનોનું પરમ ભૂષણ છે. ક્ષમા દ્વારા સંસારને વશ કરી શકાય છે સંસારમાં એવું કયું કામ છે; કે ક્ષમા વડે સિદ્ધ ન થઇ શકે? ક્ષમા દાખવવાથી ગમે તેવો ક્રોધી, દ્વેષી માણસ હશે તો પણ તેનાં મૂળ સ્વરૂપમાં અવશ્ય ફેર પડશે જ. સંતાપ રહિત જેની પાસે સુખરૂપ જઈ શકાય એવા સૌમ્ય અને બહુમાન્ય ક્ષમાગુણનું સેવન કરનાર જીવ આ લોકમાં પૂજનીય અને યશસ્વી બને છે. અને પરલોકમાં પણ મનુષ્યભવ અને દેવ ભવમાં લોકોનાં નયનોને પ્રિય, મધુરવાણીવાળો તે જીવ તે તે ભવને યોગ્ય સુખો ભોગવતો સ્થાન અને પાત્રતાને પામે છે.

પોતાનાં કાર્યનું સાધન કરવામા અંધ, અન્યને પીડા આપવામાં કાર્યસિદ્ધિ જોતો તથા ગુણદોષના વિચાર વગરનો કોઇ પણ મનુષ્ય અજ્ઞાનના કારણે કોપ કરે તો બુદ્ધિવાળાઓએ આ પ્રમાણે વિચાર કરવો. મૂઢતાને કારણે આ બિચારો રોષાગ્નિને પોતે જ સળગાવીને પતંગિયું જેમ દીપકમાં પ્રવેશે તેમ એના પરિણામી દોષ સમૂહને નહિં જોતો બાપડો પોતે જ તેમાં પ્રવેશે છે, માટે એ રોષના દોષો જાણતા અને અનુકંપા યુક્ત એવા મારે તેને શાન્ત કરવો જોઇએ. સામા ક્રોધ કરવાનું મને શોભતું નથી. વિષમ ભૂમિ પ્રદેશમાં આવી પડેલા આંધળાની જેમ. શોચનીય પરિસ્થિતિમાં આવી પડેલા આ મનુષ્યને મારે તો ઉપદેશ રૂપી હાથ આપીને ઉપકાર કરવો જોઇએ, પરંતુ

તેમાં જ પ્રવેશવાનું મારે માટે યોગ્ય નથી.'

જે આ પ્રમાણે વિચાર કરે તેને પાણીથી ભરેલા સરોવરને અગ્નિના કણની જેમ ક્રોધ કેમ તપાવી શકે ? એટલે કે "જ્યાં અગ્નિ જ નથી અને ઠંડુગાર પાણી જ ભર્યું છે ત્યાં ક્રોધ કોને ગરમ કરે ?" તેમ જ જિનવચન રૂપ જળ વડે સીંચાયેલા ચિત્તકમળવાળો મનુષ્ય એમ વિચાર કરે કે, 'દુઃખી એવો સામો માણસ મને પીડા આપતાં પણ બાપડો શાંતિ મેળવતો હોય તો ભલેને એ રીતે વિશ્રામ પામે, આવી અવસ્થામાં રહેલા એવા બિચારા જીવ પર મારે ક્રોધ ન કરવો જોઈએ. અથવા એના જેવા મારે ન થવું જોઈએ, મને તો આ રીતે ક્ષમારત્નનો લાભ મળે છે, એ જ મારે માટે જાણે કે સંતોષનું સ્થાન છે. જો મેં ભવાન્તરમાં કોઈને આ પ્રકારે કર્કશ વચનોથી પીડા આપી તેનું જ આ ફળ હોય તો પણ મારો ઋણથી છુટકારો થાય છે. માટે ઋણમુક્તિ રૂપ પ્રિય વસ્તુમાં ક્રોધ કરવાનું મને શોભતું નથી.' એ પ્રમાણે પ્રસંગોમાં ક્ષમામાર્ગે રહેલા જીવો રોષ રૂપી જંગલી દાવાનળના માર્ગનો દૂરથીજ ત્યાગ કરીને નિર્વાણના માર્ગે ચઢીને ટૂંક સમયમાં જ દુઃખનો અંત કરનારા બને છે." "વીરનું ભૂષણ શું ?" "ક્ષમા."

મનુષ્યનું ભૂષણ સુંદર રૂપ છે, પણ જ્યારે સદ્‌ગુણ હોય તો જ તે સુશોભિત જણાય છે, અને સદ્‌ગુણોનું ભૂષણ જ્ઞાન છે, પણ જો ક્ષમા પક્ષે રહી જ્ઞાનનો ઉપયોગ થાય તો જ એ જ્ઞાન સાચું કહી શકાય છે. (જો કોઇ પણ કડવી વાતોને પ્રસન્નતાપૂર્વક સહન ન કરી શકાય તો રૂપ, જ્ઞાન અને સર્વ પ્રકારના ગુણો નકામા છે) ક્ષમા ગુણ જેવો નિર્વાણ સમીપે પહોંચાડનારો બીજો કોઇ ભોમીયો નથી.

## વિચારવા જેવાં સુવાક્યો

દુઃખ જન્મે છે, પોષાય છે અને વધે છે. બહારના બીજા શારીરિક કષ્ટો કે અકસ્માત આવી પડેલી સ્થિતિનું દુઃખ એ તો પતંગરંગ જેવું ક્ષણિક છે. તે તે દુઃખનું વેદન થવું કે ન થવું તેનો આધાર વાસના પર છે. આટલું જેણે જાણ્યું, વિચાર્યું અને અનુભવ્યું તેઓ જ આ સંસારની પાર જવાને પ્રયત્ન કરી શકયા છે.

જેને સાધનો અધિક છે તેને જ સામાન્ય દુઃખ અતિદુઃખરૂપ નીવડે છે.

આ સંસાર અટવી છે, જીવ મુસાફર છે, અને ધર્મ ભાતું હોય તો જ જે ગતિ પામે ત્યાં તે શાંતિ મેળવી શકે છે, અને એમ સંસારરૂપી આખી અટવી સુખેથી પસાર કરી શકે છે.

જે જીવાત્મા કામભોગોને સ્વયં નથી તજતો તેને કામભોગો તજી દે છે; માટે પોતાની જાતે તજેલા કામભોગો દુઃખકર નહિ પણ સુખકર નીવડે છે.

કુકર્મનાં પરિણામ કડવાં છે. દુરાત્માની દુષ્ટ વાસનાને અનુસરવામાં ખૂબ જોખમ છે. એક માત્ર સહજ ભૂલથી આ લોક અને પરલોકમાં અનેક સંકટો સહેવાં પડે છે. દુર્ગતિનાં દારૂણ દુઃખો સાંભળતાં પણ ત્રાસ ઉપજાવે તેવાં હોય છે, તો અનુભવની તો વાતજ શી ?

શ્રી દલીચંદ ભુદરભાઇ ગાંધી,

# दिगम्बर जैन समाज कलकत्ता की आवश्यक विज्ञप्ति

समस्त भारतवर्षीय दिगम्बर जैन समाज की जानकारी के लिये यह सूचना निकाली जाती है-

सोनगढ के श्री कानजी स्वामी, जो पहले स्थानकवासी साधु थे और अब अपने को विधिवत् दीक्षित न होते हुये भी दिगम्बर जैन कहते हैं तथा उनके व्याख्यानों से प्रभावित हो कर बहुत से स्थानकवासी भाई बहनें भी उनके बताये हुये सिद्धान्तों के अनुसार अपने को दिगम्बर जैन मानने लगे हैं। उनके व्याख्यानों के दैनिक प्रकाशन एवं पाक्षिक प्रकाशन बडे बडे शहरों में आते हैं जिससे कुछ दिगम्बर जैन भाईयों का झुकाव भी उधर हो रहा है । कुछ शास्त्रों का प्रकाशन भी सोनगढ से हुआ है एवं इधर दो तीन मास से श्री कानजी स्वामी अपने सिद्धान्तों का प्रचार करने के लिये भारत का संघ सहित दौरा कर रहे हैं। पूज्य मुनिराजों त्यागियों एवं समाज के प्रमुख विद्वानो द्वारा इनके सिद्धांतों को दिगम्बर जैन आम्नाय के प्रतिकूल बताने के कारण बम्बई इन्दौर फिरोजाबाद आदि कई स्थानों पर कानजी स्वामी के साथ शान्त वातावरण में तत्त्वचर्चा करने की कोशिशे की गई पर सफलीभूत न हुई । अन्त में तीर्थराज श्री सम्मेदशिखर पर भी पूज्य क्षुल्लक श्री १०५ श्री गणेशप्रसादजी वर्णी के सानिध्य में चर्चा की योजना बनाई गई एवं सभी प्रमुख विद्वान एकत्रित किये गये पर श्री कानजी स्वामी चर्चा करने को तैयार नहीं होने के कारण तत्त्वचर्चा की यह महत्त्वपूर्ण योजना असफल रही। उनके सिद्धान्त हमारे दिगम्बर जैन सिद्धान्तों से मुख्यतः निम्न विषयों में विरुद्ध व विपरीत पाये जाते हैं-

१ ज्ञापक पक्ष का कथन करते हुये कारक सापेक्ष नहीं करते बल्कि कारक पक्ष का निषेध करते हैं जिससे उनके सिद्धान्त नियतिवाद एकान्तवाद, बन जाते हैं ।

२-योग्यतावाद का कथन कर्म सापेक्ष नहीं करके कर्म निरपेक्ष करते हैं जिससे स्वभाव-वाद एकान्तवाद बन जते हैं ।

३- उपादान की दृष्टि को निमित्त निरपेक्ष बताते हैं जिससे अहेतुवाद बन जाते हैं ।

४-निश्चय का कथन करते है और व्यवहार को सर्वथा असत्यार्थ बताकर वेदान्तवाद (एकान्तवाद) को पुष्ट करते हैं ।

५-धर्मानुराग को मोक्ष मार्ग में साधनपने से निषेध करते हैं । जिससे पूजा पाठ, स्वाध्याय आदि श्रावक के षट्कर्म प्रयोजनभूत नहीं ठहरते ।

६-शरीरादिक की क्रिया को अहेतुक एवं निरपेक्ष मानने से कोई भी कार्य हेय उपादेय रुप नहीं रहते ।

७- निमित्त को सहायक नहीं मानने से प्रत्यक्ष का खंडन होता हैं ।

८- प्रवृत्तिरूप चारित्र को निरर्थक बनाने से व्यवहार चारित्र की उपादेयता नहीं ठहरती।

९ बहिरंग कारणों को कारण नहीं मानते जिससे द्रव्यअहिंसा एवं भोजन की शुद्धता आदि का निषेध होने से स्वच्छंद प्रवृत्ति को प्रोत्साहन मिलता हैं ।

१०- वर्तमान मुनिराजों एवं त्यागीयों की विनय नहीं करते । उनको द्रव्यलिंगी बता कर दिगम्बर जैन संस्कृतिका लोप करते हैं ।

११- सोनगढ से नवीन साहित्य एवं शास्त्रों की टीका प्रकाशित करते है जिसमें अर्थ-विपर्यास करते हैं एवं आगम सूत्रों में काट छाँट कर निर्दोष जिनवाणी पर आघात करते हैं ।

१२-निमित्त नैमित्तिक सम्बन्ध के सिद्धांत के विरुद्ध प्रतिपादन करते हैं ।

१३- अपने पद के प्रतिकल अपने भक्तों से अपनी आरती उतरवाते हैं, पादप्रक्षालन करवाते हैं तथा अपने को सद्गुरु आत्म-धर्म प्रवर्तक श्रुतकेवली आदि कहलवाकर दिगम्बर

जैन परिपाटी का लोप करते हैं। समाज का गलत रास्ता बताकर भविष्यत् काल के लिये गुमराह करते हैं।

इतना सब होते हुये तथा अनेकों वार त्यागीयों एवं विद्वानों के आग्रह करने पर भी तत्त्वचर्चा करने का तैयार हो कर अपनी भूल सुधारना नहीं चाहते हैं।

अत एवं इत्यादि बातों का जानकर हम कलकत्ता दिगम्बर जैन समाज के लोग भगवान आदिनाथ से लेकर भगवान महावीर तक चतुर्विंशति तीर्थंकरों की तथा श्री कुंदकुंदाचार्य, श्री समंतभद्रदेव, श्री अकलंकदेव श्री नेमीचन्द्र सिद्धान्त चक्रवर्ती आदि दिगम्बर जैनाचार्यो की वाणी का अक्षुण्ण बनाये रखने के हेतु यह निश्चित करते एवं घोषित करते हैं कि "श्री कानजी स्वामी की विचारधारा पूर्णत: एकान्त मिथ्यावाद है एवं उनका समस्त साहित्य एकान्तवाद पर बना हुआ है।" अत एवं समस्त भारतवर्षीय दिगम्बर जैन समाज का हम लोग इस एकान्तवाद से सावधान करते हैं और यह निवेदन करते हैं कि सभी धर्मबन्धु अपने अपने ग्रामों एवं शहरों में इस सूचना का प्रचार करें एवं उनके साहित्य का मान्यता नहीं दें और अपने का इस एकान्त मिथ्यावाद से बचाते हुये, पूर्वाचार्यों की परंपरागत पद्धति में श्रद्धा रख कर अपना हित करें। ता २३-४-१९५६

निवेदक गण–

नेमीचन्द छावडा, हरकचन्द सरावगी एण्ड को, पन्नालाल भागचंद, चांदमल धन्नालाल, भंवरलाल चांदमल, छोगमल रतनलाल, जुहारमल चंपालाल, लालचंद दीपचंद, चैनमुख गंभीरमल, प्रकाशचंद टीकमचंद, शांतिकुमार कमलकुमार, भंवरलाल कंवरीलाल फूलचंद सुगनचंद आदि ८०० प्रसिद्ध फर्म और व्यक्ति।

नोट:-- स्थान की कमी से सब के नाम प्रकाशित नहीं किये जा सके हैं। जिसे देखना हो असल देख सकता हैं।

[ अहिंसामांथी ]

*

## આજના સીનેમાઓથી આપણે કેટલું નુકશાન વેઠી રહ્યા છીએ.

આજે ભારતભરમાં ૩૬૦૦ સીનેમા ઘરો છે. સીનેમા જોવા જતાં ટીકીટ બારી પર લાઇન લગાવવી પડે છે, ટીકીટ લેવામાં ઘેરથી જવા આવવામાં અને સીનેમા જોવામાં બધા મળી સવાચાર કલાક દરેક પ્રેક્ષકને ગુમાવવા પડે છે.

બધી સીનેમા બેઠકોના હીસાબ કરીએ તો રૂા. ૨૨૭૫૦૦૦ બાવીસ લાખ પંચોતેર હજાર માણસો સીનેમા કાયમ જુએ પછી વર્ષના હીસાબે તોતેર કરોડ માણસો સીનેમા જુએ છે. એક એક વ્યક્તિના સવાચાર કલાકના સમયના હીસાબ ગણીએ તો વીસ હજાર આઠસો ચોત્રિસ વર્ષ થાય છે અને એક વ્યક્તિ દિઠ માત્ર એક એક રૂપીઓ ખર્ચના ગણીએ તો દસ વરસે ૭૩ કરોડ રૂપીઆ સીનેમાના શોખ પાછળ ખર્ચાય છે.

આ બધું ગુમાવીને આપણે શું મેળવીએ છીએ? અનાચાર, વ્યભિચાર ભ્રષ્ટાચાર ચોરી, લુંટ અને ગુન્હાઓ કરવાની પ્રબળ પ્રવૃત્તિ !!

[ હિન્દુમાંથી ]

# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

સં. શ્રી કિરણ

## નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન

પ્રિય કમલ,

શ્રી નમસ્કાર મહામંત્રમાંના **નમો** પદનું મહત્વ ઘણું છે.

### વંદનાની મહત્તા:

નમસ્કાર એટલે નમન, મન-વચન-કાયાની પ્રશસ્ત અને અનુકુળ પ્રવૃત્તિ છે. તેથી નમસ્કાર કરનાર તથા જેને નમસ્કાર કરવામાં આવે છે તે બંને વચ્ચેનું અંતર ક્રમશઃ ઓછું થાય છે.

શ્રી પંચ પરમેષ્ઠિને ભાવપૂર્વક થતો નમસ્કાર Surrender સમર્પણ આપણને તેમની સન્મુખ લાવે છે.

નમસ્કાર પ્રેમ અને ભક્તિનો સૂચક છે. પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કેઃ—

" धर्मं प्रति मूलभूता वंदना "।

વંદના એ ધર્મ તરફ આત્માને આગળ વધવાનું મૂળ છે.

શ્રી પંચ પરમેષ્ઠિઓને વંદન કરવાથી આત્મામાં ધર્મ-મહાવૃક્ષનું બીજ વવાય છે.

### नमो કે णमो

કેટલીક પ્રતોમાં **नमो** ના સ્થાને **णमो** પદ દેખાય છે. તો એમાંથી કયું પદ શુધ્ધ સમજવું ?

શ્રી વરરુચિ આચાર્યના મત પ્રમાણે **नमो** પદ શુધ્ધ નથી. પરંતુ પૂજ્ય શ્રી હેમચંદ્રાચાર્યના મતે **नमो** અથવા **णमो** બંને પદ શુદ્ધ છે.

કેટલાકના મતે ण કાર એ છન્દશાસ્ત્રમાં નિષિધ્ધ દગ્ધાક્ષર છે. તેઓ **नमो** પદનું ઉચ્ચારણ શુધ્ધ માને છે. જ્યારે કેટલાક ण કારને જ્ઞાનવાચક માની દગ્ધાક્ષર હોવા છતાં તેને મંગલ સ્વરૂપ ગણે છે, અને **णमो** પદનું ઉચ્ચારણ કરે છે.

### નમસ્કાર મહામંત્રનો "न"

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહાપુરુષો ફરમાવે છે કે જ્યાં સુધી જીવ ગ્રંથીદેશે આવવા યોગ્ય કર્મસ્થિતિની લઘુતા પામતો નથી ત્યાં સુધી જીવ શ્રી નમસ્કાર મહામંત્રને અથવા તો શ્રી નમસ્કાર મહામંત્રના "नमो अरिहंताणं" એવા પ્રથમ પાદને અથવા તો પ્રથમ પાદમાંના પ્રથમાક્ષર "न" તરીકે "न" ને પામી શકતો નથી.

કમલ, જો સમજાય તો ઘણું ઊંડું રહસ્ય અહિં શ્રી શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે.

હું તારી સમજણ માટે કયારેક વિસ્તૃતપણે "ગ્રંથી દેશ" અને "કર્મ સ્થિતિની લઘુતા" જેવા પારિભાષિક શબ્દો માટે લખીશ.

### કર્મનો ભાર :

આજે માત્ર એટલું જ કહું છું કે-શ્રી નમસ્કાર મહામંત્ર પ્રત્યે ભાવ જાગવા માટે,

પ્રેમ પ્રગટવા માટે, ભક્તિ ઉછળવા માટે પણ એક ચોક્કસ ભૂમિકા જોઈશે. ચોક્કસ પ્રકારની કર્મસ્થિતિ નહિ થઈ હોય ત્યાં સુધી શ્રી પંચ પરમેષ્ઠિ પ્રત્યે સદ્ભાવ, શ્રદ્ધા, પ્રીતિ, ભક્તિ કશું ય ન જાગે.

જ્યાં કર્મોનો અતિ તીવ્ર ભાર pressure હશે ત્યાં શ્રી પંચ પરમેષ્ઠિનું નામ માત્ર નહિ જાગે.

### મહાકલ્યાણનું બીજ:

પૂજ્ય શાસ્ત્રકાર કહે છે કે સંપૂર્ણ નવકારમંત્ર જો ભાવપૂર્વક આવે તો શું સિદ્ધિ ન થાય!

પરંતુ માત્ર પ્રથમ પાદ, તેમાં ય માત્ર પ્રથમાક્ષર 'ન' સર્વ સમર્પણ ભાવ Total surrender નો 'ન' કર્મસ્થિતિની લઘુતાને લીધે જ આવી શકે. સર્વસમર્પણભાવ, આ પાંચ પરમશ્રેષ્ઠ પ્રત્યે સર્વસમર્પણ ભાવનો અંશ પણ જાગવો દુર્લભ છે.

"નમો અરિહંતાણં" નો માત્ર "ન" આવ્યો, એટલે પરમ કલ્યાણના કારણ રૂપ સુદેવ તથા સુગુરુ પ્રત્યેના સમર્પણભાવનો અંશ આવ્યો. એ ધર્મ-મહાસત્તા પ્રત્યે અનુકુળતા થઈ, એટલે અવશ્ય પરમ કલ્યાણનું બીજ રોપાયું.

### વિશેષ જવાબદારી:
### Higher resposibility.

કમલ, તને સમજાશે કે કેટલી યોગ્યતાને અંતે શ્રી નમસ્કાર મહામંત્ર પ્રાપ્ત થાય છે! જો આપણે શ્રી નમસ્કાર મહામંત્ર પામ્યા છીએ તો અવશ્ય મહાપુણ્યવાન છીએ. વિશેષ યોગ્યતા વિના શ્રી નમસ્કાર મહામંત્રનો પરિચય પણ દુર્લભ છે.

કયારે ય ન ભૂલીશ કે જ્યાં વિશેષ યોગ્યતા છે ત્યાં વિશેષ જવાબદારી છે.

નમો પદનું વધુ વિવેચન હવે પછી.

સ્નેહાધીન

**કિરણ.**

## ❀ જડવાદને ચરણે! ❀
## A case against Materialism

### મૃત્યુની આગાહી.

સ્વપ્ન દ્વારા મૃત્યુની આગાહી પ્રાપ્ત થઇ હોય એવા ઘણા પ્રસંગોમાંથી એક મહત્ત્વનો પ્રસંગ હું તમારી સામે મૂકું છું. વ્યક્તિગત પ્રસંગ ન લેતા આ ઐતિહાસિક પ્રસંગ તે માટે લીધો છે કે જેથી તેના સંબંધમાં તમને શંકા ન રહે.

યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખ અબ્રાહમ લિંકનને પોતાના મૃત્યુનું સ્વપ્ન આવ્યું હતું, આ સ્વપ્નની અસર લિંકનના મગજ પર ઘણી થઇ હતી. પુરતા ઐતિહાસિક પૂરાવાઓ મેળવીને રજુ થયેલો આ પ્રસંગ છે.

ઈતિહાસ કહે છે કે-અમેરિકાના ગુલામોને મુક્તિ અપાવનાર લિંકનનું ઇ૦ સ૦ ૧૮૭૫ ના એપ્રીલની ચૌદમી તારિખે ખૂન થયું હતું.

ખૂન થયાના કેટલાક દિવસ પહેલા લિંકનને એક સ્વપ્ન આવ્યું. આ સ્વપ્ન આવ્યા પછી તે ઘણો ચિંતાતુર રહેતો.

એક દિવસ જમવાના ટેબલ પર લિંકનને ચિંતાતુર જોઇ મેરી લિંકને તેને આનંદિત કરવા માટે પ્રયત્નો કરવા માંડયા. આવા પ્રય-

ત્નોની કંઈ અસર થઇ નહિ, પરંતુ એકાએક ગંભીર સ્વરે લિંકને કહ્યું:—

"આશ્ચર્ય થાય છે કે-બાયબલમાં સ્વપ્નનો ઉલ્લેખ વારંવાર આવે છે. મ્હને ખ્યાલ છે ત્યાં સુધી "જૂના કરાર" માં પ્રકરણ ૧૬ માં તથા "નવા કરાર" માં ચાર થી પાંચ પ્રકરણમાં સ્વપ્નનો ઉલ્લેખ છે. જો આપણે બાયબલ પર શ્રધ્ધા રાખીએ તો સ્વીકારવું જોઇએ કે દેવ-દૂતો નિદ્રામાં સ્વપ્ન દ્વારા માનવીનો સંપર્ક સાધે છે. જો કે આજના યુગમાં સ્વપ્ન સંબંધી વાત કરવી મૂર્ખાઇ ગણાય છે. વૃધ્ધ સ્ત્રીઓ અને પ્રેમમાં પડેલા જુવાનીઆ સિવાય સ્વપ્નની વાતોમાં કોઇને રસ નથી"

મેરી લિંકને પૂછયું:– "તમે આજે આટલા ગંભીર કેમ લાગો છો? શું તમે સ્વપ્નમાં માનો છો?"

લિંકને કહ્યું:– "હું માનુ છું એમ ન કહી શકું. પરંતુ કેટલાક દિવસ પહેલાં મ્હને એક સ્વપ્ન આવ્યું હતું. આ સ્વપ્ન આવ્યા પછી મેં બાયબલમાં સ્વપ્ન સંબંધી ઉલ્લેખો જોયા હતા."

લિંકનની વાત કરવાની ગંભીરતા જોઇ તેની પત્નીએ કહ્યું– "મને ભય લાગે છે. તમે કહો કે શું સ્વપ્ન આવ્યું હતું?"

પોતાના શબ્દોની મેરી લિંકન ઉપર અસર જોઇ લિંકને કહ્યું:– "મેં આ સ્વપ્ન સંબંધી વાત કાઢી તે ઠીક ન થયું. જો કે આ સ્વપ્નની મારા પર એટલી બધી અસર થઈ છે કે–હું કહ્યા વગર રહી શકતો નથી."

મેરી લિંકનની જિજ્ઞાસા એકદમ વધી ગઇ. પોતે સ્વપ્નના વહેમોમાં બિલકુલ માનતી ન્હોતી તો પણ આ સ્વપ્ન સાંભળવા તેણે ઘણો આગ્રહ કર્યો.

ઉદાસ ચિત્તે ધીમે સ્વરે લિંકને કહ્યું:–

"આશરે દસ દિવસ પ્હેલા હું મોડી રાત્રે નિદ્રાધીન થયો. થોડી વારે મ્હને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં મ્હને લાગ્યું કે-ચારે બાજુ મૃત્યુ જેવી શાંતિ છવાઇ ગઇ છે. અચાનક કેટલાક લોકો રડતા હોય તેવા ડુસ્કા સંભલાયા. સ્વપ્નામાં જ મારી પથારીમાંથી હું બેઠો થયો અને નીચે ગયો. ડુસ્કાના અવાજ સંભળાતા હતા, પરંતુ રડનારા દેખાતા ન્હોતા.

હું એક પછી એક ઓરડા જોવા લાગ્યો.

White house વ્હાઈટ હાઉસના આ ઓરડા મ્હને પરિચિત હતા. હૃદયદ્રાવક રૂદન કરનારા કયાં ય દેખાયા નહિ.

મ્હને ભય થયો કે આ રૂદનનો અર્થ શું છે? આ આઘાતજનક સ્થિતિ શોધવાનું મ્હેં નક્કી કર્યું. છેલ્લે જ્યારે હું ઇસ્ટ રૂમમાં આવ્યો ત્યાં બિછાના ઉપર એક શબ પડયું હતું. ચારે બાજુ સંરક્ષક સિપાઇઓ BOdi guards ચોકી કરી રહ્યા હતા. ટોળામાંના કેટલાક માનવીઓ શબ સામે જોઇ રહ્યા હતા, જ્યારે કેટલાક કરૂણા ભરી રીતે રડતા હતા.

"વ્હાઈટ હાઉસમાં કોણ મૃત્યુ પામ્યું છે?" મ્હેં એક સિપાઇને પૂછયું.

"પ્રેસીડન્ટ—તેમનું ગોળીથી ખૂન થયું છે." તેણે જવાબ આપ્યો.

ટોળામાંથી કેટલાક ધ્રુસકે ધ્રુસકે રડતા હતા. હું જાગી ઉઠયો.... જો કે આ માત્ર સ્વપ્ન હતું તો પણ મ્હને તે રાત્રે ઉંઘ આવી નહિ."

મેરી લિંકને કહ્યું:— "ભયંકર સ્વપ્ન છે. તમે ન કહ્યું હોત તો ઠીક થાત. સારૂં છે કે

હું સ્વપ્નમાં માનતી નથી, નહિ તો આજથી જ મ્હને ઉંઘ ન આવત.”

જ્યારે ખૂનીની ગોળીથી લિંકન મૃત્યુ પામ્યાના સમાચાર મેરી લિંકનને કહેવામાં આવ્યા, ત્યારે તેણે પ્રથમ શબ્દો આ કહ્યા “પેલું સ્વપ્ન ભાવિની આગાહી સૂચક હતું.”

વિસ્મયજનક તો એ છે કે-સ્વપ્નમાં જણાવ્યા પ્રમાણે જ તેનું ખૂન થયું હતું, અને વિશેષ વિસ્મયજનક તો એ હતું કે-તેના શબને ઈસ્ટ રૂમમાં રાખવામાં આવ્યું હતું. ત્યાં સૈનિકો પહેરો ભરતા હતા. લોકો ધ્રુસકે ધ્રુસકે રડતા હતા.

પ્રિય ભાઈ, જો જીવન માત્ર પુદ્ગલ પરમાણુઓની રમત Chemical combinations of atoms હોય, આત્મા જેવું કોઈ વિશિષ્ટ સ્વતંત્ર તત્ત્વ હોય જ નહિ, સારૂય જગત જડવાદના નિયમો Mechanical laws અનુસાર ચાલતું હોય તો આવી હકીકતો Facts કઈ રીતે ઘટશે ? ઇચ્છું છું કે-શાંત ચિત્તે વિચાર કરશો, નીચે એક બીજા સ્વપ્ન પ્રત્યે તમારૂ ધ્યાન ખેંચું છું.

## ગુમાયેલાં કાવ્ય પ્રકરણો:

ઓકેશિયોએ કવિ ડાન્ટેનું જીવનચરિત્ર લખ્યું છે. તેમાં તે નીચેનો પ્રખ્યાત પ્રસંગ નોંધે છે.

કવિ ડાન્ટેએ “ડીવાઇન કોમેડી” નામનું કાવ્ય લખ્યુ હતું. તેના છેલ્લા ૧૩ કાવ્ય પ્રકરણો cantos ગૂમાઈ ગયા હતા. કવિના મૃત્યુ પછી એ જડતા નહોતા, મિત્રોએ તથા કુટુંબના સર્વેએ ઘણી શોધ કરી તો પણ તે જડયા નહિ. તેથી તેમણે માન્યું કે-કવિનું આ કાવ્ય અધુરૂં રહ્યું હશે.

કેવી આશ્ચર્યજનક રીતે આ કાવ્ય પ્રકરણો મળી આવ્યા તેની વાત આપણે ઓકેશિયોના શબ્દોમાં સાંભળીએ.

“કેટલા ય મહિનાઓ સુધી ડાન્ટેના પુત્રો, સંબંધીઓ, મિત્રો તથા શિષ્યોએ પુષ્કળ શોધ કરી. કાવ્યનો બાકીનો ભાગ જડયો નહિ. મિત્રોને લાગ્યું કે-ઇશ્વરની ઈચ્છા તેનું આ કાવ્ય અધુરૂં રહે તેવી હશે. સર્વ નિરાશ થયા.

ડાન્ટેને બે પુત્રો હતા. જેકોપો અને પાએરો, બન્ને કવિ હતા. મિત્રોએ તેમને કહ્યું કે “પિતાનું અધુરૂં કાર્ય તમે પુરું કરો.” પોતાના ભાઈ કરતા જેકોપોનો ઉત્સાહ વિશેષ હતો.

એક રાત્રે જેકોપોને સ્વપ્ન આવ્યું. આ સ્વપ્નથી પેલા ગુમાયેલા કાવ્ય પ્રકરણો મળી આવ્યા.”

જેકોપોને આવેલ સ્વપ્નની વાત આપણે ડાન્ટેના શિષ્ય જીઆર્ડિનો પાસેથી સાંભળીએ.

“મારા ગુરુના મૃત્યુ પછી આઠ મહિને એક દિવસ પ્રાતઃકાળ પહેલા તેમનો મોટો પુત્ર જેકોપો મારી પાસે આવ્યો. હજી અજવાળું થયું નહોતું. તેને જોઈ મને નવાઈ લાગી.

જેકોપોએ કહ્યું કે-આગલી રાત્રે તેને એક સ્વપ્ન આવ્યું હતું. સ્વપ્નમાં તેના પિતા કવિ ડાન્ટે દેખાયા. કવિએ ઉજ્જવલ શ્વેત વસ્ત્રો પહેર્યાં હતાં. જેકોપોએ આશ્ચર્ય પામી કવિને પૂછયું:—

“પિતાજી ! શું આપ જીવો છો ?”

કવિએ કહ્યું: “હા, હવે હું સાચા જીવનમાં જીવું છું.”

જેકોપોએ પૂછયું: “શું આપે આપનું કાવ્ય અહિં પૂરૂં કર્યું હતું ?”

કવિ બોલ્યા: "મ્હારૂં કાવ્ય ડિવાઇન કોમેડી મેં પુરૂં કર્યું છે."

જેકોપોએ કાવ્ય પ્રકરણો ગૂમાઇ ગયાની વાત કહી ત્યારે કવિ ડાન્ટે પોતાના પુત્રને એક જૂના ઘર પાસે લઈ ગયા. જ્યાં કવિ પોતાના મૃત્યુ સમયે રહેતા હતા. કવિએ જેકોપોને કાવ્ય પ્રકરણો જ્યાં પડયા હતા તે સ્થાન બતાવ્યું.

જો કે હજી અજવાળું થયું ન્હોતું તો પણ આ સ્વપ્નની ખાત્રી કરવા માટે હું તથા જેકોપો પેલા ઘર પાસે આવ્યા. અમે ઘરના માલિકને જગાડયો. અમે ત્રણેય સ્વપ્નમાં ડાન્ટેએ બતાવેલી જગ્યાએ ગયા.

ભીંત ઉપર ચટાઇ પડેલી હતી. ઘણા વર્ષોથી આ ચટાઇ આ પ્રમાણે હતી. ચટાઇ ખસેડતા ભીંતમાં એક નાનો ગોખલો દેખાયો. આ ગોખલો કોઈએ કયારે ય જોયો ન્હોતો. કવિના કેટલાક લખાણો અહિં પડયા હતા. લખાણોના કાગળોને ભેજ લાગ્યો હતો. "ડિવાઈન કોમેડી" ના ૧૩ કાવ્ય પ્રકરણો જે જડતા નહોતા તે અહીં મળી આવ્યા."

કવિનું જીવનચરિત્ર લખનાર બોકેશિયોની ઉંમર કવિના મૃત્યુ સમયે ૧૧ વર્ષની હતી. સ્વપ્નમાં આ પ્રસંગ માટેના સાક્ષીઓની ચોકસાઈ કરીને તેણે આ લખ્યું છે.

ભાઇ, નવું વિજ્ઞાન અતીન્દ્રિય હકિકતો Extra sensory facts ને મહત્ત્વ આપે છે. કેટલાક અર્વાચીન વૈજ્ઞાનિકો જડવાદ materialism ની બંધાયેલી વિચારગાંઠો છોડતા જાય છે. અર્વાચીન વિજ્ઞાનની કઇ વિગતો જડવાદના પાયામાં જબ્બર ઘા કરે છે, તથા અધ્યાત્મવાદના સૂક્ષ્મ સિધ્ધાંતોને પોષણ આપે છે, તે હું મારા પત્રોમાં રજુ કરીશ.

સ્નેહાધીન

**કિરણ.**

## ❁ રત્નભંડારની ચાવી ❁

"તમે આટલું બધું જ્ઞાન કઇ રીતે સંપાદન કર્યું ?

એક વિદ્વાને આ પ્રશ્નના ઉત્તરમાં કહ્યું હતું કે "હું કેટલો અજ્ઞાન છું એ વાતથી સતત જાગ્રત રહું છું અને શરમ કે ભય રાખ્યા વિના વારંવાર પ્રશ્નો પૂછુ છું."

પ્રશ્નોની પણ એક કળા છે. સાચી જિજ્ઞાસા વાળાને જ પ્રશ્નો જાગશે અને પ્રાપ્ત ઉત્તરો પર વિચારણા થશે. પ્રશ્નો જગાડવા, તેના ઉત્તરો મેળવવા, તેના ઉપર વારંવાર ચિંતન કરવું, એ જ્ઞાન પ્રાપ્તિ માટે અતિ અગત્યનું છે.

જ્ઞાનસંપાદનની ચાવી "પ્રશ્ન" છે. જેને જિજ્ઞાસા નથી તેને પ્રશ્ન નથી. વિના સંકોચે જ્ઞાન-વૃદ્ધિ માટે વારંવાર પ્રશ્નો પૂછવાની જેને ટેવ છે, તેને કશું ગુમાવવાનું નથી.

જેમ પ્રશ્ન ઉગાડવાની કળા છે, તેમ પ્રાપ્ત વિગતોને વાગોળવાની પણ કળા છે. વિગતોના છુટા ટુકડા નિરુપયોગી છે. વિગતો એક રસ થવી જોઇએ. "પ્રશ્ન" ની મહાકલા જ્યારે વિકાસ પામે છે ત્યારે એ સ્વયં પોતામાં "વિચારણા" નું સ્વરૂપ ધારણ કરે છે. આવી આંતર વિચારણામાં માત્ર સ્મૃતિની હકીકતો Memory facts નથી. નવા વિચારમાર્ગો માટેની આંતર પ્રશ્નપરંપરા અહીં જાગે છે.

પ્રશ્નોના સાચા ઉકેલ માટે પોતે પોતામાં જવું પડશે. જેનામાં "અંદર" જવા જેટલી ધીરજ નહિ હોય, તે વિચારક થવાની તાકાત ક્યાંથી મેળવશે ?

બીજાની સામે જે પ્રશ્નો મૂકાય તેના ઉપર પ્રથમ પોતે વિચાર કરી લેવો ઘટે. માત્ર પૂછવા ખાતર પૂછવાનો કંઇ અર્થ નથી. જો પ્રશ્ન "પોતાનો" નહિ હોય તો પ્રત્યુત્તર "પોતાનો" નહિ બને. જેટલા ઉંડાણથી પ્રશ્ન પૂછાયો હશે, તેટલા ઉંડાણથી પ્રત્યુત્તર પોતામાં પહોંચશે.

માત્ર વિવેક માટે, અન્યના જ્ઞાનનું માપ કાઢવા માટે, ક્ષુદ્ર કુતુહલવૃત્તિ કે અહંભાવને પોષવા માટે પ્રશ્ન ન હોવો ઘટે.

પ્રશ્ન જેટલો વધુ ચોક્કસ, પ્રત્યુત્તર તેટલો વધુ સૂક્ષ્મ.

સરસ્વતીના રત્ન ભાંડાગારની એક મહત્ત્વની ચાવી "પ્રશ્ન" છે.

# થોડા છૂટા ફુલ

## વાણીની જવાબદારી

## Resposibility Of spoken word

.......હજી જે શબ્દો આપણે બોલ્યા નથી તેના તો આપણે "માલિક" છીએ. પરંતુ જે શબ્દો આપણે બોલી નાખ્યા તેના આપણે "ગુલામ" છીએ. જે શબ્દ એકવાર બહાર પડ્યો તેની આપણા પર સત્તા શરૂ થાય છે.

કાગળીયા પર સહિ કરતા પહેલા સાત વાર વિચાર કરો છો કારણ કે સહિ કરવી એ વ્યવહારની જવાબદારી છે. શબ્દ બોલવાની પણ જબ્બર જવાબદારી છે. પ્રત્યેક બોલાયેલા શબ્દ spoken word ની ક્યાં, શું, કેવી અસરો Effects છે તે સૂક્ષ્મ વાત આપણને ક્યારે સમજાશે !

ભાઇ, જે કંઇ બોલો તે વિચાર કરીને બોલજો. તમારી વાણી સ્વપર હિતકારક થાય તેમ કરજો.

## જિનાગમ

कत्थ अम्हारिसा पाणी दुसमादोसदूसिया ।
हा अणाहा कहं हुंता न हुंतो जइ जिणागमो ॥

—શ્રી સંબોધ સત્તરી

—આ દુષમ કાળના દોષે કરીને દૂષિત એવા અમારા જેવા પ્રાણીઓ ક્યાં ? અમે તો શું ગણત્રીમાં ?

હા ! ખેદ થાય છે કે જો જિનાગમ ન હોત તો અનાથ એવા જે અમે, તેમનું શું થાત ?

## જપક્રિયા

સંપૂર્ણ ભાવપૂર્વક શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ કરવાથી શ્વાસોશ્વાસની ગતિ નિયમિત થઇ જાય છે. The breathing system is regulated અને પ્રાણાયામ સ્વાભાવિક બને છે.

જે સાધક શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના કરે છે તેને પ્રાણાયામ, ધારણા, ધ્યાન વગેરે યોગના અંગોનો ક્રમિક અભ્યાસ કરવાની આવશ્યકતા રહેતી નથી.

જો જપક્રિયા વિધિપૂર્વક વૈજ્ઞાનિક રીતે Scientific કરવામાં આવે તો યોગના સર્વ અંગોનો તેમાં સમાવેશ થઇ જાય છે.

★

'કલ્યાણ' ની ચાલુ ઐતિહાસિક વાર્તા........

# રાજદુલારી



લેખક: વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**વહી ગયેલી વાર્તા દેવશાલ નગરીના રાજા વિજયસેનની સુશીલ પુત્રી કલાવતી, કલાઓના વિજ્ઞાનની સાથે ધર્માચરણમાં કુશળ છે. પોતાની ધર્મદઢતાથી પ્રખર તાંત્રિક તામ્રચૂડને પરાજિત કરે છે, યૌવનવયને પ્રાપ્ત થયેલ રાજકુમારીના લગ્ન માટે મહારાજા અનેક પ્રકારની ચિંતામાં છે, અનેક રાજકુમારો રાજાઓ, ઇત્યાદિના ચિત્રપટો મંગાવીને કલાવતીને દર્શાવવામાં આવે છે, કલાવતીને ચિત્રપટો પસંદ પડતા નથી, તે પોતે જ પિતાજી સમક્ષ નિવેદન કરે છે કે, 'મારા ચાર પ્રશ્નોનો પ્રત્યુત્તર યોગ્ય રીતે યથાર્થ આપશે, તેને હું સ્વામી તરીકે સ્વીકારીશ.' રાજા વિજયસેન આથી પ્રસન્ન થાય છે. અને તે માટે વિચારવિનિમય કરે છે. હવે વાંચો આગળ—**

## પ્રકરણ ૬ ઠ્ઠું.

## સોનાની બેડી:

પૂર્વભારતમાં કેટલાક પ્રદેશો હતા, એમાં એક પ્રદેશનું નામ મંગલા પ્રદેશ હતું. મંગલા પ્રદેશની રાજધાનીનું નામ શંખપુર હતું. શંખપુરની જનતા સાંસ્કૃતિક, આર્થિક અને આધ્યાત્મિક સંપત્તિ વડે સુખી હતી.

શંખપુર નગરીનું નિર્માણ હજી બે દસકા પહેલાં જ થયું હતું. શંખપુરના નિર્માણની કલ્પના મંગલા પ્રદેશના મહારાજા શત્રુદમને કરી હતી.

શંખપુરના નિર્માણ પાછળ પિતૃહૃદયની ભાવનાનો એક નાનો છતાં મમતાભર્યો ઈતિહાસ પડયો હતો.

મહારાજા શત્રુદમનની વય પચાસ વર્ષની થઈ ત્યારે તેને એક પુત્રરત્ન પ્રાપ્ત થયેલું અને જે દિવસે માતાને ગર્ભ રહ્યો હતો તે દિવસે ઉત્તરરાત્રિએ માતાને પંચજન્ય શંખનું સ્વપ્ન આવ્યું હતું. આ સ્વપ્ન પરથી રાજ્યના મુખ્ય જ્યોતિષિએ ભાવિ ભાખ્યું હતું કે—મહારાણીને ઉત્તમ ગુણોવાળો પુત્ર ઉત્પન્ન થશે.

એમજ બન્યું.

રાજાએ મહારાણીને આવેલા સ્વપ્નને જાળવી રાખવા અર્થે પુત્રનું નામ શંખસેન પાડયું. અને પ્રૌઢાવસ્થામાં પુત્ર પ્રાપ્ત થયો હોવાથી ખૂબ જ દાનાદિ કર્મ વડે ઉત્સવ પણ કર્યો હતો.

એટલું જ નહિં પરંતુ ગંગા નદિના કિનારા પાસે ઉત્તમ અને સત્ત્વવાળી જમીન પસંદ કરીને ત્યાં એક નગરી વસાવવાનો નિર્ણય કર્યો હતો.

નગરીના નિર્માણકાર્યમાં દસ વર્ષ ચાલ્યા ગયાં હતાં. રાજા શત્રુદમને પોતાના ધનભંડારમાંથી કરોડો સોનૈયા એની પાછળ ખર્ચ્યા હતા. ઉત્તમ પ્રકારના ઉપવનો, ભવનો, માર્ગો, વ્યાપારના મથકો, મંદિરો, પાન્થશાળાઓ, બજારો, વિધવિધ પ્રકારના અભ્યાસ મંદિરો, અખાડાઓ વગેરે અનેક પ્રકારની સગવડતાઓ કરી હતી, એટલું જ નહિં પણ ત્યાં વસવાટ કરવા ઇચ્છતી જનતાને આર્થિક સહાય પણ આપી હતી.

એના રાજ્યમાં માત્ર શ્રીમંતો પર જ સામાન્ય કરબોજ હતો. પરંતુ શંખપુરમાં વસનારાઓ માટે એ કરમાંથી યે મુક્તિ આપી હતી.

આવી વિશાળ સગવડતાઓના કારણે શંખપુર નગરી દરેક પ્રકારે સમૃદ્ધ બની શકી હતી. રાજાએ પણ પોતાની જુની રાજધાની છોડીને આ અઘતન નગરીને જ રાજધાની તરીકે જાહેર કરી હતી.

નગરીમાં અનેક પ્રકારના ઉદ્યોગો ઉભા થયા હતા. ખાસ કરીને કૌશેય વસ્ત્રો બનાવવાનો ઉદ્યોગ ભારે વિકાસ પામ્યો હતો અને સંગીતકલા, નૃત્યકલા, તથા નાટ્ય કલાનાં કેન્દ્રો પણ ખૂબ જ ખ્યાતિ પ્રાપ્ત કરી શકયાં હતાં.

શંખપુર નગરીના નિર્માણ પછી તે માત્ર ત્રણ જ વર્ષમાં પૂર્વ ભારતના વ્યાપાર અને કલાના કેન્દ્રરૂપ બની ગઈ રહી.

ગંગાના કાંઠે નગરીનું નિર્માણ થયેલું હોવાથી

જળ માર્ગે માલની આવજા મોટા પ્રમાણમાં થતી હતી અને નાવિકોનાં હજારો પરિવારો ગંગાની શોભા બનીને શંખપુરમાં વસ્યા હતા.

મહારાજા શત્રુદમન જૈનધર્મના ઉપાસક હતા એટલે તેઓએ પાંચ લાખ સુવર્ણમુદ્રાઓનો ખર્ચ કરીને ભગવાન શ્રી વાસુપૂજ્ય સ્વામીનું એક ભવ્ય અને કલાપૂર્ણ જિનાલય બંધાવ્યું હતું.

એ સિવાય અનેક શૈવમંદિરો, માતૃમંદિરો અને શ્રી રામમંદિરોનાં પણ નિર્માણ થયાં હતાં.

વિદ્યાદાન આપનારા અનેક પંડિતો અને આચાર્યોને વસાવવામાં આવ્યા હતા.

જનતા કદી પણ રોગગ્રસ્ત ન બને એટલા ખાતર રાજાએ રાજ્યના ખર્ચે ઉત્તમ પ્રકારના વૈદ્યોને વસાવ્યા હતા.

આ સમયે જનતાના અંતરમાં ધર્મ, નીતિ અને સદાચારની ત્રિવિધ જ્યોત પ્રકાશતી હોવાથી લોકોના આચાર અને વ્યવહાર એટલા સુંદર હતા કે તેઓનું આરોગ્ય ભાગ્યે જ કથળતું.

ભારતીય સંસ્કૃતિએ પ્રજાજીવનના વિકાસનું માપ ભૌતિક સુખ અને સગવડોની વિપુલતા વડે કદી માપ્યું નહોતું, લોકોને કોઈપણ પ્રકારનું કાર્ય કરવાની તક મળે, લોકોના આરોગ્યને કદી હરકત ન આવે, લોકોની આયુષ્ય મર્યાદા દીર્ઘ હોય અને લોકોના જીવનમાર્ગમાં સદાયે ધર્મ તેમજ સંસ્કારના પ્રદીપો માર્ગદર્શક તરીકે જલતા રહે... આ ભારતીય લોકજીવનના ઉચ્ચ ધોરણની એક અતિ સુંદર અને સરલ રેખા હતી.

લોકો જે દિવસે ભૌતિક સુખોની ભૂતાવળમાં ભરમાવા માંડે અને ધર્મ, સંસ્કાર, ચારિત્ર્ય તથા નીતિના પાયા પરથી નીચે ઉતરવા માંડે ત્યારેજ એમ મનાતું કે લોકોનું જીવનધોરણ હવે નીચું જઇ રહ્યું છે.

આ રીતે લોકોનું જીવનધોરણ નીચું ન ઉતરે અથવા વિકૃત ન થાય તેની કાળજી રાખવાનું કર્તવ્ય રાજા ઉપર અને ધર્માચાર્યો પર હતું.

શત્રુદમનરાજાએ પોતાનું આ કર્તવ્ય બરાબર પાળ્યું હતું અને પોતાનો પુત્ર દરેક વિદ્યામાં પારંગત બનીને વીસ વર્ષનો થયો, ત્યારે તેઓએ સ્વહસ્તે રાજગાદી પુત્રને સોંપી દીધી અને તેઓએ આ રીતે સંસારજીવનનું કર્તવ્ય પુરું કરી, આત્મકર્તવ્ય બજાવવા માટે સંસારત્યાગ કર્યો, અર્થાત્ શ્રી જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા ત્યાગમાર્ગે તેઓએ કદમ માંડયા.

પુત્ર, પરિવાર, રાજ, ધન, સત્તા, યશ, કીર્તિ સઘળું છોડીને તેઓ ઉત્તરાવસ્થાએ પણ ત્યાગમાર્ગના કઠોર પર્વત પર જવા વિદાય થયા.

નવજવાન રાજા શંખસેનને વિદ્યાભ્યાસના ઉત્તમ સંસ્કારો મળ્યા હતા એટલે રાજ્યધૂરાનો બોજો ઉઠાવવામાં તેને કોઇ પ્રકારની મુશ્કેલી જણાઈ નહિં.

રાજા શંખસેન નવજવાન, દેખાવડો, શુરવીર, મહારથી અને ધનુર્વિદ્યામાં ઉત્તમ હતો, છતાં તેણે હજી સુધી લગ્ન નહોતાં કર્યાં. પિતા સંસારત્યાગી થયા પછી રાજ્યધૂરાનો બોજો ઉપાડયો એટલે રાજપરિવારના અન્ય સ્વજનોએ રાજાશંખને લગ્ન કરવાની વિનંતિ કરી. પરંતુ રાજાશંખે સહુને હસીને એમ જ જણાવ્યું કે:– "મારા પૂજ્ય પિતાશ્રી એક તરફ સંસારત્યાગ કરે અને પાછળથી હું તરત સંસારના ભોગમાં પડું એ ઉચિત નથી. વળી મારી વય પણ મોટી થઇ નથી."

શંખરાજાને ઘણા મિત્રો હતા; એ બધામાં શ્રીદત્ત નામનો નવજવાન સાર્થવાહ તેનો ખાસ મિત્ર હતો. બંને હંમેશા મળ્યા વગર રહેતા નહિ, જો કોઇ દિવસે બંને મળી શકયા ન હોય તો બંનેને ચેન પડે નહિ. રાજભવનનાં દ્વાર શ્રીદત્ત માટે સદાય મુક્ત રહેતાં હતાં, એના આવાગમન પર કોઇ પણ પ્રકારની રોકટોક થતી નહોતી.

શ્રીદત્ત પણ સમાન વયનો હતો. તે ગયા વરસે પરણ્યો હતો. તેના પિતા ગજશ્રેષ્ઠિ વ્યાપારના મહાન નિષ્ણાત હતા. સ્વબળ વડે તેઓએ અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી હતી અને એકના એક પુત્ર શ્રીદત્તને પણ વાણિજ્યશાસ્ત્રમાં પાવરધો કરી ધંધાનો બોજો એના મસ્તક પર મૂકી દીધો હતો.

સંધ્યા વીતી ગઇ હતી.

રાજભવનના પ્રત્યેક ખંડો દીપમાલિકાઓના પ્રકાશથી ઝળહળી રહ્યા હતા.

શંખરાજા પોતાના મિત્ર શ્રીદત્તની રાહ જોઇ પ્રાંગણના એક ઉપવનમાં બેઠો હતો. ગઇ કાલે શ્રીદત્ત આવી શકયો નહોતો એટલે શંખનું હૃદય મિત્રદર્શન વગર ભારે વિહ્વળ બની ગયું હતું. તેણે મુખ્ય પ્રતિહારને આજ્ઞા પણ કરી હતી કે-શ્રીદત્ત આવે એટલે તેને અહીં મારી પાસે લઇ આવજો.

રાત્રિની બે ઘટિકા વીત્યા પછી શ્રીદત્ત રાજભવનમાં આવ્યો. મહાપ્રતિહારે નમસ્કાર કરતાં કહ્યું: "શેઠજી, મહારાજ સંધ્યા કાળથી આપની રાહ જોઇ રહ્યા છે."

"મહારાજ કયાં બિરાજે છે?"

"ઉપવનમાં બેઠા છે... આપ મારી સાથે પધારો."

શ્રીદત્ત મહાપ્રતિહાર સાથે પ્રાંગણના ઉપવનમાં ગયો. શંખરાજાએ મિત્રને જોતાં જ કહ્યું: "ઓહ દત્ત, કયાં ગુમ થઈ ગયો હતો? ગઈ કાલે મેં તારી દોઢ પ્રહર સુધી રાહ જોઇ હતી... સવારે એક પરિચારકને પણ મોકલ્યો હતો... શું કરતો હતો?"

શ્રીદત્ત સામેના એક આસન પર બેસતાં આછા હાસ્ય સહિત બોલ્યો: "શું કરૂં મારૂં મન તો આપની પાસે જ હતું... પરંતુ ગઈકાલે ન છૂટકે શ્રીમતીના આગ્રહને વશ થઇ ગંગાકિનારે જવું પડયું હતું.... સવારે આપનો માણસ આવેલો પરંતુ હું એ વખતે માલના વહાણોને વિદાય આપવા ગયો હતો."

"પછી તારા પ્રવાસનું શું થયું?"

"પરમ દિવસે જવું જ પડશે."

"દેવીની પણ દયા નથી આવતી?"

"શું કરૂં મિત્ર? પિતાજીને આ અવસ્થાએ જો નિશ્ચિંત ન કરૂં તો કેટલું ખરાબ ગણાય? બાકી દેવીનો પ્રશ્ન તો પતી ગયો છે."

"એટલે?"

"નીરદા એક સમૃદ્ધ સાર્થવાહની જ પુત્રી છે એટલે તે જાણે છે કે પુરુષો કાંઇ પત્નીનો છેડો પકડીને ઘરમાં બેસી ન રહે."

"તો પછી નીરદાએ રજા આપી એમને?"

"હા... રજા આપ્યા વગર ચાલે પણ નહિ... એના કોમળ પ્રાણને વિરહનો અગ્નિ દઝાડતો તો રહેશે, પરંતુ મિલનનું સારૂં મૂલ્યાંકન વિરહ વગર સમજાતું નથી. એના માટે કંઇક ઉત્તમ અલંકારો કે પ્રસાધનની સામગ્રી લાવીશ એટલે પ્રસન્ન થઇ જશે." શ્રીદત્તે હસતાં હસતાં કહ્યું.

તરત નવજવાન શંખે હસતાં હસતાં કહ્યું: "તો પછી મને પ્રસન્ન કરવા પણ તારે કંઈક લાવવું જોઇશે?"

"હા... આપને પ્રસન્ન કરવા માટે શું લાવવું તે મેં નક્કી પણ કરી રાખ્યું છે."

"મને કહે તો ખરો... શું લાવવા માગે છે?" શંખના નયનો પણ હસી રહ્યાં હતાં. બાજુમાં ગોઠવેલી દીપમાલિકાના પ્રકાશ વડે નયનોમાં નાચતી હાસ્યરેખાઓ શ્રીદત્ત જોઇ શકયો હતો.

"એક નવજવાન પુરુષને શોભે તે..."

"એટલે? નવજવાન પુરુષને તો તલવાર શોભે, ધનુષ્યબાણ શોભે, રત્નની માળા શોભે..."

"એવી કોઇ નિર્જીવ વસ્તુ નહિ..."

ત્યારે?"

"એક સજીવ, ભાવનાથી ધબકતી અને કદી પ્રાણથી વિખુટી ન પડે એવી સોનાની બેડી લાવવા ઇચ્છું છું."

શ્રીદત્તના આ શબ્દો સાંભળીને શંખ ખડખડાટ હસી પડયો અને હસતાં હસતાં બોલ્યો: "વાહ મિત્ર! પરણ્યા પછી તું પણ કવિ બની ગયો છે! સોનાની બેડી અને તે પણ સજીવ! મને લાગે છે કે-તું જો આ પ્રમાણે કલ્પનાના તરંગોમાં રમતો રહીશ તો એકાદ વર્ષમાં નીરદા તને અર્ધપાગલ જેવો બનાવી દેશે..."

"આપની વાત સત્ય છે. સુંદર અને પ્રેમાળ પત્નીના સહયોગથી પુરુષ સદાય કાવ્યની કલ્પનાકુંજમાં જ રમતો હોય છે! અને મિત્ર, સંસારમાં માત્ર ડાહ્યા બની રહેવું એમાં આનંદ પણ નથી... અર્ધપાગલ બનવામાં જે મસ્તી હોય છે, તેની કલ્પના વાણીમાં

કહેવી અશક્ય છે! પ્રેમીઓ, સંતો અને ત્યાગીઓ બીજાની દૃષ્ટિએ અર્ધપાગલ જ જણાતા હોય છે... પરંતુ ખરી રીતે તેઓ વધારે સુખી અને સંતોષી હોય છે."

"હાં... હાં... હાં... મિત્ર, મને ભય લાગે છે કે પ્રવાસમાં તારી માનસિક પરિસ્થિતિ..."

"મીઠાં સ્મરણોથી સમતોલ રહેશે." વચ્ચેજ શ્રીદત્તે કહ્યું.

શંખરાજાએ કહ્યું: "હં... સજીવ સોનાની બેડી!"

"હા...! અર્ધ પાગલ બનાવે તેવી..."

"હેં?"

હવે સમજાયું ને?"

"મિત્ર, ખરૂં કહું તો મારી ભાવના સોનાની બેડીમાં ઝકડાઇ રહેવાની છે જ નહિ."

"એ તો પછી જોયું જશે. પ્રવાસમાં હું છેક દક્ષીણ ભારતમાં જવાનો છું. માર્ગમાં મને કોઇ ઉત્તમ રાજકન્યા દેખાશે તો હું અવશ્ય પ્રયત્ન કરીશ." શ્રીદત્તે કહ્યું.

શંખરાજાએ ઉભા થઈ મિત્રના ખભા પર હાથ મૂકયો અને કહ્યું. "દત્ત, તારા ગયા પછી તારી પત્નીને વિરહાગ્નિ કેટલો પ્રજાળશે એની કલ્પના હું નથી કરી શકતો, પરંતુ મને તો અવશ્ય તું નિરંતર યાદ આવવાનો... ચાલ... આપણે ભવનમાં જઇએ."

બંને મિત્રો રાજપ્રાસાદમાં ગયા. ત્રીજે દિવસે સૂર્યોદય પછી શ્રીદત્ત લગભગ સો એક માણસો અને એક હજાર અશ્વો, બળદો, ઉંટો વગેરે વાહનો પર ભરેલા માલ સાથે માતા–પિતાને નમસ્કાર કરી, પત્નીને નેહનજરે નિહાળી પ્રવાસ માટે વિદાય થયો.

નગરથી બે કોશ દૂર સુધી શંખરાજા તેને વોળાવવા સાથે રહ્યો અને બંને મિત્રો જ્યારે વિખુટા પડયા ત્યારે બંનેના નયનો સજળ બની ગયાં હતાં.

વિદાય લેતી વખતે શ્રીદત્તે ગળગળા સ્વરે કહ્યું: "મિત્ર, ધર્મારાધન ભૂલશો નહિ... આપણે વર્ષોથી શ્રી જિનપૂજાની પ્રતિજ્ઞા લીધી છે... એને બરાબર જાળવી રાખજો. હું પણ કદી ભૂલીશ નહિં... આપણી મૈત્રિનું એ મંગળમય સ્મરણ છે."

"મિત્ર, મારો પણ તને એ જ ઉપદેશ છે. પ્રવાસમાં તું કદી ધર્મને ચૂકીશ નહિં. ધર્મ એ જ સર્વ સમયે સહાયક છે, સારથી છે, કવચ છે."

બંને મિત્રો વિખુટા પડયા.

શ્રીદત્ત દક્ષિણના પ્રવાસે ઉપડયો, શંખરાજા પોતાની રાજધાની શંખપુરમાં આવ્યો.

લગભગ ત્રણેક મહિનાના પ્રવાસ પછી શ્રીદત્ત દેવશાલ નગરીમાં પહોંચ્યો. માર્ગમાં તેણે પોતાની પાસેનો ઘણો માલ વેચી નાખ્યો હતો, પરંતુ દેવશાલમાં બનતો માલ લઇ જવાની ભાવનાએ તે દેવશાલ નગરીમાં આવ્યો હતો.

દેવશાલ નગરીનું પાદર જોતાં જ તેને પોતાનું વતન યાદ આવ્યું. ત્યાં ગંગા હતી, અહીં ગોદાવરી હતી. ત્યાં નગરી ફરતાં નાના મોટા અનેક ઉદ્યાનો હતા, અહીં પણ અતિ સુંદર, રળીયામણા અને અનેકવિધ પુષ્પોની ફોરમથી મહેકતા ઉદ્યાનો હતા.

તેણે દેવશાલ નગરીની બહારના એક ઉદ્યાનમાં પડાવ નાખ્યો અને પોતે પોતાના એક સેવકને લઇને નગરીમાં નિવાસ કરવા ગયો.

શ્રીદત્તનો મુખ્ય મુનિમ ઘણો કાબેલ હતો. અને તે કાફલાને બરાબર સંભાળી રહ્યો હતો.

નગરીમાં સાર્થવાહો, રાજકુમારો, પર્યટકો કે એવા અન્ય ભદ્રપુરુષોને ઉતરવા માટે પાન્થશાળાઓ હતી અને ગુણના ભંડાર સમી ગણિકાઓનાં નિવાસ પણ હતા.

જે લોકો પાસે ધનની વિપુલતા હોય અને વધુ સગવડતાથી રહેવા માગતા હોય તે લોકો મોટે ભાગે ગણિકાના મંદિરે જ અતિથિરૂપે જતા હતા.

આ ગણિકાઓ નિયત કરેલું ધન લઇને અતિથિઓને સાચવતી, નૃત્ય, સંગીત અને કલા વડે મનોરંજન પણ આપતી.

શ્રીદત્ત જીવનમાં પ્રથમવાર જ આ નગરીમાં આવ્યો હતો અને સાવ અજાણ્યો હતો... પરંતુ તે જોઈ શકયો હતો કે લોકો ઘણા પ્રમાણિક છે, સત્ય

બોલનારા છે અને વિનયી છે.

શ્રીદત્તે એ ચાર ભદ્રપુરુષોને ઉત્તમ ગણિકાના આવાસ માટે પૂછતાં સહુએ ચંદ્રમુખી નામની ગણિકાના આવાસની ભલામણ કરી અને શ્રીદત્ત પોતાના માણસ સાથે ચંદ્રમુખી ગણિકાના આવાસે પહોંચ્યો.

ચંદ્રમુખીનો આવાસ પ્રથમ નજરે જોતાં જ શ્રીદત્ત ચમક્યો. કોઇ વિશાળ રાજભવન સમો તેનો પ્રાસાદ હતો. પ્રાસાદ ફરતું વિશાળ ઉપવન હતું. ઉપવનમાં નાનું સરોવર હતું, વિધવિધ પ્રકારના પશુપંખીઓ હતાં અને અતિથિઓના આનંદ માટે પુષ્પભવનો પણ રચ્યાં હતાં.

ચંદ્રમુખીના પ્રાસાદના મુખ્ય દ્વાર પર આઠ ચોકિયાતો શસ્ત્રસજ્જ બનીને ઉભા હતા. શ્રીદત્તને અંદર આવતો જોતાં જ ચોકિયાતોએ વિનયાવનત થઇને કહ્યું: "શ્રીમાનનો પરિચય ?"

"હુ શંખપુર નગરીનો સાર્થવાહ શ્રીદત્ત છું. આ નગરીની પ્રશંસા સાંભળીને થોડા દિવસ રહેવા માટે આવ્યો છું. દેવી ચંદ્રમુખીના અતિથિ રૂપે રહેવાની મારી ભાવના છે."

"શ્રીમાનનું કલ્યાણ થાઓ. આપના જેવા સુજ્ઞ અતિથિને જોઇને અમારા દેવી ખૂબ જ પ્રસન્ન થશે. આપનો સરસામાન ?"

"હું એક વણઝાર સાથે આવ્યો છું, મારા માણુસો વગેરે નગરીની બહાર એક ઉધાનમાં ઉતર્યા છે..."

"પધારો ત્યારે..." કહી એક માણુસ માર્ગદર્શક રૂપે આગળ થયો.

થોડી જ વારમાં ભવ્ય પ્રાસાદ આવ્યો. શ્રીદત્ત સાથે આવેલો ચોકિયાત સોપાનશ્રેણી પાસે ઉભો રહ્યો... અને એ જ પળમાં એક પરિચારિકા સામે આવી.

ચોકિયાતે કહ્યું: "શ્રીમાન શંખપુરના સાર્થવાહ છે... દેવીના અતિથિ બનવા પધાર્યા છે." ત્યારપછી તેણે શ્રીદત્ત સામે જોઈને કહ્યું: "શ્રીમાન, આપ આ બહેન સાથે ભવનમાં પધારો... આપ સુખપૂર્વક નિવાસ કરી શકશો..."

પરિચારિકાએ શ્રીદત્તને નમસ્કાર કર્યાં અને આવકાર આપી પોતાની સાથે આવવા જણાવ્યું.

શ્રીદત્ત તથા તેના માણુસને લઇને પરિચારિકા એક ખંડમાં ગઇ.

એ ખંડમાં એક વૃદ્ધ દેખાતી સ્ત્રી બેઠી હતી... તેની આસપાસ બે ત્રણ યુવતીઓ બેઠી હતી.

પરિચારિકાએ વૃદ્ધાને નમસ્કાર કરતાં કહ્યું: "મા, શંખપુર નગરીના આ સાર્થવાહ મહાશય અત્રે થોડા દિવસ રહેવા ઇચ્છે છે."

વૃદ્ધાએ શ્રીદત્ત સામે જોયું અને કહ્યું: "પધારો શ્રીમાન, અમારે ત્યાં બે પ્રકારની સગવડતા છે. પ્રથમ પ્રકારની સગવડતા પ્રાપ્ત . કરવી હશે તો આપશ્રીને રોજની પચાસ મુદ્રાઓ આપવી પડશે અને બીજા પ્રકારની સગવડતા જોઇતી હશે તો માત્ર દસ મુદ્રાઓ આપવાની રહેશે."

શ્રીદત્તે કહ્યું: હું "હું પ્રથમ પ્રકારની સગવડતા પ્રાપ્ત કરવા ઇચ્છું છું."

વૃદ્ધાએ તરત ત્યાં બેઠેલી યુવતીઓમાંથી એક સામે જોઇને કહ્યું: "ચિત્રા, શ્રીમાનને વિશિષ્ઠ ખંડમાં લઈ જા અને એમની આજ્ઞાનું પાલન કરવાની જવાબદારી તારે ઉઠાવી લેવી..."

લગભગ અઢાર વર્ષની સુંદર અને સ્વચ્છ જણાતી ચિત્રા ઉભી થઇ... શ્રીદત્ત સામે બે હાથ જોડીને બોલી. "શ્રીમાન, મારી સાથે પધારો..."

ચિત્રા શ્રીદત્ત અને તેના માણુસને લઇને ખંડબહાર નીકળી ગઈ.

દક્ષિણ દિશાના મુક્ત વાતાયનવાળા એક ભવ્ય ખંડમાં દાખલ થયા પછી ચિત્રાએ કહ્યું: "શ્રીમાન, આપના નિવાસ માટેનો આ ખંડ છે... આપના પરિચારકને પણ આપ આપની સાથે રાખી શકશો અથવા તો એના શયનની વ્યવસ્થા બાજુનાં ખંડમાં ઈચ્છતા હશો તો તેમ પણ બની શકશે. આપની સેવામાં ચાર દાસીઓ નિયુક્ત કરવામાં આવશે... આપ થોડી પળો વિશ્રામ લ્યો... આપના સ્નાનની વ્યવસ્થા હું કરું છું"

"દેવી ચંદ્રમુખીના દર્શન કયારે થશે?" શ્રીદત્તે કહ્યું.

"આપ સ્નાનાદિથી નિવૃત્ત થશો એટલે દેવી પોતે જ આપને મળવા પધારશે." કહી ચિત્રા નમસ્કાર કરીને ચાલી ગઈ.

શ્રીદત્તે પોતાના માણસ સામે જોઇને કહ્યું: "વલ્લભ, ખંડ ઘણો સુંદર છે... તારી શય્યા પણ અહીં જ કરાવશું."

વલ્લભે કહ્યું: 'શેઠજી, પેલી દાસી સ્નાનની તૈયારી કરવા ગઇ છે પરંતુ આપના વસ્ત્રો વગેરે તો..."

"ઓહ! તું આપણા પડાવે જા અને મારાં વસ્ત્રો વગેરે લઈ આવ... તને માર્ગ તો મળશે ને !?"

"હા શેઠજી, પરંતુ અહીંથી બહાર જવાનો માર્ગ..." વલ્લભ વાક્ય પુરૂં કરે તે પહેલાં જ એક દાસીએ ખંડમાં પ્રવેશ કર્યો અને નમસ્કાર કરતાં કહ્યું: "શ્રીમાન, કંઈ આજ્ઞા છે ?"

"મારા આ વિશ્વાસુ ભૃત્યને ભવન બહાર લઇ જાઓ... મારાં વસ્ત્રો બહાર પડાવમાં પડયાં છે એટલે તે લઈ આવશે."

દાસીએ કહ્યું: "નીચે વાહન તૈયાર જ છે... ચાલો, હું આપને નીચે લઇ જાઉં."

દાસી વલ્લભને લઈને વિદાય થઈ.

શ્રીદત્ત એક વિરામાસન પર બેઠો.

[ચાલુ]

દાઝેલા, ઘા, જખમ, ખુજલી.
ખરજવું, હરસ, વાળો વિ. માટે
જુનો અને પ્રખ્યાત
પ્રવિણનો— ઝટ-પટ-રૂઝ
(રજી.) મલમ વાપરો
અનુભવ મેળવી ખાત્રી કરો
પ્રવિણ ફાર્મસી મલાડ (મુંબઇ)

## કેટલીક આવશ્યક શુદ્ધિ-વૃદ્ધિ.

ગત તા. ૧૫-૫-૫૭ ના અંકમાં કેટલીક મહત્વની ક્ષતિઓ શરતચૂકથી રહી જવા પામી છે. જે માટે પૂ૦ પં૦ મ૦ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીએ અમારૂં ધ્યાન દોરતાં નીચે મુજબનો સુધારો સર્વ કોઇને લક્ષ્યમાં લેવા વિનંતિ છે.

(૧) ગતાંકના પેજ ૧૬૮ પર પ્રસિધ્ધ થયેલ 'વનદેવતા' વાર્તામાં પેજ ૧૬૯ પર, કોલમ બીજાના શરૂના ચાર પેરેગ્રાફો રદ બાતલ ગણવા.

(૨) પેજ ૨૦૯ નો આંક જે છપાયો છે. તે ખોટો છે, પેજ ૨૧૦ સમજવું. ૨૦૮ ના લેખનું અનુસંધાન તે પેજ પર છે. અને ૨૦૯ મા પેજનું અનુસંધાન ૨૧૧ પેજ પર છે

(૩) 'સમાચાર સંચયમાં પેજ ૨૧૩ માં મહેસાણાના સમાચારમાં 'પૂ૦ મુનિવર્ય્ય શ્રી ધર્મસાગરજી ગણિવરની' છપાયું તેના બદલે 'પૂ૦ મુનિવર્ય શ્રી ધર્મસાગરજી ગણિવરની પુણ્ય નિશ્રામાં' એમ સુધારીને વાંચવું.

(૪) એ વિભાગના પેજ ૨૧૩ ના બીજા કોલમમાં જાવાલમાં કાનજીસ્વામીનો રકાસ' સમાચારમાં ૧૬ મી પંક્તિમાં 'પ્રશ્નોના આપી શકે તેમ ન હોવાથી' છપાયેલ છે, તેના બદલે 'પ્રશ્નોના યોગ્ય તથા સંતોષકારક જવાબો આપી શકે તેમ ન હોવાથી' એમ સુધારીને વાંચવું.

—સંપાદક:

# દ્રવ્યાનુયોગની મહત્તા

પૂ૦ પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર

(ઢાળ—૧૨ મી—ગાથા—૧-૨-૩-૪-૫-૬ ને ૭.)

પૂર્વની અગીઆરમી ઢાળમાં ૧૧ સામાન્ય સ્વભાવોનું સ્વરૂપ સમજાવ્યું. હવે આ બારમી ઢાળમાં દસ વિશેષ સ્વભાવોનું સ્વરૂપ વર્ણવે છે.

અમુક ચોક્કસ દ્રવ્યમાં ચોક્કસપણે રહે છે માટે આ દસ સ્વભાવો વિશેષ કહેવાય છે.

**દસ સ્વભાવોના નામ આ પ્રમાણે છે.**

૧. ચેતન સ્વભાવ, ૨. અચેતન સ્વભાવ, ૩. મૂર્ત સ્વભાવ, ૪. અમૂર્ત સ્વભાવ, ૫. એક પ્રદેશ સ્વભાવ, ૬. અનેક પ્રદેશ સ્વભાવ, ૭. વિભાવ સ્વભાવ, ૮. શુદ્ધ સ્વભાવ, ૯. અશુભ સ્વભાવ, ૧૦. ઉપચરિત સ્વભાવ. આ દસ સ્વભાવોનું સ્વરૂપ આ પ્રમાણે છે.

**૧. ચેતન સ્વભાવ ૨. અચેતન સ્વભાવ**

જેથી ચેતનપણાનો વ્યવહાર થાય, એ ચેતન સ્વભાવ. આત્મામાં ચેતનપણાનો વ્યવહાર થાય છે. આત્મા ચેતન છે એ પ્રસિદ્ધ છે. કર્મ સમ્બદ્ધ આત્મા ચેતન છે. આત્મા સાથે સમ્બદ્ધ કર્માદિ પુદ્ગલો પણ ચેતન ગણાય છે. જીવ અને શરીર એવા તો એકાકાર થઇ ગયા છે કે-શરીરને ચેતન રૂપે સમજવામાં કોઇ ભ્રમ થતો હોય એવું લાગતું નથી. આત્મા ચેતન સ્વરૂપને કારણે રાગ-દ્વેષ વગેરે પરિણુતિ કરે છે અને કર્મથી બંધાય છે. જો આત્મા ચેતનસ્વરૂપ ન હોય તો રાગાદિ પરિણુતિ ન કરે અને એ પરિણુતિ વગર કર્મબન્ધ પણ ન થાય. જેમ તેલથી ચીકણા થયેલા શરીરવાળાનું શરીર ધૂળથી લેપાય છે તેમ રાગદ્વેષથી ખરડાએલાને કર્મબન્ધ થાય છે-કહ્યું છે કે-

स्नेहाभ्यक्त शरीरस्य, रेणुना श्लिष्यते यथा गात्रम् ।
रागद्वेषक्लिन्नस्य, कर्मबन्धो भवत्येवम् ॥१॥

કર્માદિ પુદ્ગલો, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાળ, એ પાંચ દ્રવ્યો અચેતન છે, એ સ્પષ્ટ છે. એ પાંચેમાં ચેતન નથી. ચેતન સ્વભાવનો વિરોધ અચેતન સ્વભાવ છે. એ અચેતન સ્વભાવ કર્મબધ્ધ જીવમાં પણ છે. જો જીવમાં અચેતન સ્વભાવ નથી તો એ દૂર કરવા માટે પ્રયત્ન શા માટે કરવામાં આવે છે. જીવમાં પુદ્ગલના યોગે અચેતન સ્વભાવ છે. કથંચિત્ અચેતનસ્વભાવ જીવમાં માનવો આવશ્યક છે. નથી ને માનવો એમ નથી પણ છે-તે બરાબર વિચારપૂર્વક માનવો જોઇએ. કેવળ ચેતન જ સ્વભાવ જીવમાં માનવામાં આવે-તો-તે ચેતન સ્વભાવ જીવમાં પૂર્ણ છે કે અપૂર્ણ? પૂર્ણ છે તો સિદ્ધ આત્મા અને સંસારી આત્મામાં ભેદ શો? જો અપૂર્ણ છે તો તે અપૂર્ણ કઇ રીતે-ચેતન સ્વભાવ દબાએલ છે, તેનું નામ અપૂર્ણ-એમ જો માનવામાં આવે તો તે દબાએલાપણું શું? જેટલે જેટલે અંશે ચેતનપણું દબાએલું છે, તેટલે તેટલે અંશે જીવાત્મામાં અચેતનપણું છે. જીવાત્મા સર્વથા અચેતન નથી થતો એ જ તેમાં ચેતનપણાનું વૈશિષ્ટ્ય છે. પુદ્ગલાદિ અચેતનપણાને કદી પણ સર્વથા છોડતા નથી એ જ પુદ્ગલાદિમાં અચેતનપણાનું વૈશિષ્ટ્ય છે.

જીવાત્મામાં રહેલા અચેતન સ્વભાવને દૂર કરવા માટે શાસ્ત્રાદિ કથિત અનુષ્ઠાનો છે, ગુરુ-શિષ્યાદિ સમ્બન્ધો છે. ધ્યાન-ધ્યેય આદિ પ્રકારો છે. અન્યથા એ સર્વ વિફલ થાય. પૂ. ઉપાધ્યાયજી મહારાજ-આ વિષયને પોતાના શબ્દોમાં આ પ્રમાણે સમજાવે છે.—

'જો જીવને સર્વથા ચેતન સ્વભાવ કહિઈં, અચેતન સ્વભાવ ન કહિઇ, તો અચેતન કર્મનો-

કર્મદ્રવ્યોપશ્લેષજનિત ચેતના વિકાર વિના શુદ્ધ સિધ્ધ સદશપણું થાઈ, તિવારઈ ધ્યાન-ધ્યેય, ગુરુ શિષ્યની સી ખપ થાઇ. ? સર્વશાસ્ત્ર વ્યવહાર ઇમ ફોક થઇ જાઈ. શુધ્ધને અવિદ્યા નિવૃત્તઈ પણિં સ્યો ઉપકાર થાઈ. તે માટઇ અલવણા યવાગૂ: ઇતિવત્ 'અચેતન આત્મા' ઇમ પણિ કથંચિત્ કહિઈ."

આ પ્રમાણે દ્રવ્યોમાં ચેતન સ્વભાવ અને અચેતન સ્વભાવની વિચારણા વિશદ રીતે કરવી. વ્યામોહમાં મૂંઝાવું નહિં. કેટલાએક મિથ્યા નિશ્ચયવાદીઓ જે એમ કહે છે કે-દરેક દ્રવ્યો શુદ્ધ છે. તેમાં એકબીજાને યોગે કાંઇ પણ ફેરફાર થતો નથી. તેઓએ જીવ અને પુદ્ગલમાં પરિણામિપણું છે તે કઇ રીતે છે તેનો વિચાર કરવો આવશ્યક છે. ચેતન સ્વભાવ અને અચેતન સ્વભાવનું કહેલું સ્વરૂપ કદાગ્રહ વગર મનન કરવું જરૂરી છે. કેવળ નિશ્ચયને ખોટી રીતે પકડી રાખનાર આ સ્વરૂપને તો નથી સમજતો પણ સાથોસાથ અનેક મિથ્યા સ્વરૂપને ઉભા કરીને વિટંબના પામે છે. એટલે સ્વસ્થતાપૂર્વક આ સ્વરૂપનું ચિંતન કરવું.—

### ૩. મૂર્તસ્વભાવ. ૪. અમૂર્તસ્વભાવ

મૂર્ત સ્વભાવ એટલે રૂપ, રસ, ગન્ધ, સ્પર્શાદિ ધારણયોગ્યતા. જીવમાં કથંચિત્ મૂર્તસ્વભાવ માનવામાં ન આવે તો જીવને જે શરીરાદિ સમ્બન્ધ થાય છે ને એ સમ્બન્ધને કારણે જે હલન-ચલનાદિ ક્રિયાઓ જણાય છે, તે ન સંભવે. આ ઉજળો છે, આ શ્યામ છે, આ કડવો છે, આ મીઠો છે, આ સુગંધી છે, આ દુર્ગન્ધી છે, આનો સ્પર્શ સુંવાળો છે, આનો સ્પર્શ ખરબચડો-કઠોર છે, ઇત્યાદિ જે તે તે વ્યક્તિઓ આશ્રયીને કહેવાય છે, તે જે પ્રમાણે શરીરને લાગુ પડે છે તે પ્રમાણે આત્માને પણ લાગુ પડે છે. એટલે જીવને કથંચિત્ મૂર્તસ્વભાવ માનવો આવશ્યક છે. પુદ્ગલ તો મૂર્તસ્વભાવવાળા છે તેમાં કાંઈ સન્દેહ નથી. ધર્માસ્તિકાય આદિ ચારમાં મૂર્ત સ્વભાવ નથી. જીવમાં મૂર્ત સ્વભાવ છે એ જ સંસાર છે. એ સ્વભાવ ન હોય તો તેને સંસારનો પણ અભાવ થઇ જાય.

મૂર્ત સ્વભાવથી વિરુધ્ધ તે અમૂર્ત સ્વભાવ, રૂપાદિનો અસમ્બન્ધ એ અમૂર્ત સ્વભાવ. ધર્માસ્તિકાયાદિ ચારમાં અમૂર્ત સ્વભાવ છે એ સ્પષ્ટ છે. લોકદષ્ટ વ્યવહારથી સિધ્ધ થતો મૂર્તસ્વભાવ જ જીવમાં છે એમ માની લેવામાં આવે તો તો તે કદી પણ અમૂર્ત ન થાય. જીવમાં અમૂર્ત સ્વભાવ છે માટે જ એ મોક્ષમાં અમૂર્ત થાય છે. મૂર્તત્વસંવલિત જીવને પણ અન્તરંગ તો અમૂર્ત સ્વભાવ છે.

પુદ્ગલમાં મૂર્ત સ્વભાવ છે એ સ્પષ્ટ છે, છતાં ઘણા પુદ્ગલો એવા છે કે-તેના રૂપાદિ સમ્બન્ધો અનુભવાતા નથી. પુદ્ગલમાં નહિ અનુભવાતા રૂપાદિ સમ્બન્ધો એ તેમાં રહેલા અમૂર્ત સ્વભાવને કારણે છે. પુદ્ગલમાં અમૂર્ત સ્વભાવ કથંચિત્ માનવો આવશ્યક છે. [ ચાલુ ]


## જોઈએ છીએ.

પાદરલી ( રાજસ્થાન ) કન્યાશાળા માટે જૈન ધાર્મિક જ્ઞાન, હિન્દી, ગણીત, શીવણ-ગૂંથણ વગેરે કામના મહેનતુ અને અનુભવી શિક્ષિકા બેન જોઈએ છીએ. પગાર યોગ્ય લાયકાત મુજબ આપવામાં આવશે.

**સરદારમલ જુહારમલજી**

સ્ટે, એરણપુરા **પાદરલી.**

# શંકા અને સમાધાન

-: સમાધાનકાર :-

પૂ૦ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજ—રાજપીપળા.

પ્રશ્નકાર :- **પૂ૦ આ૦ શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી સુદર્શનવિજયજી ગણિ.**

**શં૦** કલ્યાણ માસિક વર્ષ ૧૪ ના પહેલા અંકના 'શંકા અને સમાધાન' વિભાગમાં સિદ્ધપુરવાલા શાહ ભીખાલાલ વેણીચંદે કરેલા મગના કોયડાની બાબતમાં આપે એમ લખ્યું છે કે- "કોયડું સચિત્ત છે અને તેના સંઘટ્ટાવાલા બીજા ચડેલા મગ સાધુઓને વહોરાવાય નહિ" જ્યારે વિવિધ પ્રશ્નોત્તર ભા ૧ માં આ૦ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ નીચે મુજબ જણાવે છે કે-" કોરડું મગ આદિ અચિત્ત છે. શ્રી ઓઘનિર્યુક્તિની ટીકામાં ટીકાકાર મહર્ષિએ કહેલ છે. પણ આખી યોનિના રક્ષણ માટે અને નિઃશુકતાના પરિહારને માટે દાંતથી ભાંગવા નહિ પણ આખા ગળી જવા" આમ ભિન્ન ખુલાસો વાંચવાથી પૂછાવાય છે, તો યોગ્ય માર્ગદર્શન કરશો.

**સ૦** પૂજ્ય આચાર્ય **શ્રી** વિજયદાનસૂરીશ્વરજી મહારાજશ્રીએ વિવિધ પ્રશ્નોત્તરના પેલા ભાગમાં જે ખુલાસો કર્યો છે તે જીવરહિત અચિત્ત કોયડા મગ માટે છે જ્યારે 'કલ્યાણ' માસિકમાં જે ખુલાસો મેં કર્યો છે તે યોનિની અપેક્ષાએ સચિત્ત કોયડું મગ લખ્યો છે અને તેવો આશય ઓઘનિર્યુક્તિના ગ્રંથમાંથી આખોય પાઠ વિચારપૂર્વક વાંચવાથી તમને પણ થશે.

યોનિથી પણ સચિત્ત કોયડું મગ હોય તેનો સંઘટ્ટો પણ સાધુઓએ વર્જવો જોઇએ. એટલે કોયડું મગ, જે અન્ય મગની સાથે હોય તે મગ યોનિની અપેક્ષાએ સચિત્ત સંઘટ્ટિત કહેવાય અને શ્રાવકોને ખબર પડે ત્યારે તે મગ સાધુઓને વહોરાવે નહિ. કારણ કે કોઈવખત એકએક કોળીયામાં ૫-૫, ૭-૭ આવી જાય જેથી આવા કોયડા મગને ગળી જવાનો વિવેક કરવો કઠીન છે એમ વિવેકયુક્ત શ્રાવકને માલુમ પડતાં સાધુઓને તેવા મગ વહોરાવે નહિ. સિધ્ધપુરવાલા સુશ્રાવક ભીખાલાલને મેં આવી સમજ આપી છે. જ્યારે પૂજ્ય આ૦ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજશ્રીએ સ્વાભાવિક પ્રશ્નનો ઉત્તર આપ્યો છે એટલે અમારા બંનેના આશયમાં ફેર નથી.

[ પ્રશ્નકાર :- **પ્રવાસી.** ]

**શં૦** વીહરમાનના નામો, તેમના માતા, પિતા, ધર્મપત્નીનાં નામો અને લંછનો જણાવશો.

**સ૦** વીશ વિહરમાનના નામો આદિ નીચે લખેલ કોષ્ટકથી જાણી લેજો.

| નામ | માતાનાં નામો | પિતાનાં નામો | ધર્મપત્નીનાં નામો | લંછન |
|---|---|---|---|---|
| સીમંધર સ્વામી | સત્યકી | શ્રેયાંસ | રૂખમણી | વૃષભ |

| | | | | |
|---|---|---|---|---|
| સુગંધર | સુતારા | સુદૃઢ | પ્રિયમંગલાવતી | ગજ |
| શ્રીબાહુ | વિજયા | સુગ્રીવ | મોહિની | હરણ |
| સુબાહુ | ભૂનંદા | નિસઢ | કિંપુરીષા | વાનર |
| સુજાત | દેવસેના | દેવસેન અથવા મિત્રભૂતિ | જયસેના | રવિ |
| સ્વયંપ્રભ | સુમંગલા | કીર્તિ | પ્રિયસેના | શશી |
| ઋષભાનન | વીરસેના | મેઘરથ | જયાવતી | સિંહ |
| અનંતવીર્ય | મંગલા | વિજય | વિજયાવતી | હાથી |
| સુરપ્રભ | વિજયવતી | શ્રીનાગ | નંદીસેના | ચંદ્રમા |
| વિશાલનાથ | ભદ્રા | પદ્મરથ | વિમલા | સૂર્ય |
| વજ્રધર | સરસતી | વલ્માંક | વિજયાવતી | શંખ |
| ચંદ્રાનન | પદ્માવતી | દેવાનંદ | લીલાવતી | વૃષભ |
| ચંદ્રબાહુ | રેણુકા | મહાબલ | સુગંધા | કમલ |
| શ્રીસુજંગ | મહિમા | ગલાસન | ગંધસેના | કમલ |
| શ્રીઈશ્વર | જશોજ્જ્વલા | વીર | ભદ્રાવતી | ચંદ્ર |
| નેમિપ્રભ | સેના | ભૂમિપાલ | મોહિણી | સૂર્ય |
| વીરસેન | ભાણુમતિ | દેવ | ગજસેના | વૃષભ |
| મહાભદ્ર | ઉમાદેવી | સર્વભૂતિ | સૂર્યકાન્તા | હસ્તી |
| દેવજસા | ગંગા | રાજપાલ | પદ્માવતી | ચંદ્ર |
| અજિતવીર્ય | કનીનિકા | સચ્ચઇ | રયણમાલા | સ્વસ્તિક |

આ મુજબ પાલેજ શ્રી આત્માનંદ જૈનજ્ઞાનમંદિરની હસ્તલિખિત પ્રતમાં છે.

[પ્રશ્નકાર :— **એક જિજ્ઞાસુ.**]

**શં૦** તીર્થંકર નામકર્મ કયા સમકૃત્વમાં બંધાય ?

**સ૦** તીર્થંકર નામકર્મ ત્રણે સમકૃત્વમાં બંધાય છે. એમ શ્રી પંચસંગ્રહની સ્વોપજ્ઞ ટીકામાં કહ્યું છે.

**શં૦** નારકીમાં બાદર અગ્નિકાય છે ? નથી તો ત્યાં તેની વેદનાનો અધિકાર કેમ આવે છે ?

**સ૦** બાદર અગ્નિકાય મનુષ્યક્ષેત્ર સિવાય બીજે હોય નહિ. તેથી ત્યાં તેના સદૃશ દ્રવ્યાન્તરની અપેક્ષાએ જાણવું.

**શં૦** ભવ પ્રત્યય અવધિની જેમ ભવપ્રત્યય જાતિસ્મરણ હોય ?

**સ૦** નારકીમાં ભવપ્રત્યય જાતિસ્મરણ હોય છે એમ સેનપ્રશ્નથી જણાય છે.

**શં૦** સાધ્વીઓને મનઃપર્યવજ્ઞાન થાય કે નહિ ?

**સ૦** સાધ્વીઓને મનઃપર્યવજ્ઞાન થઈ શકે છે. અવધિજ્ઞાનની જેમ.

**શં૦** શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિને કયો કષાય હતો ?

**સ૦** તેઓશ્રીને અનંતાનુબંધી કષાયનો જઘન્ય ઉદય અંતર્મુહૂર્તનો હતો એમ યોગશાસ્ત્ર કહે છે.

# મનન – માધુરી

શ્રી 'વિમર્શ'

[વર્તમાન જડવાદી વાતાવરણમાં સાત્વિક તથા સંસ્કારયુત સ્વચ્છ વિચારધારાના પ્રચારની આવશ્યકતા છે, જેથી વિચારક આત્માઓને જીવનોપયોગી ભાથું એ દ્વારા પ્રાપ્ત થાય; આજ એક ઉદ્દેશથી શ્રી 'વિમર્શ' પોતાની ચિંતનપ્રધાન શાંત લેખિની દ્વારા સદ્-વિચારમાળા અહિં પ્રસિદ્ધ કરે છે, લેખક શ્રી, સમાજમાં પ્રતિષ્ઠિત તથા શાંત વિચારક તેમજ આધ્યાત્મિક વિચારશ્રેણીના પુરસ્કર્તા છે. તેઓ 'કલ્યાણ' ના વાચકોને માટે અવાર-નવાર પોતાની લેખિનીથી સદ્‌વિચાર-પ્રવાહ વહેતા મૂકતા રહે તેમ આપણે ઇચ્છીશું.]

## ૧, આચારોનું પરિબળઃ

**મનને** ભાગ્યેજ કોઇ ઉપમા આપી શકાય, એવું તે વિચિત્ર અને અનોખું છે. છતાં પણ આપવીજ હોય તો વધુમાં વધુ બંધ બેસતી ઉપમા પાણીની છે, મન પાણી જેવું છે, પાણીને પોતાનો આકાર કે રંગ નથી, તેને જે વાસણમાં રેડો તેવો આકાર ને ધારણ કરે છે, અને તેમાં જે રંગ નાખો તેવા રંગનું તે બને છે. જો તેને વહેવા દઇએ તો તે ઢાળ તરફ વહેવા લાગે છે, અને એકજ જગ્યાએ બાંધી રાખીએ, તો તે બંધીયાર બની જાય છે. પાણી ચંચળ છે અને તેમાં પત્થર નાંખીએ તો તરત તરંગો નાચી ઉઠે છે. તેમાં અદ્‌ભુત શક્તિ છે અને ગમે તેવા ખડકોને ઘસી નાંખે છે.

એજ રીતે મનને પણ કાંઇ રૂપ કે રંગ નથી, જે વસ્તુમાં તે પરોવાય છે, તેમાં તન્મય થઇ જાય છે, જે વિષયનો સંગ તેને લાગે છે, તેવો તેનો રંગ થઇ જાય છે, એને ફાવે તેમ કરવા દઇએ, તો અધમ માર્ગોમાં તે જલ્દી ઢળી પડે છે અને નીચે પટકાય છે. જો તેને ગોંધી રાખીએ તો તે મંદ અને માંદું બની જાય છે. બાહ્ય વિષયો તેની સાથે અથડાતાં તેમાં વૃત્તિઓના તરંગો ઉઠે છે. મનની શક્તિઓ અદ્‌ભુત છે, જો તેને કયાંક કેંદ્રિત કરી શકાય તો.

પાણીને નિશ્ચિત માર્ગોએ વહેવડાવવા માટે પાળો બાંધીએ છીએ, તેવીજ પાળો આપણે માનસિક પ્રવાહને વહેવડાવવા માટે બાંધવી જોઇએ. તે પાળો એટલે નિયમો અને આચાર-પ્રણાલિકાઓ. આપણા વિચારો, ભાવો, કલ્પનાઓ અને સમજણો ક્ષણે ક્ષણે બદલાતાં રહે છે. આપણે તેમનાં પર ભરોસો રાખીને વર્તવા લાગીએ તો કયાંય પહોંચવાના નથી, ઘણીવાર વિષયોના વમળોમાં અટવાયેલા મનના આવેગો એટલાં જોરદાર હોય છે કે વર્ષો સુધી દૃઢીભૂત કરેલી સંયમની પાળોને તેઓ તોડી નાંખે છે.

જો આપણે મનને સન્માર્ગે લઇ જવું હોય તો ચંચલ અને **તરંગી મનને કોઈ નિયમોની, કોઇ આચારોની પાળોમાં વહેવડાવવું પડશે.** કોઇ ને કોઇ વિધિ-નિષેધો અંગીકાર કરવા પડશે પછી તે ધર્મશાસ્ત્રોના ચીંધેલા હોય કે મહાપુરુષોનાં વર્ણવેલા હોય. એક વસ્તુ થઇ શકે અને બીજી નજ થઇ શકે એવી કડક શિસ્ત પાળવી

આવશ્યક છે. તે વિના મન કદી કેળવી શકાય નહિ.

કેટલાક લોકો સારા વિચારો કરી શકે છે, પણ તેથી કાંઇ મન કેળવાયેલું ગણી શકાય નહિ. મન સારા વિચારો કરી શકે એટલું બસ નથી, એ ખરાબ વિચાર ન કરી શકે તેટલી હદ સુધી કેળવવું જોઈએ. સતત આચાર પાળ્યા વિના એ સંભવિત નથી.

**વ્રત અને નિયમો, આચાર અને પ્રણાલિકાઓ એ બંધનોની દિવાલો નથી, પરંતુ રક્ષણ કરનારી કીલ્લેબંધી છે.** કેવળ સદાચાર વિનાનાં સારા વિચારોથી કાંઇ સર્જન થવાનું નથી. કેવળ અન્નના વિચારો કરવાથી કાંઇ પેટ ભરાવાનું નથી.

ઘણાં માને છે કે-આપણા હેતુઓ સારા હોય, પછી વિધિ અને આચારોની જાળ શા માટે? નિયમો આપણે માટે છે, આપણે કાંઇ નિયમો માટે નથી. મનથી સુધર્યા એટલે બસ, બહાર દર્શાવવાની શી જરૂર છે? આપણને કોઈપર દયા આવી કે કોઇ પ્રત્યે પ્રીતિ ભક્તિ ઉપજી, એનું પ્રદર્શન ભરવાની શી જરૂર છે? આચારના યાંત્રિક ચોગઠામાં સપડાયેલા વેદીયા શા માટે બનવું.?

આવી દલીલો કરનારાઓને મનના તરંગીપણાની અને તેના ભયંકર આવેગોની પુરતી સમજ આવી નથી. આવી દલીલો પાછળ ઘણીવાર અજ્ઞાન આત્મવંચના હોય છે મનના ભાવો પ્રગટ થાય છે, ત્યારેજ તેનું ખરૂં સ્વરૂપ સમજાય છે. **આચારો એજ મનની સાચી લગામ છે,** વિચારો કદી નહિ.

### (૨) લજ્જા-મર્યાદા :

**લજ્જા** એટલે પોતાની મર્યાદાઓનો અને અધિકારોનો ખ્યાલ. આજકાલ સ્વતંત્રતાના અને સમાનતાનાં ઠગારાં બહાના હેઠળ લોકો પોતાની મર્યાદાઓ ભૂલતા જાય છે. મોટા-નાના વચ્ચે, શિક્ષક-વિદ્યાર્થીઓ વચ્ચે, સ્ત્રી-પુરૂષો વચ્ચે, સ્વામી-સેવકો વચ્ચે પહેલાના કાળમાં જે મર્યાદાઓ હતી, તે આજે ભાગ્યેજ દેખાય છે. પોતાનાં જ્ઞાનની, અધિકારની, ઉમ્મરની મર્યાદાઓનું વારંવાર અતિક્રમણ થતું જોવાય છે. ગમે તે વ્યક્તિ ગમેતેમ કરવા પોતાને મુખત્યાર માને છે. નાનકડો નિશાળીયો કે રસ્તાનો સામાન્ય માણસ પણ ગમે તે દેવ-દેવતા, મહાપુરુષો કે નેતાઓની, ધર્મ કે ધર્મશાસ્ત્રોની અથવા ગમે તે વિષયની ગમે તેવી ટીકા કરવામાં કે તે પર ગમે તેવા વિધાનો કરવામાં જરાય લજાતો નથી-આવી નર્લજ્જતા ખરેખર શોચનીય છે.

દરેક બાબતમાં ક્ષોભ પામી શરમાયા કરવું એ જેમ ખોટું છે, તેમ દરેક બાબતમાં માઝા મુકી પોતાના સ્વધર્મનો કે અધિકારનો ખ્યાલ ન કરવો, એ પણ તેટલું ખોટુંજ છે. મહાન પુરૂષો કદીપણ પોતાના અધિકારનું અતિક્રમણ કરતા નથી. દરીયો કેટલો વિરાટ છે, છતાં તે કિનારાની માઝા કદી છોડતો નથી, અમુક હોદ્દો ભોગવતો અમલદાર

પોતાના ક્ષેત્રની, સત્તાની અને જવાબદારીઓની મર્યાદાઓ જેમ ઉલ્લંઘતો નથી અને તેમ કરે તો તુરત શાસન પામે છે, તેમ જીવનમાં પોતાના ક્ષેત્રનો, સંબંધનો અને મર્યાદાનો ખ્યાલ છોડી દેનાર અંતે પતન પામે છે.

સર્વ વ્યવહારોમાં અને ખાસ કરી સ્ત્રી-પુરૂષોના વ્યવહારોમાં લજ્જા અતિ આવશ્યક છે. વ્યવહારોમાં નિખાલસતા ભલે હોય, પણ મર્યાદાઓનો લોપ ન જ હોવો જોઇએ. 'અહિં સુધી અને અહિંથી આગળ નહી' એવી લક્ષ્મણ-લીટી તો તેમાં જોઇએજ. નૈસર્ગિક આકર્ષણને લઇ સ્ત્રી-પુરૂષોને અરસપરસનાં મૈત્રી અને સાન્નિધ્ય બહુ ગમે છે, પરંતુ એમાં રક્ષણાત્મક નિર્બંધો ન હોય, અંતરના શત્રુઓનો ભય ભૂલાય, લજ્જાનો પડદો ખસે, તો ક્યારેક પતન થવાનું એ નિશ્ચિત, અને એકવાર પતન થયું કે શુભ-સ્વર્ગમાં વસનારી ગંગા શતમુખ વિનિપાત પામી ક્ષાર સમુદ્રમાં મળે છે, તેમ પૂર્ણ અધોગતિ થવાની. એકવાર લજ્જા-મર્યાદા તૂટી કે તે જીવનભર તૂટીજ સમજવી. ગૃહસ્થોને પરસ્ત્રી માટે તથા સાધુઓને સર્વ સ્ત્રીઓ માટે બ્રહ્મચર્યની નવ વાડો-ગુપ્તિઓનું હંમેશા પાલન કરવાનું જૈનધર્મમાં ફરમાન કરવામાં આવ્યું છે, તે આ દૃષ્ટિએ ઘણુંજ મહત્ત્વનું છે.

લાજ અને મર્યાદાને જેઓ વેવલાપણું માનીને તેનો છડેચોક ભંગ કરવા સુધીની છૂટ લે છે, તેઓ ખરેખર આગની સાથે અયોગ્ય રમત રમવાનું દુઃસાહસ કરે છે. તેઓ નિસર્ગદત્ત લજ્જાગુણનો નાશ કરી અવિવેકમય પશુજીવન જીવવામાં ખોટો આનંદ માની અધઃપતનને નોતરી લે છે. જે લજ્જા અને ભય શુભ કાર્યમાં ત્યાજ્ય મનાયાં છે, તેજ લજ્જા અને ભય અશુભ કાર્યમાં હંમેશા આદરણીય ગણાયાં છે. આર્ય સંસ્કૃતિની અનેક વિશેષતાઓમાં આ પણ એક વિશેષતા છે.

# સમાચાર — સંચય

**શ્રમણોપાસક શાંતિનિકેતનઃ-** તીર્થાધિરાજ શ્રી સિદ્ધક્ષેત્રની પુનિત છત્રછાયામાં તલાટીમાં આવેલ સ્વ૦ શેઠશ્રી શાંતિલાલ જીવણલાલનાં 'ગિરિવિહાર' નામનાં જૈન સોસાયટી બંગલામાં 'નિવૃત્ત શ્રમણોપાસક શાંતિનિકેતન' ની સ્થાપના ચાલુ વર્ષના વૈશાખ વદિ ૧૧ શનિવારના શુભ દિવસે થઇ છે. જૈન શ્વે૦ મૂર્તિપૂજક સમાજમાં જે સંસ્થાની ઉણપ હતી, તે તે આજે પૂરાય છે. જેઓ સાંસારિક પ્રવૃત્તિઓથી નિરાળા છે, અને એકાંતમાં તત્ત્વજ્ઞાનના પઠન-મનન-પૂર્વક ધર્માંરાધના કરવા ઇચ્છે છે, તેવા ધર્મશીલ નિવૃત્ત શ્રાવક-સમુદાયને કાયમી તથા મુદતી આશ્રય તથા રહેવા-જમવાની વ્યવસ્થા રહેશે. શાંતિનિકેતનમાં રહી આરાધના કરવા ઇચ્છતા આરાધકો માટે માસિક ફી રૂા. ૩૫ રાખવામાં આવી છે. આરાધક શ્રમણોપાસકે સભ્ય થવું જોઇએ. સભ્ય ફી રૂા. ૧૦૧) છે. વિશેષ વિગત માટે પત્રવ્યવહાર કરવાનું સીરનામુંઃ- મંત્રી; નિવૃત્ત શ્રમણોપાસક શાંતિનિકેતન. ઠેઃ તલાટી, જૈન સોસાયટી. ગિરિવિહાર પાલીતાણા ( સૌરાષ્ટ્ર )

**જુન્નર (જિ. પુના):-** પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજશ્રી આદિની શુભ નિશ્રામાં નવપદજીની શાશ્વતી ઓળીની સુંદર આરાધના થઈ હતી. તેઓશ્રીના વરદ હસ્તે શાહ બાબુલાલ લખમીચંદના બાલબ્રહ્મચારિણી સુપુત્રી ઉષાબહેનની દીક્ષા થઇ હતી. નૂતનદીક્ષિત સાધ્વીજીનું નામ ઉજ્જવલ-

લતાશ્રીજી રાખી. તેઓને સાધ્વીજી શ્રીહંસાશ્રીજીના શિષ્યા કર્યા હતા. દીક્ષા વખતે ઉપકરણોની બોલીમાં રૂા. ૧૦૦૦ ની ઉપજ થઈ હતી.

**જૈન વિદ્યાપીઠના કાર્યકરોનું સંમેલન:-** અખીલ ભારતીય જૈનતત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના કાર્યકરોનું સંમેલન તા. ૨૩-૨૪ માર્ચના દિવસોમાં રતલામખાતે પૂ૦ મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં મળ્યું હતું. શેઠશ્રી તેજરાજ ગાંધીના અધ્યક્ષપદે વિદ્યાપીઠની પ્રવૃત્તિને વેગ આપવા ઉપયોગી વિચારણા થઇ હતી, અને મહત્ત્વના નિર્ણય લેવાયા હતા.

**વિદ્યાર્થિની સ્કોલરશીપ:-** માર્ચ-૧૯૫૭ ની એસ. એસ. સીની પરીક્ષામાં સર્વથી વિશેષ માર્ક મેળવનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરવાની કબૂલાત આપનાર શ્વે૦ મૂ૦ પૂ૦ જૈન વિદ્યાર્થિની બહેનને ' શ્રીમતી લીલાવતી ભોળાભાઇ ઝવેરી જૈન વિદ્યાર્થિની સ્કોલરશીપ ' આપવામાં આવશે, અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય: ગોવાલીયા ટેંક રોડ, મુંબઈ-૨૬ ની ઓફીસેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની તારીખ ૫-૭-૫૭ છે.

**સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા:-** પૂ૦ આ૦ મ૦ શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજશ્રીના સમુદાયના પૂ૦ સાધ્વીજીશ્રી વિમલાશ્રીજી, પોતાના ગુરુણીજી પૂ૦ સાધ્વીજીશ્રી સુમંગલાશ્રીજીની આદિની સાથે પૂર્વ દેશના તીર્થોની યાત્રાર્થે પધાર્યા હતા. તેઓશ્રીએ સેંકડો માઇલોનો વિહાર કરી, પરિવાર સાથે શિખરજીની યાત્રા કરી. બાદ ઝરીયા થઇ ચૈત્રવદિ ૧ ના દિવસે થાનગઢ પધાર્યા હતા, અહિં તેઓને સામાન્ય તાવ આવ્યો, તેથી ત્રણ-ચાર દિવસ વધુ સ્થિરતા કરી, બાદ માંદગી વધતાં ચૈત્ર વદિ ૧૩ ના તેઓશ્રી સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા. કલકત્તાના શ્રી સંઘના અનેક ભાઇઓને ખબર મળતાં ત્યાં આવ્યા. અંતિમવિધિ થઇ. ત્યારબાદ અન્ય સાધ્વીજીઓ વિહાર કરી કલકત્તા પધાર્યા. કલકત્તામાં પૂ૦ સ્વર્ગસ્થ સાધ્વીજીના કાલધર્મ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ થશે. સ્વર્ગસ્થ સાધ્વીજી અમદાવાદ ઢાલગરાના ડેલામાં રહેતા શાહ ચીમનલાલ ઢાલગરાના સુપુત્રી હતા. નાની વયે વૈધવ્ય પ્રાપ્ત થતાં વૈરાગ્ય વાસિત બની દીક્ષા અંગીકાર કરી હતી. તેઓ સ્વભાવે શાંત તથા ગુણીયલ હતા.

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ:-** પડાણા (વાયા જામનગર) ખાતે પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજીમહારાજશ્રી તથા પૂ૦ આ૦ દેવ શ્રીમદ્ વિજયભુવનસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં વૈશાખ વદિ દ્વિ. ૬થી અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબજ ઉત્સાહપૂર્વક ઉજવાઇ ગયો. જેઠ સુદી ૧ ના શ્રીનેમિનાથ પ્રભુ આદિ જિનબિંબોને અંજનશલાકા થયેલ, સુદિ બીજના પ્રતિષ્ઠા, અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર આદિ થયેલ. અને સુદિ ત્રીજના શ્રી નેમિજિનેન્દ્ર કર્પૂરઅમૃતસૂરિ જ્ઞાનભંડારનું ઉદ્ઘાટન થયેલ. ઉપજ સારી થઇ હતી

**મોટા માંઢામાં દીક્ષા મહોત્સવ:-** શાહ પુંજાભાઇ નોંધાભાઇના સુપુત્ર શ્રી માણેકચંદભાઈ કે જેઓ ધર્મશીલ તથા ઉદારદીલ છે. તેઓની ઘણા સમયથી દીક્ષા અંગીકાર કરવાની ભાવના હતી. તેમણે સોળ વર્ષ પહેલાં યુવાન વયે બ્રહ્મચર્ય અંગીકાર કર્યું હતું, પોતાના ન્હાનાભાઈને તથા પુત્રરત્નને દીક્ષા અપાવી હતી. તેઓએ પૂ૦ મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી મ૦ શ્રીનાં વરદહસ્તે વૈ. સુદ ત્રીજના પુણ્યદિવસે દીક્ષા અંગીકાર કરી છે. પોતાના તરફથી શાંતિસ્નાત્ર-અઠ્ઠા મહોત્સવ ચાલુ હતો. વર્ષીદાનમાં તેઓએ છુટે હાથે હજારોનું દાન દીધું હતું. તેઓનું શુભ નામ પૂ૦ મુનિરાજશ્રી મહાવીરવિજયજી રાખી, પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીના શિષ્ય કરવામાં આવ્યા છે. તે દિવસે તેઓના તરફથી શાંતિસ્નાત્ર તથા નવકારશીનું જમણ થયેલ. લગભગ છ હજારની માનવમેદની હતી.

**ધાર્મિક પરીક્ષાઓ:-** શ્રી અભયદેવસૂરિ જૈનજ્ઞાનમંદિરની પાઠશાળાના શિક્ષક શ્રી હરગોવિંદદાસે શ્રી મહેસાણા પાઠશાળા તરફથી નીચેના સ્થળોમાં પરીક્ષા લીધી હતી. **બોરસદ** શ્રી નૂતન જૈન પાઠશાળા, શ્રીમાલી જૈન પાઠશાળા બંનેની પરીક્ષા લીધી હતી. પરિણામ સંતોષકારક આવેલ, મેળાવડો તથા ઇનામો વહેંચાયેલ. **વડોદરા** જાની શેરી, નરસિંહજીની પોળ, મામાની પોળ, ડેરા પોળ-આ બધી પાઠશાળાઓની પરીક્ષા લીધેલ પરિણામ સામાન્ય ઠીક છે. **પાદરા** શ્રી આત્મારામજી જૈનપાઠશાળાની પરીક્ષા લીધેલ. પરિણામ

સંતોષકારક આવેલ છે, ઇનામી મેળાવડો યોજાયેલ. પાસ થનારને વાસણોના ઈનામો અપાયેલ, પરીક્ષકે 'સમ્યગ્જ્ઞાનની મહત્તાપર વિવેચન કરેલ. શ્રી પરમાનંદભાઇ તરફથી પંચપ્રતિક્રમણ મૂલ તથા વિધિસહિત તૈયાર કરનાર દરેકને રૂા. ૨૫ નું ઈનામ અપાયું. તેમજ શ્રી આનંદઘનજી ચોવિશી તૈયાર કરનારને પણ દરેકને રૂા. ૨૫ તેઓના તરફથી આગામી પરીક્ષામાં આપવાની જાહેરાત થયેલ. આ પરીક્ષાઓ તા–૨૫ થી ૨–૩–૫૭ સુધી લેવાયેલ.

**સુરેન્દ્રનગરમાં અટ્ઠાઈ મહોત્સવ**– અત્રેના નિવાસી ભાઈ ધીરજલાલ નરશીભાઇ તરફથી પોતાના સ્વ. પૂ૦ પિતાશ્રીના આત્મશ્રેયાર્થે વૈ. સુદિ ૭ થી અટ્ઠાઇ મહોત્સવ પૂ૦ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરની શુભ નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયેલ. દેરાસરના ચોકમાં ભવ્ય મંડપમાં પૂજાઓ ભણાવાતી, રાત્રે ભાવના બાદ કથાગીતો સંગીતકાર શ્રી રસિકલાલ પોતાના સાજ સાથે કરતા, હજારો ભાઇ–બહેનો લાભ લેતા. સુદિ ૧૫ ના દિવસે તેઓના તરફથી સાધર્મિકવાત્સલ્ય થયેલ.

**આમોદમાં ઇનામી સમારંભ;**– અત્રેના અ. સૌ. શ્રી કુસુમબેન ઠાકોરલાલ શાહ પૂનાની જૈનતત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની પરિચય પરીક્ષામાં સર્વોચ્ચ નંબરે આવતા તેમને સુવર્ણચંદ્રક એનાયત કરવાનો મેળાવડો શેઠશ્રી મગનલાલ છગનલાલના અધ્યક્ષપદે ઉજવાયેલ, પ્રમુખશ્રી તથા વિદ્યાપીઠના કાર્યાધિકારી જેચંદભાઈ ધ્રુવ આદિના વિવેચનો થયેલ. પ્રમુખશ્રી તરફથી રૂા. ૬૧ પાઠશાળાને ભેટ અપાયેલ.

**અર્ધશતાબ્દિ મહોત્સવ ઉજવાયો:**– પૂ૦ સ્વ. આચાર્ય મહારાજશ્રી વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રીનાં સ્વર્ગવાસનો અર્ધશતાબ્દિ મહોત્સવ રાજેન્દ્રનગર મોહનખેડા (જિ. રાજગઢ–મધ્યભારત) ખાતે તા. ૧૨–૪–૫૭ થી ૧૪–૪–૫૭ ત્રણ દિવસમાં અનેક કાર્યક્રમો પૂર્વક સફલતાથી ઉજવાયેલ. આ મહોત્સવ સમિતિના અધ્યક્ષપદે થરાદનિવાસી સંઘવી ગગલદાસ હાલચંદભાઇ તથા ઉપાધ્યક્ષપદે ડૉ. પ્રેમસિંહજી રાઠોડ માજી આરોગ્યપ્રધાન (મધ્યભારત) હતા. ૧૫૦૦૦ માનવ–સમુદાય આ પ્રસંગે આવેલ. પહેલા દિવસે અત્રે પધારેલ પૂ૦ મુનિરાજોનાં જૈનદર્શન ઉપર વ્યાખ્યાનો થયેલ, ભગવાન બુદ્ધ પુસ્તકના વિરોધનો ઠરાવ થયેલ. મહિલા સંમેલનનું આયોજન થયેલ. કવિ–સંમેલન પણ થયેલ. પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયયતીંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીને સ્મારકગ્રંથનું સમર્પણ થયેલ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી આદિ મુનિવરોનાં વ્યાખ્યાનો થયેલ અને અખિલ ભારતીય રાજેંદ્ર જૈન સભાની સ્થાપના કરવામાં આવી હતી.

**સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ:**– પાલીતાણા ખાતે સંસ્થામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની બ્હેનોની વાર્ષિક ધાર્મિક પરીક્ષા શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક પં૦ કપૂરચંદભાઈ વારૈયાએ ચૈત્ર વદિ ૮–૯ ના લીધી હતી. પરિણામ ૧૦૦ ટકા આવેલ. પરીક્ષકનો અભિપ્રાય સારો આવેલ. સંસ્થાના આશ્રયે નાસિક નિવાસી દીક્ષાર્થી ભાઇ મણિલાલ હીરાચંદ તથા પીપલગામ–નિવાસી દીક્ષાર્થી ભાઇ અવંતિલાલને સન્માન આપવાનો મેળાવડો યોજાયેલ. શ્રી મણિભાઇ તરફથી સંસ્થાને રૂા. ૨૫૧, તથા અન્યાન્ય સદ્‌ગૃહસ્થો તરફથી તે પ્રસંગે ભેટ મલતાં રૂા. ૫૦૦ ની મદદ સંસ્થાને મલી હતી. અક્ષયતૃતીયાના પ્રસંગે સંસ્થાને રૂા. ૨૦૦૦ ઉપરાંત આવક થઇ હતી.

**ભવ્ય અટ્ઠાઈ મહોત્સવ:**– લીંબડી (સૌરાષ્ટ્ર) ખાતે કોઠારી ચંદુલાલ કેવળદાસના સુપુત્ર તરફથી વૈશાખ વદિ બીજથી બજારના શ્રી શંતિનાથ–પ્રભુનાં જિનાલયે અટ્ઠાઇ–મહોત્સવ ઉજવાયેલ. પૂજામાં દરરોજ જુદી–જુદી પ્રભાવના થતી. મહોત્સવ નિમિત્તે પૂ૦ પં૦ મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રી આદિ તેઓના આગ્રહથી પધાર્યા હતા. રાત્રે ભાવના બાદ બજારના ચોકમાં ભવ્ય સમીયાણામાં જૈન–કથાગીતો સંગીત સાથે સંગીતરત્ન ભાઈ રસિકલાલ કરતા. પૂજા તથા ભાવનાદિમાં હજારોની માનવમેદની લાભ લેતી. વૈશાખ વદિ ૯ ના દિવસે તેઓના તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ, પૂ૦ પંન્યાસજી મહારાજશ્રી જેઠ સુદિ ત્રીજના વિહાર કરી, ખંભાત તરફ પધાર્યા છે. તેઓશ્રીનો પ્રવેશ જેઠ સુદિ ૧૧ નો થયેલ છે.

**વિદ્યાપીઠની પરીક્ષાઓ:**– જૈનતત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ–પૂનાની ધાર્મિક પરીક્ષાઓ ભારતભરના

કેંદ્રોમાં લેવાની તારીખો ઓગષ્ટ ૫૭ ની ત્રીજી તથા ચોથી નક્કી થઇ છે. પરીક્ષાર્થીઓએ ૨૨-૬-૫૭ સુધી ઉમેદવારીપત્રો ભરીને પુના ખાતે મોકલવાના રહેશે.

**૯૯ મી ઓળી ચાલુ કરી:-** પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજશ્રીના તપસ્વી શિષ્યરત્ન પૂ૦ મુનિરાજશ્રી પ્રબોધવિજયજી મહારાજે વૈશાખ સુદિ ૧૪ થી વર્ધમાનતપની ૯૯ મી ઓળી ચાલુ કરી છે. તેઓશ્રી અમદાવાદ પધારનાર છે.

**ધાર્મિક પરીક્ષા તથા ઇનામી મેળાવડો:-** બુહારી (જિ, સુરત) ખાતે જૈન પાઠશાળાની પરીક્ષા જૈન શ્રેયસ્કર મંડળ તરફથી પરીક્ષક ગુણવંતલાલ જેચંદ દ્વારે લીધી હતી. આ પાઠશાળામાં સંસ્કૃત, પ્રાકૃત ભાષા ઉપરાંત કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી ઇત્યાદિ વિષયોનો અભ્યાસ થાય છે. પરીક્ષામાં બધા ઉત્તીર્ણ થયા હતા. પૂ૦ આ૦ મહારાજશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ૦ તથા પૂ૦ આ૦ મહારાજશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ શ્રીના અધ્યક્ષપદે ઇનામી મેળાવડો ચૈત્ર સુદિ ૧૩ ના થયેલ. ઇનામોની વહેંચણી શેઠ રતિલાલ હીરાચંદના શુભ હસ્તે થયેલ. પૂ૦ આચાર્યદેવોએ સમ્યગ્જ્ઞાનને અંગે રોચક શૈલીમાં પ્રવચન કરેલ. પરીક્ષક શ્રી ગુણવંતલાલે પણ યોગ્ય વિવેચન કરેલ.

**લુણાવા ખાતે મહોત્સવ:-** લુણાવા (રાજસ્થાન) નાં સ્વર્ગસ્થ છોટીબાઈના શ્રેયાર્થે અટ્ટાઈ-મહોત્સવ ઉજવવાની શ્રી સંઘની ભાવના થતાં પૂ૦ પાદ આ. મહારાજ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજશ્રીને સપરિવાર અહિં પધારવા શ્રીસંઘે બામણવાડામાં વિનંતી કરી હતી, જે સ્વીકારી તેઓશ્રી વૈશાખ સુદિ ત્રીજના અત્રે પધાર્યા હતા. તે દિવસથી શાંતિસ્નાત્ર અટ્ટાઈ-મહોત્સવનો શુભ પ્રારંભ થયેલ. સુદિ ૧૦ ના ઠાઠપૂર્વક શાંતિસ્નાત્ર ભણાવાયેલ. મહોત્સવના આઠેય દિવસ પૂ૦ આચાર્યદેવશ્રીનાં પ્રવચનો થતાં. પૂ૦ મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજને ૫૦ મી ઓળી ચાલુ હતી. આ પ્રસંગે અત્રેની પાઠશાળાની પરીક્ષા પૂ૦ આચાર્યદેવશ્રીની અનુજ્ઞાથી અને સંઘની વિનંતિથી પૂ૦ મુનિરાજશ્રી વર્ધમાનવિજયજી તથા પૂ૦ મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજીએ લીધેલ. પરીક્ષા બાદ તેનો ઇનામી મેળાવડો યોજાયેલ. રૂ.,૧૫૦ ના ઇનામો વહેંચાયેલ. શિક્ષક શ્રી ભોગીલાલને ૧૦૧ રૂ. ભેટ અપાયા તથા શાહ રીખવાજી શૈલાજી તરફથી ૫૧ રૂ. ભેટ અપાયા. પૂંજાની જોડી અપાઇ, શાહ પુખરાજજી લાદાજી તરફથી ૧૧ ભેટ અપાયા. તે રીતે શિક્ષિકા કાંતાબેનને ૫૧, ૨૫ તથા ૧૧ અને પૂંજાની જોડ ભેટ અપાઈ.

**બરવાળા:-** પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રી સપરિવાર પાલીતાણાથી વિહાર કરી, ભાવનગર, વળા થઇ તા. ૨૬-૫-૫૭ના દિવસે અત્રે પધારતાં શ્રી સંઘે તેઓશ્રીનું ભવ્ય સામૈયું કર્યું હતું. બપોરનાં પૂ૦ મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરશ્રીનું 'માનવજીવન' વિષયપર જાહેર પ્રવચન થયેલ. પૂ૦ આચાર્યદેવશ્રી અત્રેથી ધંધુકા, બાવળા, આદિ થઇ અમદાવાદ-જૈન મંદિરખાતે જેઠ સુદિ ૧૧ ના ચાતુર્માસાર્થે પ્રવેશ કરશે.

**ખાનદેશ જિલ્લાની ધાર્મિક પાઠશાળાઓ:** મહેસાણા પાઠશાળા તરફથી પરીક્ષકશ્રી સુરેંદ્રલાલ ચુનીલાલ શાહે ખાનદેશ જીલ્લાના નીચેના પ્રદેશોની પરીક્ષા લીધી હતી. **અમલનેર:-** શહેર તથા પ્લોટની બંને પાઠશાળાઓની પરીક્ષા તા. ૧૩-૫-૫૭ નારોજ લીધી હતી, શિક્ષકોનો પ્રયાસ સારો છે. પરિણામ ૯૦ ટકા આવેલ. **નંદરબાર:-** તા. ૧૨-૫-૫૭ ના અહિંની પાઠશાળાની પરીક્ષા લીધી, શિક્ષિકાબેનનો પ્રયાસ સારો છે. મેળાવડો યોજાયેલ. વિદ્યાર્થીવર્ગને રૂા. ૨૨૧ નું ઇનામ અપાયેલ, શિક્ષિકાબેનને રૂા. ૨૧ ભેટ અપાયા હતા. પરિણામ ૮૫ ટકા. **શીરપુર:-** અહિં તા. ૧૫-૫-૫૭ ના પરીક્ષા લેવાઇ. પાઠશાળામાં ૧૧૫ વિદ્યાર્થિઓ લાભ લઇ રહ્યા છે. શિક્ષકનો પ્રયત્ન સારો છે. પરિણામ ૯૩ ટકા આવેલ. ઇનામી-મેળવડો પૂ૦ મુનિરાજશ્રી જિતેંદ્રવિજયજી મહારાજ તથા પૂ૦ મુનિરાજશ્રી ચિદાનંદ મુનિજીની અધ્યક્ષતામાં યોજાયેલ. **ધુલીયા:-** પૂ૦ મુનિશ્રી ચિદાનંદમુનિશ્રીની શુભ પ્રેરણાથી અહિં ચાર મહિનાથી પાઠશાળા શરૂ થયેલ છે. તેની વિઝીટ લેવામાં આવી, પાઠશાળાની પ્રગતિમાટે યોગ્ય-દિશાસૂચન થયેલ.

**જૈન કોન્ફરન્સનું આગામી અધિવેશન:-**

જૈન-શ્વે. કોન્ફરન્સનું વીસમું અધિવેશન મુંબઇખાતે કલકત્તાનિવાસી શેઠ મોહનલાલ લલ્લુભાઇ પાટણવાળાના પ્રમુખપદે તા. ૧૪-૧૫ તથા ૧૬ જૂન-૫૭ના દિવસોમાં ભરાવાનું હતું, હવે ઇન્ફ્લુએન્ઝાને લીધે તેની તારીખ લંબાવાઇ છે. સ્વાગતસમિતિના પ્રમુખ મહુવાનિવાસી હરખચંદ વીરચંદ ગાંધી નિમાયા છે.

**મહુવા ખાતે ચાતુર્માસ થશેઃ-** પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયઉદયસૂરીશ્વરજી મહારાજ તથા પૂ૦ આ૦ મહારાજશ્રી વિજયનંદનસૂરીશ્વરજી આદિનું ચાતુર્માસ મહુવા ખાતે ત્યાંના શ્રીસંઘની વિનંતીથી નક્કી થયું છે. તેઓશ્રી કદંબગિરિજીથી વિહાર કરી જેઠ સુદિ ૧૧ ના પ્રવેશ કરશે. પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજશ્રીનું પાલીતાણા ચાતુર્માસ નક્કી થયું છે.

**પટણા (બિહાર) માં ચાતુર્માસઃ-** પટણા શ્રી સંઘની વિનંતીથી પૂ૦ આચાર્ય મહારાજશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સપરિવાર કલકત્તાથી વિહાર કરી અજીમગંજ, જીયાગંજ, ભાગલપુર આદિ થઇ અહિં પધાર્યા હતા. તેઓશ્રીની શુભ નિશ્રામાં ચૈત્રી શાશ્વતી ઓલીની આરાધના શેઠ નેમચંદજી વૈદ્ય તરફથી થયેલ. તપસ્વીઓના પારણા-અત્તર વાયણા તેઓના તરફથી થયેલ. ચૈત્ર સુદિ ૧૩ ના જન્મકલ્યાણક નિમિત્તે પૂજા ભણાવવામાં આવેલ. ચૈત્રી-પૂનમના દેવવંદન થયેલ. શ્રી સંઘની વિનંતીથી તેઓશ્રીનું ચાતુર્માસ અહિં નિશ્ચિત થયું છે. પૂ૦ આચાર્યદેવશ્રી રાજગૃહી, પાવાપુરી પધારી, ચાતુર્માસાર્થે પુનઃ પધારશે.

**કવરના હવેથી ૧૫ નયા પૈસાઃ-** ભારત-સરકારે પોષ્ટના દરમાં વધારો કર્યો છે. દિન-પ્રતિદિન દરેક પ્રકારના નવા ને નવા કરવેરા વધતા જાય છે. તે એક વખત વધ્યા પછી તે ફરી ઘટતા નથી, એક આનાના કવરના આજે બે આના છે. હવેથી ૧।। તોલા સુધીના વજનના કવરના ૧૫ નયા પૈસા, એ રીતે વધારો કરવામાં આવેલ છે.

**ધાર્મિક ટ્રસ્ટના વહિવટમાં દખલઃ-** ભરૂચ ખાતે લાડવા શ્રીમાલી ઝવેરચંદ ઠાયાભાઇએ ૬૭ હજાર રૂા. નું સાધુ-સાધ્વી વૈયાવચ્ચ, ભાતાખાતું, પર્યુષણામાં સાધર્મિક વાત્સલ્ય આદિ કાર્યો માટે ટ્રસ્ટ કરેલ, પણ કંટ્રોલના કારણે બીજા ખાતામાં પૈસા ખરચાયા, પણ જમણમાં ન ખર્ચાયા, એટલે ૧૦-૧૨ વર્ષ સુધી સાધર્મિક વાત્સલ્ય ન થવાથી તે ખાતાની વ્યાજ આદિ થઇ ૪૪૨૨૮ રૂા. ની રકમ થઇ છે. તે રકમને અંગે મુંબઇ હાઇકોર્ટે નીચે મુજબના ભાવાર્થનો ચુકાદો આપ્યો છે. તેઓ જણાવે છે કે-દરેક ધાર્મિક ખાતાઓ જેવાં કે,જીવદયા, જ્ઞાનખાતું, ભાતાખાતું, સાધર્મિક વાત્સલ્ય ઇત્યાદિ ખાતાઓને સરકાર ધાર્મિક ખાતાઓ નહિ ગણતાં ચેરીટેબલ ટ્રસ્ટનાં ગણે છે, એટલે સરકાર પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ ગણીને તે રકમને લોકોપયોગી કાર્યમાં વાપરવા હુકમ કરે છે. એટલું જ નહિ પણ બચતરકમના ૪૪૨૨૮ ની સાથે હવે પછી ૬૭૦૦૦ હજાર રૂા. ના મૂલ ટ્રસ્ટમાં જે વધારો થાય તે સાધર્મિક વાત્સલ્યમાં નહિ વાપરતાં કોલેજ તથા હોસ્પીતાલમાં વાપરવી ' બ્રિટિશ-ગવર્મેન્ટના ૧૫૦ વર્ષના વહિવટમાં ધાર્મિક મિલકતોમાં જે હસ્તક્ષેપ ન થયો હતો તે આજે પ્રજાકીય સરકારના દશવર્ષમાં થઈ રહ્યો છે ! કેવી કમનશીબી !

**સમાચારો મોકલનારાઓનેઃ-** ' કલ્યાણ ' ના સમાચાર-સંચયના મેટર મોકલનારાઓને વિનંતિ કે, માસિકમાં અન્યાન્ય ઉપયોગી લેખો લેવાના હોવાથી સમાચારો મહત્ત્વના, ટુંકા તથા મુદ્દાસરના મોકલવા, જેથી તેનું સંપાદન કરવામાં સંપાદકને અનુકૂલતા રહે, તેમજ સમાચારો મોડામાં મોડા તા. ૨૭ સુધીમાં મળી જવા જરૂરી છે.

**પુનર્વસવાટઃ** અંજારમાં ભૂકંપના ભોગ બનેલા જૈન ભાઈ-બ્હેનોના વસવાટ માટે નયા અંજાર મધ્યે જૈન પુનર્વસવાટ કોલોનીના મકાન માટેની શીલારોપણ વિધિ શ્રી ભવાનજી અરજણના વરદ હસ્તે તા. ૬-૬-૫૭ ના રોજ થઈ હતી.

તા. ૩-૬-૫૭

**આગામી અંકથીઃ-** ઇતિહાસના પાને નોંધાયેલા પ્રેરક, બોધક પ્રસંગચિત્રો શ્રી મૃદુલની હળવી કલમે ' કલ્યાણ ' માં પ્રસિદ્ધ થશે, જે સર્વ કોઇને રસપ્રદ તેમજ મનનીય અને પ્રેરણાદાયી બનશે. આ વિભાગનું નામ ફુલવીણ સખે ! રહેશે, આ માટે આગામી અંક જોતા રહેજો !

# ધાર્મિક શિક્ષણમાં સાચી પ્રગતિ ક્યારે?

પૂ૰ પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

*

**જૈનસમાજમાં ધાર્મિક શિક્ષણ વિષે મોટા વર્ગને રસ છે. ઉદારદિલ અનેક સદ્‌ગૃહસ્થો તેની પાછળ હજારો ખર્ચે છે. ઉત્સાહી તથા ભાવનાશીલ કાર્યકરો તથા શિક્ષણપ્રેમી શિક્ષકોના સહકારથી ધાર્મિક શિક્ષણની વૃત્તિ સમાજમાં ચાલુ રહી છે. પણ એ શિક્ષણનું પરિણામ જોઇએ તેવું આશાસ્પદ નથી આવતું, આ માટે ધાર્મિક શિક્ષણને રસપ્રદ, રુચિકર તથા આકર્ષક બનાવવા માટે કાંઈક કરવું જોઇએ આ ઉદ્દેશથી, ચાલુ વર્ષના વૈશાખ સુદિ. ૪-૫ ના દિવસોમાં ધાર્મિક શિક્ષકોનું એક સંમેલન પાલણપુર મુકામે યોજાયું હતું.**

**આ સંમેલનમાં શિક્ષકોને ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે હેતુથી, જે પ્રેરક સંદેશ પૂ૰ શ્રીએ તે પ્રસંગે મોકલેલ તે અમે અહિં પ્રસિદ્ધ કરીએ છીએ. ધાર્મિક શિક્ષણના પ્રચાર માટે કેવળ ધન કે સાધનસામગ્રી ન ચાલે, તે ઉપરાંત તે પ્રચાર પાછળ ઉદ્દામ તથા ધ્યેયલક્ષી ભાવના, ધગશ તથા ધર્માચરણનું પરિબલ જોઇશે. તે હકીકત પૂ૰ શ્રીએ અહિં વિશદતાપૂર્વક સરલ શૈલીએ જણાવી છે. જે સર્વકોઇ ધાર્મિક શિક્ષણના પ્રચારકોને મનન કરવા યોગ્ય છે.**

*

'छिन्नमूलो यथा वृक्षः गतशिर्षो यथा भटः।
धर्महीनो धनी तद्वत् कियत्कालं ललिष्यति ॥१॥

સુખનું મૂળ ધન છે, આરોગ્ય છે, દીર્ઘાયુષ્ય છે, એ સૌ કોઇ વ્યવહારજ્ઞ સમજી શકે છે. પણ ધન, આરોગ્ય કે આયુષ્યનું મૂળ શું છે? તે કોઇ વિરલ મનુષ્યજ જાણે છે. શાસ્ત્રકારો જણાવે છે કે 'છેદાયેલા મૂળવાળું વૃક્ષ કે કપાયેલા મસ્તકવાળો સુભટ જેમ વધુ કાળ ટકી શકતા નથી, તેમ ધર્મહીનના ધન, બળ, સુખ કે આરોગ્ય અધિક સમય ટકી શકતા નથી.' ધર્મ એ ધન, આરોગ્ય કે દીર્ઘાયુષ્યનું જ મૂળ છે, એમ નથી પણ સ્વર્ગ કે અપવર્ગના સુખોનું મૂળ પણ તેજ છે. ધર્મ વિના જ સુખી થઈ શકાશે કે સદ્‌ગતિ મેળવી શકાશે, એમ માનવું એજ મોટું અજ્ઞાન છે.

'ધર્મના પાયા ઉપરજ આખું વિશ્વ વ્યવસ્થિત ચાલી રહ્યું છે' એમ જ્ઞાની પુરુષોનું દઢ મંતવ્ય અને પ્રરૂપણ છે. તેથી તે ધર્મને તેઓ માત્ર જાણવાનો કે માનવાનો વિષય માનતા નથી, કિન્તુ આચરવાનો વિષય માને છે. ધર્મ સુખનું મૂળ છે, એમ જ્યારે કહેવાય છે, ત્યારે તે જાણેલો કે માનેલોજ ધર્મ નહિ, પણ આચરેલોજ ધર્મ સમજવાનો છે. ધાર્મિક શિક્ષણનો વિકાસ જોઈતો હશે, તો ધર્મ એ આચરવાની વસ્તુ છે, કેવળ ભણવાની જ નહિ, એ જાતનો નિર્ણય સૌથી પ્રથમ કરવો પડશે.

આપણી પાઠશાળાઓમાં ક્રિયાનાં સૂત્રોની પ્રથમ પસંદગી કરવામાં આવે છે, તેની પાછળ મોટું રહસ્ય છે. એક અંગ્રેજ કવિએ કહ્યું છે કે,

'Education is the haronius development of all our faculties'

બીજા એક વિદ્વાન અને વિચારશીલ લેખકે કહ્યું છે કે—

'The aim of education is not knowledge but action.'

કેળવણીનો ઉદ્દેશ માત્ર જ્ઞાન નથી, કિન્તુ ક્રિયા છે. સાચી કેળવણી તે છે કે—જે વડે આપણી બધી શક્તિઓનો, એક સરખો વિકાસ થાય.

ધાર્મિક કેળવણીનો હેતુ પણ તે જ છે. ધર્મનું શિક્ષણ કેવળ-શિક્ષણ ખાતર, ધર્મની

માહિતી (Infarmations) મેળવવા ખાતર, ન હોવું જોઇએ, પણ ધર્મવડે આપણાં જીવનને કેળવવા માટે હોવું જોઇએ. ધર્મવડે આપણા સમગ્ર-જીવનને ઉચ્ચ રૂપાન્તર આપવા માટે ધર્મક્રિયા અને એ માટે રચાએલાં ખાસ સૂત્રોના અધ્યયનની પ્રથમ જરૂર છે. દાખલા તરીકે ધર્મક્રિયા માટે રચાયેલાં સૂત્રોમાં સૌથી પ્રથમ સૂત્ર શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું છે. તે સૂત્રનું અધ્યયન કેવળ અધ્યયન માટે નહિ પણ તેનું સૂત્ર, અર્થ અને તદુભય સહિત કાળ, વિનય, બહુમાન અને ઉપધાન આદિ વિધિપૂર્વક અધ્યયન કરી, પ્રત્યેક કાર્યના પ્રારંભમાં વિઘ્નના નિવારણ માટે અને ઇષ્ટ સાધન માટે મંગળ તરીકે ઉપયોગ કરવાના હેતુએ છે; સમગ્ર જીવનમાં તેનો વિધિયુક્ત પ્રયોગ કરવા માટે છે. કહ્યું છે કે—

''भोयणसमअे सयणे; विबोहणे पवेसणे भअे वसणे
पंचनमुक्कारं खलु, सुमरिज्जा सव्वकालं पि ॥१॥

ભોજન-સમયે, શયન-સમયે, જાગવાના-સમયે, પ્રવેશ-સમયે, ભય-સમયે, કષ્ટ-સમયે અને સર્વ-સમયે ખરેખર પંચનવકારનું સ્મરણ કરવું જોઇએ.

જેમ નવકાર માટે તેમ ક્રિયા માટેનાં દરેક સૂત્રો માટે સમજવાનું છે. ગુરુવંદનસૂત્ર, ચૈત્યવંદનસૂત્ર, દેવવંદનસૂત્ર, પ્રતિક્રમણસૂત્ર, સામાયિકસૂત્ર, લોગસ્સસૂત્ર, કાયોત્સર્ગસૂત્ર, પચ્ચખ્ખાણસૂત્ર વગેરે પ્રત્યેક સૂત્ર કેવળ ભણવા માટે નથી, પણ ધર્મનું જીવનમાં પ્રત્યક્ષ આચરણ કરવા માટે છે. પૂજ્ય પુરુષો અને તેમનાં પ્રતિકોને વંદન એ ધર્મ છે, સમતાભાવ એ ધર્મ છે, પાપથી પાછા ફરવું એ ધર્મ છે, ત્યાગને જીવનમાં ઉતારવો એ ધર્મ છે, અને એ ધર્મજ સુખ, અને સદ્ગતિનું મૂળ છે, તેનું વિધિપૂર્વક જીવનમાં સેવન કરવા માટે સૂત્રની જરૂર છે, અર્થની જરૂર છે, તદુભયની જરૂર છે, એથી મન બંધાય છે, વાણી સુધરે છે, કાયા સન્માર્ગગામી થાય છે, પાપ રોકાય છે, પુણ્ય વધે છે, સુખ મળે છે, દુઃખ ટળે છે.

એક નવકારમંત્ર જેટલા નાનકડા સૂત્ર વડે મંગળનું આગમન થાય છે, અમંગળ દૂર જાય છે, તો ચૈત્યવંદન, દેવવંદન અને પ્રતિક્રમણની ક્રિયામાં આવતાં મોટાં સૂત્રોવડે તે કાર્ય વધુ પ્રમાણમાં કેમ ન થાય? અવશ્ય થાય. અને એ કરવા માટેજ સૂત્રોની રચના છે. અને સૂત્રોનાં અવલંબનપૂર્વક થતી ધર્મ-ક્રિયાઓ વડે સમગ્ર જીવન ધાર્મિક અંકુશમાં આવી જાય છે. આ એક પ્રકારની આધ્યાત્મિક કસરત છે. સૂત્ર, અર્થ, અને તદુભયના આલંબનપૂર્વક થતી પ્રત્યેક ધર્મક્રિયાની પાછળ, દેવ, ગુરુ અને ધર્મતત્ત્વનું બહુમાન અને આદરપૂર્વક આરાધનાઓ થાય છે. અને એ આરાધન વડે, જીવ-ક્રમશઃ આધ્યાત્મિક ઉન્નતિના શિખરે પહોંચે છે.

શારીરિક વ્યાયામનું જેમ શાસ્ત્ર હોય છે, પરંતુ એ શાસ્ત્ર વ્યાયામમાં કુશળતા મેળવવા માટે હોય છે, નહિ કે કેવળ શાસ્ત્રના પંડિત બનવા માટે. તેમ માનસિક વ્યાયામ કહો કે આધ્યાત્મિક વ્યાયામ કહો, તે માટે ક્રિયાના સૂત્રો છે. એ સૂત્રો વિધિપૂર્વકના માનસિક વ્યાયામ વડે આધ્યાત્મિક બળ કેળવીને આત્માની ગુપ્ત શક્તિઓ પ્રગટ કરે છે; સુષુપ્ત શક્તિઓને જાગૃત કરે છે. ધાર્મિક શિક્ષણની પાછળ રહેલું આ મહત્ત્વનું ધ્યેય કેવળ વિદ્યાર્થિઓના જ નહિ, પણ ધાર્મિક શિક્ષકોના લક્ષમાં પહેલું હોવું જોઇએ અને તેમના જીવનમાં ક્રિયાનાં સૂત્રોનો આ રીતે અમલ કરવાની ધગશ હોવી જોઇએ. એ વડે શિક્ષક પોતે જેટલો લાભ અનુ-

ભક્તો હશે, તેટલો તેને આ સૂત્રો ભણાવવાની ક્રિયામાં વધારે ઉત્સાહ જાગશે.

કેવળ શિક્ષકોજ નહિં પણ ધાર્મિક કેળવણીના ક્ષેત્રમાં રસ લેતી પ્રત્યેક વ્યક્તિએ ધાર્મિક ક્રિયા અને તેનાં સૂત્રોને આ દષ્ટિએ જોતાં શીખવું પડશે અને એ દૃષ્ટિ આવ્યા પછીજ ધાર્મિક શિક્ષણની ખરી ઉપયોગિતા ખ્યાલમાં આવશે.

ધાર્મિક શિક્ષણમાં ક્રિયાનાં સૂત્રોનું અધ્યયન કયા હેતુએ છે.? એ નક્કી કર્યા પછી તત્ત્વજ્ઞાનના ગ્રંથોનું અધ્યયન શા માટે છે.! એ પણ નક્કી કરવું પડશે. તત્ત્વજ્ઞાન પણ કેવળ તત્ત્વનું જ્ઞાન મેળવવા માટે નથી, પણ તે વડે ચિત્તની શુદ્ધિ–સાધના માટે છે, શુભધ્યાનની વૃદ્ધિ કરવા માટે છે. ધર્મક્રિયા વડે જેમ આત્માની સુષુપ્ત શક્તિઓને જાગ્રત કરી શકાય છે, તેમ તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે મોહ અને અજ્ઞાનનો નાશ કરીને આત્મામાં છુપાયેલાં અનંતજ્ઞાનને પ્રગટ કરી શકાય છે. કેવળ શ્રુતજ્ઞાન મેળવવા માટે કે મતિજ્ઞાનને વિકસાવવા માટેજ તત્ત્વજ્ઞાનનું અધ્યયન જૈન–શાસ્ત્રોમાં વિહિત થયેલું છે એમ નથી પણ એ વડે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીયાદિ કર્મોને ખપાવીને લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનને મેળવવાનો ઉદ્દેશ છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ શ્રી જ્ઞાનસાર પ્રકરણમાં આઠમા ત્યાગાષ્ટકના છઠ્ઠા શ્લોકનું વિવરણ કરતાં ફરમાવે છે કે "જ્ઞાનાચાર પ્રત્યે એમ કહેવું કે–જ્યાં સુધી તારા પ્રસાદથી તારૂં શુધ્ધપદ કેવળજ્ઞાન ન આવે ત્યાં સુધી મારે તારી સેવા કરવાની છે. શુદ્ધ સંકલ્પપૂર્વક સર્વ ક્રિયા લેખે લાગે, સંકલ્પહીન કર્મ ફળે નહિ."

"કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે જ્ઞાન ભણવાનું છે. ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિ માટે દર્શનાચારને સેવવાનો છે. યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ માટે ચારિત્રાચારને પાળવાનો છે શુકલધ્યાનના લાભ માટે તપાચારનું સેવન કરવાનું છે, અક્રિયપદની પ્રાપ્તિ માટે વીર્યાચારનું પાલન કરવાનું છે" શ્રી દશવૈકાલિકસૂત્ર, શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અને શ્રી સૂત્રકૃતાંગસૂત્ર, વગેરે આગમ–ગ્રંથોમાં જ્ઞાનનો અભ્યાસ માત્ર જ્ઞાનવૃદ્ધિ માટેજ છે, એમ ન કહેતાં ચિત્તસમાધિ માટે છે, એમ કહ્યું છે. સ્વાધ્યાયથી વૈરાગ્ય, વૈરાગ્યથી શુભધ્યાન, શુભધ્યાનથી ચિત્તસમાધિ, અને ચિત્તસમાધિથી સદ્ગતિ, એ જ્ઞાન અભ્યાસનું (અનન્તર અને પરમ્પર) ધ્યેય છે.

ભૌતિક વિજ્ઞાનની જેમ ધાર્મિક જ્ઞાનને પણ જો આપણે વિશ્વ–વસ્તુઓની માહિતિ મેળવવાનું જ એક સાધન માનીએ, પણ તે વડે ચિત્તસમાધિ અને સદ્ગતિ મેળવવાનું ધ્યેય ન સ્વીકારીએ તો તત્ત્વજ્ઞાન ભણવા માટે ખાસ કોઇ પ્રેરણા રહે નહિ, કારણ કે પદાર્થવિજ્ઞાનની ભૂખ તો આજની ભૌતિકવાદની કેળવણીથી પણ સંતોષાય છે. તત્ત્વજ્ઞાન મેળવવાની પાછળ એટલો સંકુચિત હેતુ નથી, પણ ઉદાત્ત હેતુ છે અને તે મનુષ્યને મળેલાં કરણોની શુદ્ધિ કરવા માટે અને પોતાની જાતના પોતે માલિક બનવા માટે ચિત્તમાં ઉત્સાહ જગાડે છે. અને એ રીતે તત્ત્વજ્ઞાન પણ સદાચરણમાં સહાયક બને છે. ક્રિયાના સૂત્રોની સાથે તત્ત્વજ્ઞાનને અંતરંગ સંબંધ છે. ક્રિયા એ સાધ્ય છે, તત્ત્વજ્ઞાન તેનું સાધન છે અને એ બંનેનું સાધ્ય કેવળજ્ઞાન અને મોક્ષ છે.

ધાર્મિક શિક્ષણના વિકાસ માટે શિક્ષકોમાં નવું જોમ પ્રગટે, તે માટે આ જરૂરી મુદ્દાઓ છે. એક તો ક્રિયાનાં સૂત્રો આધ્યાત્મિક વ્યાયામનાં સૂત્રો છે, એ દૃષ્ટિએ તેને જોતાં શિખવું અને તેનો શકય અમલ જીવનમાં કરવો તથા વિદ્યાર્થિ-

## સાભાર સ્વીકાર

નીચેનાં પ્રકાશનો અમને સમાલોચનાર્થે મલ્યા છે, જેનો અમે આભાર સ્વીકાર કરીએ છીએ !

**સિરિ જંબૂસામિ ચરિયં:**– સંશો૦ પૂ૦ આ૦ મહારાજશ્રી હેમસાગરસૂરીશ્વરજી મ૦ પ્રકા૦ ધનજીભાઇ દેવચંદ ઝવેરી. મૂલ્ય–૧–૮.

**પ્રશ્નોત્તર શતવિંશિકા:**– લે૦ પૂ૦ આ૦ મહારાજશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહા૦ પ્રકા૦ આર્યજંબૂસ્વામી જૈન–જ્ઞાન–મંદિર ડભોઇ. (ગૂજરાત) મૂલ્ય ૬ આના.

**વિવિધ પુષ્પવાટિકા ભાગ ૧લો:**– સંપા૦ સ્વ ઉપા૦ શ્રી દેવચંદ્રજી મહારાજ પ્રકા૦ શાહ જાદવજી લખમશી કચ્છ–પત્રી મૂલ્ય–૧. રૂ.

**આગમોધ્ધારક દેશના સંગ્રહ ભાગ** ૨. (પર્વ વ્યાખ્યાન સંગ્રહ) સંપા૦ પૂ૦ મુનિરાજશ્રી અમરેંદ્રસાગરજી મહારાજ પ્રકા૦ ધનજીભાઈ દેવચંદ ઝવેરી ૫૦–૫૪ મીરઝા સ્ટ્રીટ મુંબઈ–૩ મૂલ્ય–૩ રૂ.

**શ્રી જિનેંદ્ર સ્તવનાદિ કાવ્ય સંદોહ** ભાગ ૨ સંગ્રાહક–સંયોજક પૂ૦ ઉપાધ્યાયજી મહારાજશ્રી ચારિત્રવિજયજી ગણિવર પ્રકા૦ શ્રી આ. વિજયદાનસૂરિ ગ્રંથમાલા–ગોપીપુરા સુરત. મૂલ્ય રૂ. ત્રણ.

**શ્રી રૈવત દેવ–ગુરુ ગુણ કલ્યાણ પુષ્પમાલા:**–(ગહુંલ્યાદિ સંગ્રહ) સંગ્રાહક પૂ૦ મુનિરાજશ્રી રૈવતવિજયજી ગણિવર. પ્રકા૦ આર્યજંબૂસ્વામી મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિર ડભોઈ મુલ્ય ૧૨ આના

**આત્મ જાગૃતિ:**– લે૦ પૂ૦ મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ. મૂલ્ય ૧–૪–૦

**આગમોદ્ધારક પર્યુષણા અષ્ટાહ્નિકા વ્યાખ્યાન:**– સંપાદક પૂ૦ મુનિરાજશ્રી અમરેંદ્રસાગરજી મહારાજ. પ્રકાશક ધનજીભાઇ દેવચંદ ઝવેરી મુંબઈ-મૂલ્ય ૮ આના.

**શૌર્યનાં તેજ:**– (ચાર નાટકો) શ્રી મહુવાકર. પ્રકાશક પ્રવીણચંદ્ર પુલચંદ દોશી જૈન-ગુરૂકુળ પાલીતાણા.

**સુવર્ણ કંકણ:**– લે૦ શ્રી રતિલાલ દીપચંદ દેશાઇ. પ્રકાશક: જીવનમણિસદ્વાંચનમાળા હઠીભાઇની વાડી સામે, દીલ્હીદરવાજા બહાર, અમદાવાદ મૂલ્ય ૧–૦–૦

**ભગવાન મહાવીરદેવ:**– લે૦ શ્રી જયભિકખૂ પ્રકાશક: ઉપર મુજબ કિં. ૩ રૂ.

**સદ્વાચન શ્રેણી:**– લે૦ શ્રી જયભિકખૂ પ્રકાશક: ઉપર મુજબ કિં ૨–૮–૦.

**ઉત્તમ આરાધના સંગ્રહ:**– પ્રકાશક: શ્રી મુક્તિકમલ જૈનમોહનગ્રંથમાળા વડોદરા. સંઘવી શેઠ ફતેચંદ મોતીચંદ વખારીયા તરફથી ભેટ.

**નિત્યનોંધ:**– પ્રેરક: મુનિરાજશ્રી મૃગેંદ્ર મુનિજી પ્રકાશક: શ્રી ધુલીયા જૈનસંઘ. કિંમત ૪ આના.

**સદ્ગુણસૌરભ:**– લે૦ મુનિરાજશ્રી સદ્ગુણવિજયજી મહારાજ, પ્રકાશક: કલ્યાણજી વી.

---

આમાં કરાવવો. બીજું તત્ત્વજ્ઞાનના ગ્રન્થો કેવળ પદાર્થ વિજ્ઞાનની જેમ માહિતી મેળવવા માટે નથી, પણ ચિત્તની સમાધી તથા એકાગ્રતા કેળવવા માટે છે. ક્રિયાનાં સૂત્રો તથા તત્ત્વજ્ઞાનના ગ્રંથો એ બંનેનું અધ્યયન પરસ્પર પૂરક છે. જેમ જેમ ક્રિયામાં પ્રગતિ થાય તેમ તેમ તત્ત્વજ્ઞાનની ભૂખ વધે અને જેમ જેમ તત્ત્વજ્ઞાન વધતું જાય તેમ તેમ સમ્યક્ ક્રિયામાં આગળ વધવા માટે અધિક અધિક ઉત્સાહ આવતો જાય; એજ ખરેખરો ધાર્મિક શિક્ષણનો વિકાસ છે.

મહેતા મુંબઈ.

**પૂ૦ મુનિરાજશ્રી કીર્તિવિજયજી:**– લે૦ ધીરજલાલ ટોકરશી શાહ પ્રકાશકઃ શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈનજ્ઞાનમંદિર દાદર મુંબઇ તરફથી ભેટ

**શ્રી સંભવનાથ જૈન પુસ્તકાલય ફ્લોધી:**– (રાજસ્થાન) નાં હીંદી પ્રકાશનો (૧) **રાજા ભીમસેન હરિસેન ચરિત્ર:**– મૂલ્ય આઠ આના. (૨) **જિનગાયન મુક્તાવલી** ભાગ ૧ મુલ્ય ૪ આના (૩) **રાજા ધર્મકેતુ ચરિત્ર:**– મૂલ્ય ચાર આના. (૪) **રાજા-તેજસિંહ ચરિત્ર:**– કિ. ચાર આના (૫) **પદ્મકુંવર ચરિત્ર:**– કિંમત ૬ આના (૬) **મહાસતિ મૃગાવતી:**– મૂલ્ય ચાર આના

**શ્રી હિતવિજય જૈનગ્રંથમાલાનાં** હીંદી પ્રકાશનો.

(૧) **ભાગ્યકા ખેલ** મૂલ્ય ચાર આના (૨) **લાવ મેરા ટોકલા** મૂલ્ય ચાર આના (૩) **રાજા વિક્રમકે જીવનમેં ચાર બાતેં** મૂલ્ય ત્રણ આના (૪) **છેલ્લી સીખ** મૂલ્ય ચાર આના. આ ચારે પ્રકાશનોના લેખકઃ પૂ૦ મુનિરાજ શ્રી ભવ્યાનંદવિજયજી મહારાજ પ્રાપ્તિસ્થાનઃ શ્રી હિતસત્ક જ્ઞાનમંદિર મુ. પો. ઘાણેરાવ (રાજસ્થાન) (પો. ફાલના)

Arosary of thought pearls chandraprabhsagarji. Anand p p. Bhavnagar.

**અક્ષયનિધિ તપોવિધાન:**– સંપા૦ પૂ૦ મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ પ્રકાશક શ્રી આર્યજંબૂસ્વામી જૈન જ્ઞાનમંદિર, ડભોઇ, મૂલ્ય આઠ આના

આ બધાં પ્રકાશનોની સમાલોચના શ્રી અભ્યાસી દ્વારા ક્રમશઃ પ્રસિદ્ધ થશે.

**સંપાદક**

## વાર્ષિક લવાજમ ફક્ત આઠ આના વધે છે!

**સ**માજમાં જીવનોપયોગી વિવિધ પ્રકારનું સાત્ત્વિક, ચિંતનપ્રધાન હળવું સાહિત્ય વર્ષોથી પીરસતું 'કલ્યાણ,' આજે દર મહિને ૯ ફરમા આપે છે. જૈન સમાજમાં ફક્ત એક જ આ સામયિક છે, જે વિવિધ વિષયોનું રસભરપૂર વાંચન આપે છે.

**આજે** ભારતમાં ચોમેર દરેક વ્યવહારમાં મોંઘવારી અસહ્ય બનતી જાય છે. કાગળો, છાપ-કામ, તથા પ્રીન્ટીંગના દરેક સાધનોમાં તથા પોસ્ટેજમાં મોંઘવારી વધી રહી છે, 'કલ્યાણ' ના સંચાલનમાં આર્થિક દૃષ્ટિએ મોંઘવારીના કારણે ખર્ચો વધતો જ રહે છે. તે કારણે બે વિકલ્પ અમારી પાસે હતા, **કાં તો 'કલ્યાણ' નું વાંચન ઘટાડી દેવું" કે કાં તો લવાજમ વધારવું.** છેવટે વિચાર કરતાં એક વસ્તુનો નિર્ણય કરવો પડયો કે, વાંચન તો જે રીતે અપાઈ રહ્યું છે, તેમાં ઘટાડો કરવો યોગ્ય નથી, આથી ફકત **વાર્ષિક લવાજમ ફકત આઠ આનાનો વધારો કરવાનું નિશ્ચિત કર્યું છે.**

મહિને ફકત પોણા ત્રણ પૈસાનો વધારો એ 'કલ્યાણ' માં વિવિધ વિષયોને સ્પર્શીને આવતા મનનીય તથા હળવા સાહિત્યના રસ થાળની દૃષ્ટિએ કાંઇ ન ગણાય. દ્વિવર્ષીય, પંચ-વર્ષીય કે દશવર્ષીય સભ્યોના લવાજમમાં આથી કશો જ ફેર પડતો નથી. **ફકત વાર્ષિક ગ્રાહકો માટે હવેથી એટલે તા. ૧૫–૬–૫૭ થી 'કલ્યાણનું લવાજમ રૂા. ૫–૯–૦ અથવા**

**૫ રૂ. અને ૫૦ નયા પૈસા રહેશે. આ હકીકત સર્વ કોઇ ગ્રાહકો નોંધી લે !**

દર મહિને મનન, ચિંતન તથા પ્રેરણાદાયી રસપ્રદ વાંચન આપતા 'કલ્યાણ' ના શુભેચ્છકો અવશ્ય અમને અમારા સાહિત્ય પ્રચારમાં પોતાનો મહત્ત્વનો ફાળો આપશે.

**કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા**

*

## સહાય અને સહકાર

રૂ. ૧૦૧) વઢવાણનિવાસી શેઠ શ્રી રતિલાલ જીવણભાઇએ 'કલ્યાણ' ના સાહિત્ય પ્રચારની પ્રવૃત્તિને વેગ આપવા ભેટ આપ્યા છે.

રૂ. ૧૨, સુરેંદ્રનગરનિવાસી ભાઇ ધીરજલાલ નરશીદાસ તરફથી પોતાના સ્વર્ગીય પિતાશ્રી વોરા નરશીદાસ નથુભાઇના આત્મશ્રેયાર્થે ઉજવાએલ અઠ્ઠાઇ–મહોત્સવ પ્રસંગે ભેટ.

રૂ. ૧૧, લીંબડીનિવાસી સ્વ. કોઠારી ચંદુલાલ કેવળદાસના આત્મશ્રેયાર્થે તેઓના સુપુત્રો તરફથી ઉજવાયેલ અઠ્ઠાઇ–મહોત્સવ પ્રસંગે ભેટ.

ઉપરોક્ત ભેટ પૂ૦ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્ન પૂ૦ મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી પ્રાપ્ત થયેલ છે.

રૂ. ૧૧, શ્રી ગટમલ ચંપાલાલ રાજમહેન્દ્રી

રૂ. ૧૧, શ્રી વસ્તીમલ કહાજી ભીનમાલ

રૂ. ૧૧, શ્રી વિનોદચંદ્ર અમૃતલાલ પાલનપુર ડૉ. ડી. એચ. ભણશાલીની શુભપ્રેરણાથી

રૂ. ૧૧, મહેતા ત્રીકમલાલ ટોકરશી નવાડીસા ઉપર મુજબની શુભ પ્રેરણાથી

રૂ. ૧૧, શ્રી અભયકુમાર ગીરધરલાલ શ્રી સેવંતિલાલ વી. જૈનની શુભ પ્રેરણાથી

રૂ. ૧૧, શ્રી રીખવચંદ કચરાદાસ સંગમનેર શ્રી રીખવચંદ હાથીચંદની શુભ પ્રેરણાથી

રૂ. ૧૧, શ્રી ટોકરશી વેલજી સિદ્દાપુર

રૂ. ૩૦, શ્રી જી. ટી. મહેતા એન્ડ સન્સ ટાંગા શ્રી દામોદર આશકરણની શુભ પ્રેરણાથી

રૂ. ૧૩, શ્રી પુનમચંદ કરસનજી સંઘવી મબેયા ઉપરની શુભ પ્રેરણાથી

રૂ. ૧૩, શ્રી નંદલાલ ધરમશી દારેસલામ ઉપરની શુભ પ્રેરણાથી

રૂ. ૧૩, શ્રી છોટાલાલ એલ. દોઢીઆ મોમ્બાસા શ્રી જમનાદાસ લાલજીની શુભ પ્રેરણાથી

રૂ. ૧૩, શ્રી જયંતિલાલભાઇ નૈરોબી શ્રી ખીમજી દેવાની શુભ પ્રેરણાથી

રૂ. ૧૩, શ્રી લખમશી હેમરાજ અરૂશા

રૂ. ૧૩, શ્રી કેશવલાલ ડી. શાહ નૈરોબી શ્રી દેવસીભાઇ જીવરાજની શુભ પ્રેરણાથી

રૂ. ૧૧, શ્રી પી. ડી. જૈન એન્ડ બ્રધર્સ મુંબઇ. ૨

રૂ. ૧૧, શેઠ ગંભીરદાસ ભુદરદાસ રાધનપુર પૂ૦ પં. શ્રી કનકવિજયજી મ૦ ની શુભ પ્રેરણાથી

### લોગસ્સ હરિફાઇ

ઇનામી હરિફાઇનું પરિણામ આ અંકે પ્રગટ કરવાનું હતું પણ કેટલાક અનિવાર્ય સંજોગોને લઇને પરિણામ જાહેર કરી શકયા નથી એ બદલ હરિફાઇમાં ભાગ લેનારા ભાઇ–બ્હેનોની ક્ષમા પ્રાર્થીએ છીએ. આગામી અંકે જરૂર પ્રગટ થશે.

★

REGD. NO. B. 4925 KALYAN


## નવાં બહાર પડેલ પ્રકાશનો

મંગાવો !

| | |
|---|---|
| શત્રુંજય માહાત્મ્ય ભાષાંતર | ૮-૦-૦ |
| ભ૦ મહાવીરદેવ [વીશ ચિત્રો સાથે] | ૩-૦-૦ |
| સદ્બોધ વાંચનમાળા | ૨-૮-૦ |
| સિદ્ધવેતાલ ત્રણ ભાગ | ૧૫-૮-૦ |
| વેરના વમળમાં | ૨-૦-૦ |
| બારપર્વની કથા-પુસ્તક રૂપે | ૨-૦-૦ |
| જૈનદર્શન-હિન્દીમાં | ૪-૦-૦ |
| ત્રિશષ્ઠિશલાકાપુરૂષ-હિન્દીમાં | ૭-૮-૦ |
| સુવર્ણ કંકણ- | ૧-૦-૦ |
| ધર્મસંગ્રહ ભાષાંતર | ૮-૦-૦ |
| પચરંગી ફુલ (ધામી) | ૩-૦-૦ |
| ધર્મપરીક્ષાનો રાસ અર્થ સહિત | ૫-૦-૦ |
| કુમારપાળ ભૂપાળ ભા.૧-૨ | ૪-૮-૦ |
| મોતીશા શેઠ | ૨-૮-૦ |
| બંધન તૂટ્યાં ત્રણ ભાગ | ૧૩-૮-૦ |
| સંસ્કારની સીડી | ૧-૧૨-૦ |
| શૌર્યનાં તેજ (સંવાદો) | ૧-૪-૦ |
| ભારત જૈનતીર્થ દર્શન | ૧-૪-૦ |

**સોમચંદ ડી. શાહ-પાલીતાણા** (સૌરાષ્ટ્ર)


-: મુદ્રક : હીરચંદ જગજીવન શેઠ. કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ-પાલીતાણા :-